સ્વચ્છંદી કમળા.

અથવા.

વિષયી નારનો ચિતાર.

લખનાર.

A. B. R.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

Rasik & Co.

અમદાવાદ,

શ્રી "મુદ્રણકલામંદિર" લિમિટેડ—ખાડીઆમાં

મી. ગ. ઉ. ભટ્ટે છાપ્યું.

કિંમત રૂ ૦-૧૨-૦

પ્રસ્તાવના

અર્વાચીન સુધરેલી પ્રજામાં નાટકો—નવલકથાઓ—નોવેલો—વાર્તાઓ વીગેરે લખવાનો શોખ દિનપ્રતિદિન ઘણોજ વધતો જાય છે. હાલના યુવાનીઆઓ પ્રેમ શું ચીજ છે, તેનો કેવી રીતે ઉપયોગ થાય છે, તથા તે વિશેનું સંપૂર્ણ ગ્નાન નહિ ધરાવાતા હોવા છતાં પણ તેઓ પતંગીઆની માફક ઝંપલાય છે. તેમજ યુવાન સ્ત્રીઓ યુવાનીના મદના વેગમાં—મદનના પુરમાં તણાઇ એક ક્ષણિક સુખને માટે પોતાનુ અમૂલ્ય પતિવૃતપણું તજી વ્યભિચારીણી નીવડે છે અને અંતે તેનું પરીણામ કેવું ભયંકર નીપજે છે તે લખી વાંચકવૃંદની સેવામાં રજુ કરવાનો મારો વિચાર ઘણા દિવસથી હતો પરંતુ અવકાશની અવગડતાને લીધે અદ્યાપિ પર્યંત મુલત્વી રાખ્યો હતો.

આ મારો પ્રથમનોજ પ્રયાસ છે તેથી તેમાં ઘણી ખામીઓ રહી ગઇ હશે પરંતુ તે દરગુજર કરી જેવી રીતે હંસપક્ષી દુધ તથા પાણી બેઉ એકઠાં મળ્યા છતાં પણ ફક્ત દૂધનેજ ગ્રહણ કરી પાણીનો ત્યાગ કરે છે તેવીજ રીતે આ નાનકડી વાર્તામાંથી દુર્ગુણનો ત્યાગ કરી સદ્ગુણને ગ્રહણ કરશો તો મારી મહેનતને હું સફલ થઈ ગણીશ.

આ પુસ્તકમાં જે કાંઇ ખામી—ભુલ—ચુક રહી ગઇ હોય તે લખી જણાવવાથી મોટા ઉપકાર સહિત સ્વીકારવામાં આવશે.

લી. શેવક,

A. B. R.

સ્વચ્છંદી કમળા

અથવા

વિષયી નારનો ચિતાર.

દોહરો.

કમળા દુર્ગુણ દાખશો, વર્ણવું મળ્યા હજુર,
ભુલ ચુક સુધારીને, સદ્ગુણ ધરજો ઉર.

પ્રકરણ ૧ લું.

દશા તું છે ગજબ કરનાર—પળમાં તું કરે લાચાર.
અરે ઈશ શું ગતિ મારી–થયો હું હાય દુઃખી ભારી.
પળમાં રાય બને છે રંક—સમજી મન રહે નિઃશંક.

સૂર્યાસ્ત થયો, જાહેર રસ્તાઓ ઉપર પાણી છંટાયું. સાંજના સાત વાગ્યા. ચૈત્ર માસે મધ્યાન્હે તપતા સૂર્યના તાપથી કાયર થઈ ઘરમાં ભરાઇ બેઠેલા જુવાનીઆઓનાં ટોળાં, બાગમાં, નદી ઉપર અથવા કોઇ બીજી હવા ખાવાની જગાએ ફરવા જવા નીકળ્યાં. કોઇ પોતાની નિશાળના શિક્ષક વિશે, કોઈ પોતાના પરદેશ ગએલા મિત્ર વિશે, કોઇ પોતાની પતિવિષે, કોઇ પોતાની આશુક વિષે, અને કોઇ નાટક વિષે, એમ પૃથક પૃથક વાતો કરતા કરતા આનંદથી જતા હતા. કેટલાક ઉદાસ દેખાતા હતા, ત્યારે કેટલાક ઘણા આનંદી પણ માલૂમ પડતા હતા, અને પોતાની મરજીમાં આવે તે જગાએ ફરવાને હવા ખાવા જતા હતા.

પરંતુ તેમાંનો મોટો ભાગ નદી ઉપર બાંધેલા "એલીસ બ્રીજ" નામથી ઓળખાતા પુલ પર જનારનો હતો.

એ પુલ રાજનગરની પશ્ચિમમાં વહેતી સાબરમતિ નદી ઉપર ચોમાસામાં જા આવ કરવાને વટેમાર્ગુઓને અડચણ પડે નહિ, તેટલા માટે ઘણા મોટા ખરચે બંધાવેલો હતો. તે પુલ અગાઉ બાંધવામાં આવ્યો હતો, પરંતુ નદીમાં મોટી રેલ આવવાથી તૂટી ગયો હતો. અને હાલમાં થોડાજ વખત ઉપર બંધાઇ તૈયાર થયો હતો, તે પુલ ઉનાળામાં રાજનગરના નાગરીકોનું સાંજનું વિશ્રામસ્થાન હતું; પુરૂષો તેમાં મુખ્યત્વે કરીને જુવાન વિદ્યાર્થીઓ, સ્ત્રીઓ, વગેરે ત્યાં ફરવા આવતા હતા, અને મોડી રાત સુધી ત્યાં ગપ્પાં મારતા હતા. અત્યારે પુલ પર છંટાકાવ થઇ ગયો હતો, દીવા બત્તીનો સમય થવાથી દીવા પણ થઇ ગયા હતા, અને આઘેથી જોતાં તે દીવાની એક સરખી હાર ઘણીજ રળીઆમણી લાગતી હતી. કેટલાક જુવાનીઆઓ આમ તેમ ફરતા હતા, કેટલાક પુલના ભૂંગળા ઉપર ઉભા કરેલા પાટ ઉપર બેશી ગપ્પાં મારતા હતા, કેટલાક રસ્તે જનારાઓની મશ્કરી કરતા હતા અને અનેક તરેહની બીજી ગમ્મતોમાં ભાગ લેતા હતા. આજે હવા પણ શાંત હતી, અને હમેશ કરતાં જુવાનીઆનાં ટોળાં વધારે નજરે પડતાં હતાં.

તે વખતે એક તરૂણ કોઇ પણ શોબતી વિના આમ તેમ ઉદાસ ચ્હેરે ફરતો હતો. અને કોઇ અમુક વાત ઘણાજ થોડા વખત ઉપર બના હોય, તે વિષે મનમાં વિચાર કરતો હોય તેમ લાગતો હતો એવામાં ત્યાં આગળ ફરવા આવેલા જુવાનીઆઓમાંનું એક ટોળું ફરતું ફરતું તેની પાસે આવી ચઢ્યું, અને તેમાંથી એક જણે કહ્યું—ઓ ! હો ! મનુભાઇ આજે તો તમો વહેલા આવ્યા દીસો છો ને શું ?

મનુભાઇ—હા, કુસુમચંદ્ર આપનું કહેવું ખરૂં છે. કેમકે આજે ફુરસદ જરા વહેલી મળી, અને હવા જરા વધારે ઠંડી હતી, તેથી આજે વહેલો આવ્યો છું.

કુસુમચંદ્ર—વારૂ ! ઠીક. પરંતુ કાંઇ નવા જુની ?

મનું—કાંઇ નવા કે જુની.

કુસુમ૦—ઠીક. મનુભાઇ ચાલો આમ ફરવા આવો છો કે ?

મનું૦—માફકરો ભાઇ સાહેબ હું હમણાંજ એ બાજુએથી ફરતો ફરતો અત્રે આવી પહોંચ્યો છું, તમો જઇ આવો હું અત્રે આપની રાહ જોઉં છું.

કુસુમ૦—વારૂ, જેવી તમારી મરજી. પરંતુ તમો અમારા આવતાં પહેલાં જતા ના રહેશો આપણે બધા સંગાથે ઘર તરફ જઇશું.

મનું૦—ઠીક.

મનુભાઈ તેમની જગાએ ઉભારહ્યા અને આવેલું જુવાનીઆઓનું ટોળું આગળ ચાલ્યું. ચાલતાં ચાલતાં કુસુમચંદ્રને અનેક તરેહના વિચારો ઉત્પન્ન થવા લાગ્યા. કોઇ દિવસ મનુ ના ન પાડે અને આજે ના કેમ પાડી હશે ? શું આજે તેની તબીઅત સારી નહિ હોય ! શું તેને ઘર આગળ આજે તકરાર તો નહિ થઈ હોય; વળી હું આપની રાહ જોઉં છું એ શું ! તે મારી એકલાની રાહ શા માટે જુએ ! આ બધા મારી સાથે હતા તેમની સાથે કાંઈ વાત પણ કરી નહિ, વીગેરે પૃથક પૃથક વિચારોએ કુસુમચંદ્રનું મસ્તિક ભમાવ્યું, અને પોતે પોતાના મિત્રોની સાથે ચાલે છે તેનું પણ તેને ભાન રહ્યું નહિ. અને તેમની સાથે મનમાં એકલો વિચાર કરતો ગાંડા હાથીની માફક પુલ પર ફરવા લાગ્યો.

કુસુમચંદ્ર અને તેના સોબતીઓ ગયા એટલે મનુભા-

મના પહેલાંના વિચારે તેનું મસ્તિક ભમાવ્યું. આંઝળિયાં ભરાઈ આવ્યાં, અને બોલ્યો! કુસુમ! કુસુમ! મેં તારી શિખામણ ન માની અને અતે ફસાયો. મને હવે ઉગારનાર તારા સિવાય કોઈજ નથી. મારૂં, મારી આબરૂનું અને દુકાનમાં મારી સઘળી ચીજનું રક્ષણ કરવું તારીજ ઇચ્છાનુંસાર છે. પણ શું કરૂં! મારૂં શામ મોં હું તને શું બતાવું.અરે કમળા! અરે વિષવેલી કમળા! અતે તેંજ મને ફસાવ્યો અરે ફસાવ્યો તો ફસાવ્યો પણ મને તેં કશામાં પણ ન રાખ્યો! ધોબીનો કુતરો નહિ ઘરનો કે ઘાટનો તેમ મારે પણ થયું. અરે આ વાત હું કોને કહું, અને કોને ના કહું! જ્યાં સુધી મારી પાસે પૈસો હતો ત્યાં સુધી તેં મને પ્રેમ બતાવ્યો.પૈસો ખૂટ્યો એટલે પ્રેમ પરવાર્યો.જો મને આવી ખબર હોત તો મારા પ્રિય કુસુમ! હું તારી સલાહ કેમ નહિ માનત? એ તો ખરૂંજ કે જ્યારે અનિષ્ટથવાનું હોય ત્યારે કોઇ આપણને સારી શિખામણ દેવા આવે, પરંતુ આપણે તેને ધિક્કારી કાઢીએ, અને જ્યારે ફસાઇએ ત્યારેજ ઠેકાણે આવીએ. એ આજે ખરૂં પડયું. કમળા! તેં આ મને શીખવ્યું. તું મારો ગુરૂ થઇ. અરે રંકપ્રસાદ તેં પણ કાંઇ બાકી નહિજ રાખ્યું. મેં તારા ઉપર વિશ્વાસ રાખ્યો તેનું તેં મને બરાબર ફળ આપ્યું.અરે તેં પણ તે અબળાને પ્રબળાજ કરી. તું તેને મળી ગયો, અને મને ફસાવવાનું હથિયાર થયો. હશે. જે થયું તે ખરૂં પરંતુ ગઇ ગુજરી સંભારવાથી શું ફાયદો? અરે પ્રભુ આ વખતે મને બચાવ! મને બચાવ! તારી સહાયથી અને કુસુમની બુદ્ધિથી બચ્યું તો બચ્યું."

આવા આવા વિચારોએ મનુભાઇના મસ્તિકને ગુંચવારામાં નાંખ્યું હતું, તે વખતે કુસુમચંદ્ર, પોતાના મિત્રના વિચારમાં

મશગુલ, પોતાના સોબતીઓ સાથે ફરતો હતો, તે કાંઇ વિ-ચાર સૂઝતાં બહાનું કાઢી તેમનાથી છુટો પડયો. અને "તા-રી સહાયતાથી અને કુસુમની બુદ્ધિથીજ બચ્યું તો બચ્યું" એ વાક્ય પુરૂં થયું તે વખતે ત્યાં આવી ચઢયો. અને મ-નુને પોતાના વિચારમાં મશગુલ અને આંખમાં ઝળઝળીઆં જોઇને ગદગદ કંઠે બોલ્યો—"મનુ! પ્રિય મનુ! આ શું! આ આંખમાં આંસું શાં! શું ઘેલો થયો! રૂએ છે શું! ચાલ સાવધ થા! આમ છેક કાયર કેમ બની ગયો! હમણાં બી-જા અહીં આવી ચડશે, તે નાહક તારી મશ્કરી કરશે અને વળી દુઃખ દેશે."

મનુભાઇ કુસુમને પોતાની પાસે ઓચિંતો આવેલો જો-ઇને ગભરાયો. અને ગભરાટમાં અને ગભરાટમાં બોલ્યો— "ભાઇ કુસુમ, મને બચાવ! મને બચાવ! હું તો તદન ફ-સાયો છું અને તેમાંથી મને મુક્ત કરાવવો તારાજ હાથમાં છે."

મનુનું દુઃખ જોઇ કુસુમનો ચ્હેરો ફિક્કો પડી ગયો, અને દીનવદને બોલ્યો—"ભાઇ મનુ શાંતથા. આમ ગભરાએ છે શું? ચાલો આપણે ઘેર જઇને બધી વાતચીત કરીશું. અહીં એક શબ્દ પણ બોલીશ નહિ. સાવધ થા. જો આપણા સોબતીઓ આપણને શોધતા શોધતા અત્રે આવી ચઢયા, તેની સાથે વાતચીત કર, આમ છેક નરમ કેમ બની જાય છે?"

મનુએ આંસુ લોહી નાંખ્યાં અને સાવધ થયો. કુસુમ ઉપર પ્રમાણે ધીરજ આપે છે એટલામાં તેમના સોબતીઓ ત્યાં આવ્યા અને કુસુમ પ્રત્યે બોલ્યા કુસુમભાઇ અમોએ તમોને બહુજ શોધ્યા પરંતુ તમો મળ્યાજ નહિ. એટલે તમો-ને ખોળતા ખોળતા અહીં આવી ચઢયા, ત્યારેજ તમારો પત્તો લાગ્યો. હવે વખત બહુ થયો છે, માટે ચાલો ઘર તરફ પા-છા ફરીએ." એમ કહી બધાએ ચાલવા માંડયું તેની સાથે આપણા આ પહેલા પ્રકરણનો પણ અંત આવ્યો.

પ્રકરણ ૨ જું.

કુસુમચંદ્રના પિતા રાજનગરમાં ઉદિચ્યસહસ્ત્રબ્રાહ્મણ ગ્નાતિના એક પ્રતિષ્ઠીત ગૃહસ્થ હતા.પ્રથમ તેઓ કાઠિયાવાડમાં નોકરી કરતા હતા.પરંતુ હાલમાં ઉમ્મર થવાથી પેન્શન મળતું હતું. હાલમાં તેઓ કાઠિયાવાડ છોડીને રાજનગરમાંજ રહેતા હતા. તેમને ત્રણ છોકરા હતા. તેમાં સૌથી મોટો કુસુમચંદ્ર હતો. સ્વાભાવિક રીતે મોટા છોકરા કરતાં નાના ઉપર માબાપની પ્રીતિ વધારે હોય છે, તેમ કુસુમચંદ્રના ઘરમાં પણ હતું. કુસુમચંદ્ર ભણેલો તથા બુદ્ધિશાળી હતો.તેથી મનમાં કાંઇ વ્હેમ અથવા અદેખાઇ રાખતો નહોતો. હાલમાં તેની ઉમ્મર આશરે સત્તર અથવા અરાઢ વર્ષની હતી, અને તે મેટ્રીકયુલેશનની પરીક્ષામાં બેસવાને ઘણોજ ઉત્કંઠિત હતો તેથી તે રાત્રિ દિવસ ઘણીજ મહેનત કરતો હતો. મનુભાઇ તથા કુસુમચંદ્ર એકજ નિશાળમાં સાથેજ વિદ્યાભ્યાસ કરતા હતા, અને સાધારણ રીતે મનુભાઇને બીજા બધા કરતાં સારો પરિચય હોવાથી ગાઢ મિત્રાઇ બંધાઇ હતી. કુસુમચંદ્ર ભણવામાં હોશિયાર હતો અને તેણે ઘણાં ઘણાં ઇનામો મેળવ્યાં હતાં. હાલમાં તેણે મેટ્રીકયુલેશનની પરીક્ષા પસાર કરી હોત, પરંતુ વચમાં તેને ખરાબ સોબત મળવાથી તેણે બે વરસ નકામાં ગુમાવ્યાં હતાં. કહેવત છે કે “ સોબત તેવી અસર. ” આવ્યા વિના રહેજ નહિ. નીચની સોબત કરવાથી ઉંચને હાની છે, પરંતુ ઉંચની સોબત કરવાથી નીચને કાંઇ ખોવાનું નથી. તેમ બિચારા કુસુમચંદ્રને પણ થયું હતું. જો કે તે હોશિયાર તથા બુદ્ધિશાળી હતો, તોપણ તે બિચારો તેના ખરાબ મિત્રોની ખરાબ સલાહથી આડે રસ્તે દોરાયો, પોતાનો અભ્યાસ પણ છોડયો, અને અંતે ફસાયો

તથા ખરાબ થયો. ભાવિ આગળ કોણ બળવાન છે ? વિધાત્રાના લેખ આગળ કોઇનું પણ ચાલતું નથી. તેને ઘેર વાત આવી. ઘરમાં ભાર વકર ઓછો થયો. વળી બહાર પોતાની ફજેતી થશે. ન્યાતીના લોકો હસશે, અને પોતાની આબરૂ જશે એ વિચારથી ડરીને અંતે ઠેકાણે આવ્યો. ટુંકામાં તેણે દુનિઆના ઘણા ખરા રંગ જોયા હતા. અને ભવિષ્યમાં એવી નજીવી ભુલ ફરીથી થાય નહિ તેને માટે અગાઉથી સાવધ રહેતો. તેના મિત્રો જ્યાં સુધી તેની પાસે પૈસો હતો ત્યાં સુધી તેને બોલાવતા, તથા ખુશામત કરતા. તેઓ તેને ત્યાં આવતા, તથા પોતાના સ્વાર્થને માટે બિચારા કુસુમને આડું દોઢું સમજાવતા, પરંતુ બિચારો કુસુમચંદ્ર ભોળો હતો તેથી વિશ્વાસે રહેતો હતો અને તેમનાં કપટ તે સમજતો નહોતો. તેના મિત્રો જોકે સ્વાર્થીલા હતા, તોપણ તેને માટે તેઓના મનમાં થોડી ઘણી લાગણી હતી. કુસુમ તેઓને કોઇ કોઇ વખતે નાણાંની મદદ કરતો હતો, અને છેવટે પોતાની પાસે નહોય ત્યારે બીજાની પાસેથી પણ અપાવતો હતો, પરંતુ પોતાના મિત્રની આફત જોઇ બીજાની માફક ઘરમાં નિરાંતે બેસી રહેતો નહોતો. તે કહેતો કે—"શું હું મરવા પડયો છું કે મારા છતાં મારા મિત્રો પીડાય ? જ્યાં સુધી મારામાં તેમને મદદ કરવાની શકિત છે, ત્યાં સુધી હું મદદ કરીશ." તે બીજાની ઉપર કોઇ પણ જાતનો વિશ્વાસ રાખતો નહિ. પરંતુ તે પોતાનું સઘળું કામ પોતાનીજ હિંમત ઉપર કરતો.

એક વખતે એવું બન્યું કે, કુસુમચંદ્રને કાંઇ કામ સારૂ વડોદરે જવું પડયું. અને ત્યાં ચાર પાંચ દિવસ રહ્યો. કામ પુરૂ થએ તે રાજનગર પાછો ફર્યો, અને જે દિવસે તે

પાછો આવ્યો, તેજ દિવસે તેનો એક મિત્ર તેની પાસે આવ્યો અને દીનવદનથી કુસુમચંદ્ર પ્રત્યે બોલ્યો–"કુસુમચંદ્ર ! હાલમાં મારે થોડા રૂપીઆની જરૂર છે માટે આપવા કૃપા કરશો તો આપની મોટી મહેરબાની." બિચારો કુસુમ વડોદરેથી આ-જેજ આવ્યો હતો, તથા તેની પાસે પોતાના ખાનગી રૂપી-આ પણ થઈ રહ્યા હતા તેથી તે દીલગીર થયો. પોતાના મિત્રને માથે આફત આવેલી જોઇ તેનું અંતઃકરણ ભરાઇ આ-વ્યું.તેની પોતાની પાસે કાંઈ નહોતું, પરંતુ ગમે તેમ કરી તેને મદદ કરવી એમ દૃઢ નિશ્ચય કરી ઉઠયો અને કપડાં પહેર-વા લાગ્યો. કપડાં પહેરી પોતાના મિત્રને સાથે લઇને પોતાના ઓળખીતા મદનપાળ કાંથીઆને ત્યાં ગયો. અને તેને એ-ક વરસ દિવસની મુદતે રૂપીઆ અપાવ્યા. અને જો તે ન આપેતો પોતે આપવાને બંધાયો. દિવસ પર દિવસ થયા, તે મિત્રનું કામ થયું, મુદત પુરી થઇ તોપણ પેલા ભાઇ સાહેબ હજુ રૂપીઆ ભરી આવ્યા નહિ. અંતે એક દિવસે મદનપાળ કુસુમંદ્રને ઘેર ગયો, અને રૂપીઆની ઉઘરાણી ક-રી. બિચારો કુસુમ ગભરાયો.

પણ શું કરે ! પોતે સાક્ષી થયેલો હતો તેથી લાચાર! તે દિવસે મદનપાળને સમજાવી ઘેર પાછો મોકલ્યો. અને બીજે દિવસે કુસુમચંદ્ર પોતે જે મિત્રને તેણે રૂપીઆ અ-પાવ્યા હતા, તેને ઘેર ગયો. ત્યાં તેનું અપમાન થયું, અને ભ્હીલે મોઢે પાછો ફર્યો. પોનાની આબરૂ હવે શીરીતે સા-ચવવી તેના વિચારમાં પડયો. પોતે આવા કામમાં વચ્ચે રહ્યો તેથી પસ્તાવા લાગ્યો. પરંતુ અંતે કાંઈ યાદ આવતાં મદન-પાળને ઘેર ગયો, અને થોડા દિવસનો વાયદો કરી તેને શાંત પાડયો. મદનપાળનો કુસુંમચંદ્ર ઉપર સંપૂર્ણ વિશ્વાસ હતો, તેથી તેણે કબુલ કર્યું અને તેને થોડા દિવસની મુદત આપી;

પરંતુ કુસુમના નશીબમાં એથી પણ વધારે ભોગવવાનું હતું, તે કોણ મિથ્યા કરી શકે તેમ છે? તે અરસામાં કુસુમચંદ્રને તેની જન્મગાંઠને દિવસે તેના મામા તથા સાસરા તરફથી આશરે સો સવાસો રૂપીઆ મળ્યા. તેમાંથી કુસુમે એક સુંદર સુવર્ણ મુદ્રિકા ઘડાવી, જેની કિંમત આશરે એંસી રૂપીઆ થઇ, બાકીના રૂપીઆમાંથી મદનપાળને આપવાના રૂપીઆ રાખી—પોતે ખરચ્યા. મદનપાળને આપવાના રૂપીઆનું પાકીટ તેણે ઠેકાણે મૂકયું, તે તેના એકમિત્રે જોયું. પરંતુ તે વખતે તે કાંઈ બોલ્યો નહિ. જ્યારે બધા રજા માગી ઘેર ગયા, ત્યારે તેમની સાથે પેલો પણ ગયો. પરંતુ તેની નજર પેલા રૂપીઆપર પડી હતી અને તેથી તેની દાનત બગડી હતી. તરતજ તે કાંઈ બ્હાનું કાઢી તેમનાથી જૂદો પડયો અને કુસુમના ઘર તરફ પાછો ફર્યો. કુસુમચંદ્ર પોતાના મિત્રોના ગયા પછી તરતજ કાંઇ જરૂરી કામને માટે બહાર ગયો હતો. જવાનું બારણું ઉઘાડું હતું ત્યાંથી પેલો નીચ—નીમકહરામી—ચોર મિત્ર પેઠો—ઉપર ગયો અને મૂકેલે ઠેકાણેથી યુક્તિસર રૂપીઆ કાઢયા. રૂપીઆ લેઇને તરતજ પોતાને ઘેર તાકીદે ગયો. રૂપીઆ મૂકયા. અને પછી પોતે પુલપર ગયો ત્યાં તેના બીજા મિત્રો મળ્યા. કુસુમ પણ પોતાનું કામકરી ત્યાં આવ્યો અને તેમને મળ્યો અને આનંદમાં ભાગ લેવા લાગ્યો. તેને બિચારાને રૂપીઆ ચોરાયાની કાંઈ ખબર નહોતી, ત્યાં થોડીવાર સુધી બેસી વાતચીત કરી સૌસૌને ઘેર ગયા. બીજે દિવસે મુદત પૂરી થતી હતી તેથી કુસુમચંદ્રે રૂપીઆ આપવા જવાનો વિચાર કરી પેટી ઉઘાડી. પરંતુ રૂપીઆ મળે નહિ. તેથી તે ગભરાયો. રૂપીઆ કયાં ગયા અને કોણે લીધા હશે તે પોતના મનમાં કલ્પવા લાગ્યો; પ-

રંતુ કાંઈ સૂઝયું નહિ. ઘરનાં માણસોને બોલાવી પૂછી જોયું અને ખાત્રી કરી. રૂપીઆ પેટીમાં, ટેબલમાં અથવા બીજે કોઈ ઠેકાણે મૂકયા હોય તો જડે પરંતુ ચોરીમાં ગએલા રૂપીઆ કયાંથી જડે ? તેણે ઘરમાં દરેક ઠેકાણે તપાસ કરી. પણ પત્તો લાગ્યો નહિ. અંતે થાકીને મદનપાળને ત્યાં ગયો અને પોતાની વીંટી મૂકી પોતાની થતી ગેર આબરૂમાંથી બચ્યો.

એક દિવસે તેને તેના સાસરે જમવા જવું પડયું, ત્યાં જમતી વખતે તેના હાથે વીંટી નહિ હોવાથી ઘેર આવીને તેના નાના ભાઈએ પિતાને વાત કરી. તેમણે તેને બોલાવી સર્વ પૂછયું. કુસુમે તે વખતે વાત ઉડાવી. પરંતુ પછીથી શો જવાબ દેવો તે વિષે વિચારમાં પડયો. તેણે કપડાં પહેરી પોતાના મિત્રોને ત્યાં રૂપીઆ લેવા જવાનો નિશ્ચય કર્યો. રૂપીઆ મળવાની આશાથી તે પોતાના મિત્રોને ત્યાં ગયો પણ જ્યાં જાય ત્યાં સર્વ બ્હાનાં કાઢી મદદ કરવા નાપાડે. છેવટે જેમને તેણે ઘણીખરી વખતે મદદ કરેલી તેમણે પણ ના પાડી, ત્યારે અંતે તે મનુને ત્યાં આવ્યો. મનુએ તેને પોતાથી બની શકી તેટલી મદદ કરી. અને બાકીના પોતાની પત્નિ વસંતગૌરી પાસેથી લઈ, મહામુશીબતે વીંટી છોડાવી. કુસુમચંદ્રે પિતાને વીંટી બતાવી ખુશી કર્યા, ત્યારથી મનુની તથા કુસુમની મિત્રતા દિનપ્રતિદિન વધતી ચાલી, અને આખરે બંનેને ગાઢ મિત્રતા બંધાઇ. કુસુમચંદ્રે હાલમાં પોતાના ઘણાખરા મિત્રોને તજી દીધા હતા. અને પોતે પોતનાં અમૂલ્ય બે વર્ષ નકામાં ગુમાવ્યાં હતાં તેને માટે તે મનમાં બહુ પસ્તાતો હતો. પણ "જીવતો નર ભદ્રા પામે" એ કહેવતને અનુસરીને હિંમત નહિ હારતાં તે નિશાળમાં

દાખલ થયો હતો, અને મેટ્રીકયુલેશનની પરિક્ષામાં બેસવાને માટે ઘણીજ મહેનત કરતો હતો.

વસંતગૌરી એક આબરૂદાર ગૃહસ્થની છોકરી હતી. તે ભણેલી તથા ડાહી હતી. તે કદી અસંતોષી રહેતી નહિ. તેનો કુસુમચંદ્ર પ્રત્યે ઘણોજ પ્રેમ હતો, તેમ કુસુમચંદ્ર પણ પોતાની પ્રિયાને તેણીના ઉદાર ગુણોને લીધે ઘણોજ ચહાતો. કુસુમચંદ્રનું સાસરૂ મનુભાઈની પોળમાં હતું. કુસુમચંદ્ર અને મનુભાઇ જ્યારે એકજ વર્ગમાં હતા, ત્યારે કુસુમચંદ્ર મનુભાઇને ઘેર ઘણી વખતે આવતો હતો. એકદિવસે વસંતગૌરીના પિતા હિરાલાલની નજર કુસુમ ઉપર પડી, અને તેણે મનુને એકાંતમાં બોલાવી સર્વે હકીકત પૂછીજોઇ. કુસુમની હકીકત સાંભળી તે ઘણો ખુશી થયો. પોતાની આખી જ્ઞાતિમાંથી પોતાની પુત્રી વસંગૌરીને યોગ્ય તો સૌ કરતાં કુસુમજ તેની ધ્યાનમાં આવ્યો.સાંજે તેણે ઘેર આવી પોતાની પત્નિને વાત કરી. તે પણ તે વાત સાંભળી ખુશીથઇ અને ચાંલ્લા કરવાનો દિવસ નક્કી કરી બીજે દિવસે કુસુમના પિતાને જણાવી સગાઇ કરી. ત્યારપછી થોડે દિવસે લગ્નલીધાં. વસંતગૌરી સાસરે આવતી જતી થઇ. બંને ભણેલાં તેમજ સમજુ હતાં. તેથી એની વચ્ચે ગાઢ પ્રિતિ બંધાઇ. વસંતગૌરી કુસુમચંદ્રને તેના નાદાન દોસ્તોથી સાવધ રહેવાને ઘણી વખતે ચેતવણી આપતી, પરંતુ તે ગણકારતો નહી અને કહેતો કે “તું તો વહેમી છે.” તેનો સ્નેહ વસંતગૌરી ઉપર સંપૂર્ણ હતો, તેમ વસંતગૌરી પણ તેને કોઇ વાતથી પજવતી નહીં. પણ જેમ તે પોતાના પતિના સુખમાં ભાગ લેતી, તેમ તેના દુઃખમાં પણ ભાગ લેવા તૈયાર રહેતી. કોઇ દિવસ કુસુમચંદ્ર દીલગીરીમાં હોય, ત્યારે તે ગભરાણી

અને કહેતી "વ્હાલા ? આજે આપ કેમ દીલગીર છો આપની દાસીને તે કારણ જાણવા ભાગ્યશાળી કરશો ? " આ પ્રશ્ન જ્યારે તે કરતી ત્યારે કુસુમ ઉત્તરમાં ફક્ત હશતોજ.

આજે શનીવાર હતો,અને કુસુમચંદ્રને વાળુ કરવું નહોતું તેથી પોતાના સસરા, સાસુ,દીયર વિગેરેને વાળુ કરાવી, વાસણ કુસણ ચાકર પાસે મંજાવી નવરી થઈ વસંતગૌરી કુસુમચંદ્રવાળી મેડીમાં પતિની રાહ જોતી બેઠી.એવામાં તેની બેનપણી હિરાલક્ષ્મી જે તેની નજીકમાંજ પરણેલી હતી,તેણે કાંઈ કામ સારૂ વસંતગૌરીને બૂમ પાડી.નીચે જઈ બારણું ઉઘાડી તેને ઉપર લઇ જઇને પોતાની મેડીમાં બેસાડી.પોતે તેની પાસે બેઠી,વાતચીત કરી હિરાલક્ષ્મી ગઈ તેને નીચે સુધી વળાવી આવી બારણું બંધકરી ઉપર આવી બેઠી. હિરાલક્ષ્મીના ગયાપછી વસંતગૌરી એકલી પડી,અને કુસુમને આવવાનો સમય વિત્યો પણ હજુ આવ્યો નહોતો,તેથી તેના વિશે તેને ઘણા ઘણા તર્ક વિતર્ક ઉત્પન્ન થયા "હજુસુધી કેમ નહિ આવ્યા હોય વારૂ? શું રસ્તામાં કાંઇ અડચણ તો નહિ પડી હોય ? કોઇ બીજે ઠેકાણે તો રોકાયા નહિ હોય? શું નાટક જોવા ગયા હશે ?" વિગેરે અનેક તરેહના વિચારો તેના મનમાં ઉઠતા હતા વળી વખત પણ ઘણો થવાથી અને એકાંતમાં હોવાથી તેને બગાસાં આવવા માંડયાં તથા ઉંઘનાં ઝોકાં પણ આવવા લાગ્યાં.એટલામાં કોઇએ બારણું ખખડાવ્યું ખડખડાટ સાંભળી નીચે જઇ બારણું ઉઘાડયું. બારણું ઉઘડતાંજ કોઇ ચીજ ઘણે દિવસે જોવામાં આવી હોય અને તેને જોઇ જેમ ખુશી થઇએ તેમ ખુશી થઇ તે બોલી. " ઓ! હો ! આજે તો ધન્ય ભાગ્ય કે મનુભાઇ તમોએ અમારે ત્યાં પધારી આમ રંકનું ઘર પાવન કર્યું. કેમ ખુશીમાં તો છો ? "

મનુભાઇ સ્મિત હાસ્ય કરી બોલ્યા હા, ભાભી સાહેબ આપની તથા પ્રિય કુસુમચંદ્રની કૃપાથી ખુશીમાંછું.

મનુ તથા કુસુમ ઉપર ગયા અને કપડાં કાઢી ખુરશી ઉપર બેઠા વસંતગૌરી પણ પાછળથી બારણું અડકાવી ઉપર ચાલી, પાણીનો કુજો (ચંબુ) લાવી બંને મિત્રો બઠા હતા તેમની પાસે લાવીને મૂકયો અને એક કોરાણે ઉભી રહી. બંને મિત્રો પાણી પીશાંત થયા, અને પોતાની વાત શરૂ કરી. અને વસંતગૌરી આઘે ઉભી ઉભી સાંભળવા લગી.

બીજા મિત્રોથી જુદા પડયા પછી આ બંને મિત્રો વચ્ચે રસ્તામાં આવતાં આવતાં ઘણી ખરી વાતચીત થઇ, હજુવાત પુરી થઈ નહોતી એટલામાં કુસુમનું ઘર આવતાં વાતમાં ભંગ પડયો. વાતમાં જે ભંગ પડયો હતો—તે હવે પાણી પીધા પછી શરૂ કરીને કુસુમ બોલ્યો-"ભાઇ મનુ જયારે આ વાત થઇ ત્યારે રંકપ્રસાદ હાજર હતો?

મનુ૦—હા ભાઇ તે પણ હાજર હતા. જ્યારે તેણે ઉશ્કેર્યો ત્યારેજ મેં તે નીચ કર્મ કર્યું. મને ખબર નહોતી-કે તેણે દારૂ પીધો હશે અને આમ છેક બે ભાન હશે?

કુસુમ૦—ત્યારે તો તેં બહુજ મોટી ભુલ કરી. દારૂડીઆનો વિશ્વાસ કરી તથા તેની દોસ્તી કરી સાથે ફર્યો માટે તારેતો અવશ્યે તે ભોગવવુંજ પડશે.

મનુની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં અને ગદગદ કંઠે બોલ્યો. ભાઇ કુસુમ ત્યારે શું તું પણ મને આ આફતથી બચવાનો કાંઇ પણ ઉપાય આ વખતે બતાવતો નથી? શું તું પણ આમ છેક નિર્દયજ થાય છે? તું જ્યારે આમ કરીશ, ત્યારે પછી મારી શી ગતિ થશે તેતો જરા વિચાર. મારા પિતાને હું શું મોં બતલાવીશ? મારી તને

કાંઇ દયા નથી આવતી ? એમ બોલતાં બોલતાં તે રડી પડયો.

જ્યારે આ વાત ચાલતી હતી ,ત્યારે વસંતગૌરી આઘે ઉભી ઉભી સાંભળતી હતી. પણ આમાંનું કાંઇ તે સમજી શકતી નહોતી. પરંતું જ્યારે મનુ રડી પડયો, ત્યારે તેનું હૈયું ભરાઇ આવ્યું અને વચ્ચમાં પુછ્યા વિના તેનાથી રહેવાયું નહિ. તે બોલી—પ્રાણનાથ એવી તે શી વાત છે કે મનુભાઇ જેવા કઠણ છાતીના માણસ પણ બાળકની માફક રડે છે, અને આપની મદદ માગે છે તો પણ આપ મદદ કરવા આનાકાની કરોછો ?

કુસુમ૦—વ્હાલી, તે વાત તદન જુદીજ છે. હવ બાજી હાથમાં રહી નથી અને તેમાં મારો કાંઇ પણ ઉપાય ચાલે તેમ નથી.

વસંત૦—પણ પ્રાણનાથ એવી તે શી મોટી વાત બની છે કે તેનો ઉપાય પણ નથી ? જો આપ મને કહેશો તો મારી બુદ્ધિ પ્રમાણે હું પણ થોડી ઘણી સલાહ આપીશ. જો કે આપના કરતાં મારામાં કાંઈ વધારે બુદ્ધિ નથી તોપણ આપ મિત્રના દુઃખથી ગભરાઇ ગયાછો અને તેથી તમારી બુદ્ધિ કાંઇ કામ કરી શકતી નથી. આપ મને કહેશો એટલે તમારા હૃદયનો ભાર ઓછો થશે, અને પછી તમોને કાંઇ ઉપાય પણ જડશે.

કુસુમચંદ્ર પોતાની પ્રિયાના મુખથી આવાં દિલાસાનાં વાકય સાંભળી ખુશી થયો, અને બોલ્યો—પ્રિયા ! મનુભાઇ કમળાની સાથે પ્યારમાં પડયો હતો. તે હવે અતે તેનો તથા તેના નીચ મસલતીઆઓનો ભોગ થઇ પડયો છે. તે દિવસે તેં જે કમળા વિશેની વાત મને કહી હતી તે

પણ મેં તેને કહી હતી અને ચેતાવ્યો પણ હતો.

વસંત૦—ત્યારે તેજ કારણથી મનુભાઇ આપણે ઘેર પણ નહોતા આવતા નહિ વારૂ !

કુસુમ૦—તેમના મનમા શું હશે તે હું કેમ કહી શકું ?

મનુ૦—હા, મારાં માયાળુ ભાભી આપનું ધારવું ખરૂં છે. જ્યારે કમળાની સાથે મારે પહેલ વહેલી મુલાકાત થઇ, અને આમન સામન વચન લેવાયાં, ત્યારે મને મારા મિત્રોનાં નામ પૂછયાં. મેં કીધુંકે મારે કુસુમચંદ્ર નામનો એકજ ભાઇબંધ છે, અને તેમને ઘણોજ સ્હાય છે. તેની અને મારી દોસ્તી લગભગ સાત આઠ વરસથી છે, અને અમારો ભાઇ કરતાં પણ વિશેષ નાતો છે. પછી ત્યારે મેં ટુંકામાં કહ્યું કે ફક્ત એક દેહજ જુદી છે બાકી પ્રાણ તો એકજ છે, ત્યારે તેણે મને પુછયું કે એ કુસુમચંદ્ર વસંતગૌરીનો વરતો નહિ ? મેં કહ્યું હા તેજ તે વખતે તેણે મને કહ્યું નહિ અને એવી ચાલાકીથી વાત ઉડાવી કે તેની મને ખબર સરખી પણ પડી નહિ. ધીરે ધીરે તેણે મને ભોળવી અહીં આવવાની પણ ના કહી. અને કહ્યું કે જો ત્યાં જશોતો આપણો સ્નેહ તોડાવશે. વળી એક દિવસે જ્યારે હું કમળાને ઘેર ગયો ત્યાં રંકપ્રસાદ હતો, તેણે મને કુસુમચંદ્ર વિરૂદ્ધ ઘણોજ ઉશ્કેર્યો. તેણે તે વખતે દારૂ પીધેલો હતો અને ઘેનમાંને ઘેનમાં તે તેને ફાવે તેમ બોલતો હતો. તે મને પછીથી ખબર પડી પરંતુ તે વખતે તેનાં વચન સાંભળી મને બહુજ રીસ ચઢી અને હું તમારે ત્યાં આવનો તેજ કારણથી બંધ થયો. જો તે દિવસે કુસુમ ભાઇની શીખામણ માની હોતતો આવો વખ-

ન આવતજ નહિ. આજે અહીઆં ઘણે દિવસે આવતાં મારો પગ પણ ઉપડતો નહોતો, અને મારૂં અપરાધી શામ મુખ તમારા જેવાં પવિત્ર માણુસને બતાવવું વ્યાજબી ધારતો નહોતો. પણ હિંમતથી અત્રે આવ્યો. અહીં આવતાંજ આપના પવિત્ર મુખારવિંદનાં દર્શન થતાંજ મારા તમામ વિચારો દૂર થયા અને મનમાં જરા શાંતી થઇ. આટલું બોલી તે વધારે વધારે રડવા લાગ્યો.

વસંત—"મનુભાઇ! મનુભાઇ! આશું! આમ બાળકની માફક રડોછો શું! ગભરાઓ નહિ એ રાંડ કુલટાથી શું થવાનું છે! એના પાપનો ઘડો હવે ભરાઈ ચૂકયો છે!" કુસુમ તરફ ફરીને બોલી—"પ્રાણનાથ તમો મનુભાઇને જરા હિંમત આપી શાંત કરો વખત પણ ઘણો થયો છે તેથી તેમને ઘેર પણ ફિકર કરતા હશે, માટે દિલાસો દઇ ઘેર પહોંચતા કરો આમ બેશી રહે શું દહાડો વળવાનો છે? તમો પણ તેમના જેવા નિર્બળ બની કેમ બેશી રહ્યાછો? તમો જ્યારે આમ કરશો ત્યારે પછી મનુભાઇની શી દશા થશે તેનો વિચાર કર્યો! તમારા સિવાય મનુભાઇને મદદ કરે તેવો બીજો કોણ છે? આવો બારીક સમય ફરી ફરીને કયારે આવવાનો છો! તમારી મિત્રતાની ફરજ બજાવવાનો આવા સરસ વખતથી બીજો કીયો આવનાર છે. માટે સાવધ થાઓ અને મનુભાઇને આશ્વાસન આપો.

પોતાની પત્નિના મુખથી હિંમતનાં આવાં વાકય નીકળતાં સાંભળી કુસમચંદ્રનું અંતઃકરણ પ્રફુલ્લિત થયું. અને તે મનુ પ્રત્યે બોલ્યો– " ભાઇ મનુ ગભરાઇશ નહિ. દુશ્મન જખ મારે છે. જ્યાં સુધી મારા દેહમાં પ્રાણ છે

ત્યાં સુધી તારો વાળ પણ વાંકો કોણ કરનાર છે ? સાવધ થા, સાવધ થા. ઘેર બધા ચિંતા કરતા હશે.” વસંતગૌરી તરફ મોં કરીને બોલ્યો–“ પ્રિયા પાણી લાવો”

વસંતગૌરી પાણી લાવી અને મનુને આપ્યું. મનુ મોં ધોઇ સાવધ થયો. એટલામાં વસંતગૌરી કુસુમચંદ્રને પીવા માટે રાખી મૂકેલું દૂધ લાવી. બંને મિત્રોએ તે પીધું વળી મનુભાઇને ખાવાના પેંડા આપ્યા તે પણ તેમણે ખાધા. પાણી પીધું–અને થોડીવાર સુધી બેશી બીજી વાતો કરી અંતે કુસુમચંદ્ર તથા વસંતગૌરીની રજા લઇ મનુ ઘર તરફ જવા નીકળ્યો. અને આ સુખી જોડું પોતાના મિત્રના વિચારમાં લીન થતું નિંદ્રા દેવીને આધીન થઈ ગયું.

પ્રકરણ ત્રીજું.

કુસુમચંદ્ર તથા વસંતગૌરીએ હિંમત આપી મનુભાઇને શાંત પાડયો, અને તે તેમની રજા લઇ ઘેર જવા નીકળ્યો તે વખતે રાત્રિના બાર વાગી ગયા હતા. પોલીસની રોન ઉપરા ઉપરી આવતી હતી. પેરાદાર પોત પોતાના નાકે બેશી જતા આવતા વટેમાર્ગુઓને ટોકતા હતા, રાજનગરનાં ઘણાં ખરાં નિંદ્રા દેવીના પ્રતાપથી શાંત હતાં, ઘુવડ અને બીજાં રાત્રિએ બોલનારાં પ્રાણીઓના ભયંકર શબ્દોથી રાત્રિ ગાજી રહી હતી, ચોર લોકો ચોરી કરવાની બદ દાનતની ગલીઓમાં અથવા પોળોમાં છુપી રીતે આંટા મારતા હતા, દુરાચરણી કામી પુરૂષો— કેટલાક આનંદી ચહેરે તો કેટલાક ઉદાસી ચહેરે,–કેટલાક

જોર ભેર પગલાં ભરતા તો કેટલાક મંદ મંદ પગલાં ભરતા-જતા આવતા હતા.

આ વખતે આશરે અરાઢ એક વર્ષની ઉમરનો એક તરૂણ, પોતાના વિચારમાં ગરક થએલો ઉદાસ ચ્હેરે મંદ પગલાં ભરતો જતો હતો. જોકે તેની લાગોલાગ થઇને બે ચાર માણસો ગયાં, તો પણ તેને ખબર પડી નહિ. તે વિચારમાં એવો તો ગરક થઇ ગયો હતો કે પોતે કયાં અને કયે રસ્તે જાય છે તેનું પણ તેને ભાન રહ્યું નહિ. અને અંતે જયારે તેને રોણના સિપાઇએ ટોકયો, ત્યારે તે પોતાની વિચાર માળાના ધ્યાનમાંથી જાગૃત થયો. પોતે જયારે પોતાના વિચારમાંથી જાગૃત થયો, ત્યારે તેને માલમ પડયું કે પોતે ઘણે દુર નીકળી ગયો છે. તરતજ ત્યાંથી તે પાછો ફર્યો. વખત બહુ વિતી જવાથી તથા ઘેર સઘળાં ચિંતા કરતાં હશે એ વિચારથી સાવધ થયો, અને ઉતાવળે પગલે ઘર તરફ પાછો ફર્યો. ઘર આવ્યું ચાકરે બારણું ઉઘાડયું, બારણું ઉઘડતાંની સાથે પોતે અંદર દાખલ થયો અને પોતાની મેડીમાં ગયો, કપડાં કાઢી પોતાના પલંગ પર બેઠો. અને સુવાની તૈયારી કરી. એવામાં ચાકરે આવી બારણું ઠોકી બુમ પાડી બારણું ઉઘડયુ બારણુ ઉઘડતાંજ ચાકર અંદર આવ્યો અને તેના હાથમાં એક બીડેલો કાગળ આપ્યો જતાં જતાં તેણે તેને કહ્યું—મનુભાઇ દાદાજીએ કહ્યું છે કે કાલે સવારે બહાર જતાં, પહેલાં મનુભાઇ મને મળી જાય. ” મનુએ કહ્યું—“ ઠીક ” ચાકર . ગયો. મનુભાઇએ તેના ગયા પછી ટેબલ પાસે જઇ દીવો જરા તેજ કર્યો અને પર બીડીયું ઉઘાડી કાગળ વાંચ્યો. કાગળ વાંચતાંજ આવતી કાલે પોતાના પિતાજી પણ આવવાના છે એ વાત

જાણી એક તરફથી તેને હર્ષ થયો, અને બીજી તરફથી તે દીલગીર થયો કાગળ વાંચી ઠેકાણે મૂક્યો; અને પોતે પલંગ ઉપર જઇને સુતો. સુતો તો ખરો પરંતુ નિંદ્રા આવીજ નહિ. દાદાજીએ સવારમાં શા માટે બોલાવ્યો હશે ! શું વાત ઘેર તો આવી નહિ હોય ! વીગેરે વિચારોથી મસ્તિક ગુચંવાડામાં પડયું. અને છેક રાત્રીના ત્રણ વાગતાં જરા ઉંઘ આવી.

*મનુભાઇના વડવા હરિલાલભાઇ રાજનગરમાં એક પ્રતિષ્ટિત હુદ્દો ભોગવતા હતા; અને તેમણે ઘણાં ઘણાં હોશિયારીનાં કામો કરી સરકારમાંથી પણ સારી આબરૂ મેળવી હતી. હરિલાલભાઇને બે પુત્ર હતા. તેમાંથી વડા પુત્ર ચંદુલાલને મનુભાઇ તથા રતિલક્ષ્મી નામનાં પુત્ર પામ્યાં હતાં. ચંદુલાલ રાજનગરમાં કલેકટર સાહેબની ઓફીસમાં કલાર્ક હતા અને તેમને પચાસ રૂપીઆ દરમાયો હતો. પરંતુ હાલમાં તેઓ એકટીંગ ચીટનીસનું કામ કરતા હતા તેમના નાનાભાઇ કેશવલાલે બી. એ. ની પરિક્ષા પસાર કરી હતી અને હાલમાં વડોદરામાં નોકરી કરતા હતા વડોદરા સરકારના રેસીડેન્ટ સાહેબને તથા હરિલાલભાઇને સારી માયા હતી; તેથી કેશવલાલ ભાઈ પણ વડોદરામાં મુનસબનો માનવંતો હુદ્દો ભોગવતા હતા. રજવાડા પ્રમાણે જોકે પગાર તો ટુંકો હતો તો પણ હોદ્દો સારો હતો, તેથી હરિલાલ પણ પોતે ખુશીમાં રહેતા, પોતાના બંને પુત્રોને સારે હોદ્દે જોઇ ડોસાને અતિશય આનંદ થતો રતિલક્ષ્મીનાં જન્મ થયા પછી બે વરસે મનુભાઈનાં માતુ શ્રી રતનગૌરી અખંડ શોભાગ્યવ-

* (આનું સંધાણ પ્રકરણ ૧૦ માંથી છે.)

તી ગુજરી ગયાં. ચંદુલાલને હવે પોતાની સંતતિ વધવાની કાંઇ આશા રહી નહિ. અધુરામાં પુરૂં રત્નગૌરીના મર્ણ પછી થોડે દિવસે રતિલક્ષ્મી પણ ગુજરી ગઇ, અને ફકત મનુભાઇ એકલા પડયા. પોતાની માતા અને જોગિનીના મર્ણનો મનુભાઇના મનમાં ફટકો પડયો અને તેથી તેની તબીઅત લથડતી ચાલી આવી તેના દાદા તથા પિતાને ઘણીજ ફિકર થવા લાગી અને તેને માટે ઘણી ઘણી દવા-ચાકરી કરી પરંતુ કાંઇ ફાયદો થયો નહિ. તે જેમતેમ કરી નિશાળે જતો પણ તેનું મન અભ્યાસ પર ચોટયુંજ નહિ. તે અરસામાં તેને કુસુમચંદ્રની દોસ્તી થવાથી તેનું શરીર જરા જરા ઠેકાણે આવ્યું અને તેનું મન પણ જરા અભ્યાસપર ચોટયું આ જોઈ તેના દાદા પિતા ખુશી થયા.

રત્નગૌરી તથા રતિલક્ષ્મીનાં મરણ થયા પછી મનુભાઇ કુસુમચંદ્રને ત્યાં આવતો જતો. વસંતગૌરી પણ પોતાના પતિના મિત્રને તેની સારી ચાલને માટે વખાણતી હતી તથા માયા પણ સારી રાખતી હતી એક દિવસ વસંતની બેનપણી ધનલક્ષ્મી તેને મળવાને આવી તે વખતે કુસુમચંદ્ર તથા મનુભાઇ ખુરસી ઉપર બેઠા બેઠા વાતો કરતા હતા અને વસતગૌરી નીચે પાથરેલી ગાદી ઉપર બેશી તેઓની વાતચીત સાંભળતી હતી. ધનલક્ષ્મી ઉપર આવી પણ કુસુમ તથા મનુને જોઇ તે શરમાઇ. આ બાળા જો કે મનુને તેના ખરા મનથી ચ્હાતી હતી પરંતુ તેની સાથે વાતચીત કરવાની તેની હિંમત ચાલતી નહોતી. વસંતગૌરી આ સઘળું જાણતી હતી. પણ ધનલક્ષ્મી પાસેથીજ તે વાત કઢાવવાની તેની મરજી હતી. તેને શરમાએલી જોઇ વસંત બોલી—આવ—બ્હેન ધનલક્ષ્મી આવ—શરમાય છે

શું! અહીં કોઇ પરાયું માણસ નથી "ધનલક્ષ્મી આથી વધારે શરમાઇ, તેના મેં-ઉપર શરમના શેરડા પડી ગયા, અને નીચું મેં રાખી જ્યાં વસંતગૌરી બેઠી હતી તેની પાસે જઇ બેસી ગઈ. મનુની દૃષ્ટિ પળવાર આ મુગ્ધબાળાપર સ્થિર રહી તે કુસુમે જોઈ, પરંતુ મનમાં રાખી બેશી રહ્યો મનુની દૃષ્ટિ ધનલક્ષ્મી તરફ ઠરેલી જોઈ વસંતગૌરી પણ મનમાં ઘણીજ રાજી થઇ પરંતુ ઉતાવળે આંબા પાકે તેમ નહોતા. ઘડીઆળમાં પાંચ વાગ્યા, અને ફરવા જવાનો વખત થવાથી કુસુમચંદ્રે કપડાં પહેરવા માંડયાં કપડાં પહેરી તૈયાર થઇ તેણે મનુને કહ્યું— મનુ ચાલ મનુ જાણે ઉંઘમાંથી હમણાંજ જાગૃત થયો હોય તેમ ચમકો ઉભો થયો—અને કુસુમની સાથે મન કુસુમના ઘેર આવેલી મુગ્ધ બાળામાં મૂકી–મન વિનાના શરીર સાથે—ફરવા ચાલ્યો.

ધનલક્ષ્મી મનુભાઇની જ્ઞાતિનીજ હતી, અને તેનો પિતા ભાવનગર સ્ટેટમાં કોઇ સારા હોદ્દાપર હતો. તેને દરમાસે આશરે બસેં અથવા અઢીસેંનો પગાર મળતો હતો. તેને સંતતિમાં ફક્ત ધનલક્ષ્મીજ હતી. તે ત્થા ધનલક્ષ્મીની માતા વિજ્યા લક્ષ્મી બેઉ જણ ભાવનગર રહેતાં અને ધનલક્ષ્મી રાજનગરમાં તેની માશીને ત્યાં રહેતી. મહિના બે મહિના પોતાના પિતા પાસે પણ જતી આવતી. પણ ઘણું ખરૂં તો તે રાજનગરમાંજ રહેતી. મનુભાઇ ભણવામાં ચાલાક તથા હોશિયાર હતો અને કુસુમચંદ્રથી કાંઇ છેક ઉતરે તેવો નહોતો. એક વખતે તેમની નિશાળમાં ઇનામનો મેળાવડો થયો, તે વખતે કન્યાશાળામાં પણ ઘણી છોકરીઓને આમંત્રણ પત્ર મળ્યાં હતાં. તેમાં

ધનલક્ષ્મીને પણ મળ્યું હતું. તે પોતાની સરખી અને એ-કજ વર્ગની છોકરીઓની સાથે આવી હતી ત્યાં આગળ આ-વેલા મનુકુસુમના ભાષણે શ્રોતાઓ ઉપર સારી અસર ક-રી હતી, અને તેમને માન પણ સારૂં મળ્યું હતું. પોતા-ના ભાષણની ઘણી સારી અસર થએલી જોઈને બંનો મિત્રો ઘણા હરખાતા હરખાતા પોતાની જગાએ જઈને બેઠા તે વખતે ધનલક્ષ્મીની નજર મનુ ઉપર ગઇ અને પો-તાની જ્ઞાતિમાં તો પોતાને ગોગ્ય એજછે એમ કલ્પના કરી.

કુસુમચદ્ર તથા મનુભાઇ ગયા, એટલે વસંતગૌરી તથા ધનલક્ષ્મી એકલાં પડયાં ધનલક્ષ્મીને હવે હિંમત આ-વી અને ઉંચું જોયું, તેને જરા હસવું આવ્યું, તે પોતા-ની આવી નબળાઇને માટે મનમાં શરમાઇ અને બોલી "વસંત બ્હેન કાંઇ બેઅદબી થઇ હોયતો માફ કરજો.

વસત૦—કાંઇ ફીકર નહિ બ્હેન પણ વારૂ આ જો તુ આટલી બધી ઉદાસ કેમ છે !

ધનલક્ષ્મી૦—કાંઇ નહિ એતો તમને અમસ્તુ એમ લાગે છે.

વસંત૦—ના. ના. બ્હેન તું મને સાચું કહે. નાહક વાત શાને ઉડાવે છે. જો ! તારૂં અંતઃકરણજ તેમ કરવા ના પાડે છે.

ધનલક્ષ્મી૦—લે બ્હેન સાંભળ ત્યારે આજે મારી એક ચીજની ચોરી થઇ છે તેથી જરા ઉદાસ છું.

વસંત૦—શું ચોરી થઇ ! અને તે વળી કયાંથી.

ધનલક્ષ્મી૦—હા બ્હેન હા. ખરેખર ચોરી થઇ અને તે પણ વળી તારે ત્યાંથી

વસંત૦—શું મારે ત્યાંથી! અને શાની? વસંત ગભરાઇ

ધનલક્ષ્મી૦—હા મ્હેન હા તારે ત્યાંથી અને તેપણ મારા મનની.

વસંતગૌરી હસી પડી અને બોલી મ્હેન તેંતો નાહક બીવડાવી માર્યા જો આવી મશ્કરી કરવી હતી તો પહેલેથીજ કહેવું હતું કનિ ?

ધનલક્ષ્મી૦—વાહ ! વાહ ! મ્હેન જ્યારે આ ખરૂં કારણ કહ્યું, ત્યારે તે પણ વળી મશ્કરી કે !

વસંત૦—હશે બહેન હશે. પરંતુ કહે જોઇએ વારૂ તેં તે ચોરને ઓળખી રાખ્યો છે !

ધનલક્ષ્મી૦—હા મ્હેન મેં તેને બરાબર ઓળખી રાખ્યો છે.

વસંત૦—વારૂ ત્યારે તને કોઇનું નામ ઠામ—આવડેછેકે!

ધનલક્ષ્મી૦—હોવે—શામાટે નહિ આવડે તારા પ્રાણનાથની સાથે બેઠા હતા તે.

મ્હેન મારા પ્રાણનાથની સાથેતો મનુભાઇ બેઠા હતા, માટે શું તેમણે ચોરી કરી ?

(વસંતગૌરી મનમાં ખુશી થઇ)

ધનલક્ષ્મી૦—હા મ્હેન તેમણેજ ચોરી કરી.

વસંત૦—તે શાથી જાણ્યું કે તેમણેજ ચોરી કરી છે ? નાહક કોઇને માથે દોષ ના દઇએ.

ધનલક્ષ્મી૦—મ્હેન હું કાંઇ નાહક દોષ દેતો નથી પણ ખાત્રીથી કહું છું કે તેમણેજ ચોરી કરી છે વળી તે ચોરી પણ તારા ઘરમાંજ થએલી છે માટે તું મારા ગુનેહગારને મને શોંપી દે કે ન્યાય મળતા સુધી તેના ઉપર પેહેરો મૂકી બરાબર જાપતો રાખું કે નાશી ન જાય.

વસંત૦—શું ન્યાય મળતા સુધી તું પ હેરાથી જાપતો રાખવા માગે છે ?

ધનલક્ષ્મી૦—હા બ્હેન.

વસંત૦—બહુ સારૂં બ્હેન તારે પેરો મૂકવો હોયતો ભલે પરંતુ તારા પહેરેગીરનાં નામતો કહે.

ધનલક્ષ્મી૦—શું વસંત બ્હેન, તારે મારાં પહેરેગીરનાં નામ જાણવાં છે.

વસંત૦—હા બ્હેન.

ધનલક્ષ્મી૦—ભલે સાંભળ ત્યારે એકતો મારી "વસંત" અને બીજો મારો "પ્રેમ" વસંત હસી પડી અને બોલી. વાહ ! વાહ ! પહેરેગીરતો પહેલેથીજ સારા શોધી રાખ્યા છે અને તે પણ જેવા જોઇએ તેવા તે બિચારા ચોરને નાસવાની તો આશાજ નહિ.

ધનલક્ષ્મી૦—કેમ ના શોધી રાખીએ વારૂ !

વસંત૦—હા બ્હેન શોધી રાખો તમારો પણ વખત છે પણ પેહરો કેવી રીતે ગોઠવ્યો છે ? તેમાં પણ કાંઇ ચાલાકીતો વાપરીજ હશેને !

ધન લક્ષ્મી૦—હા શા વાસ્તે ચાલાકીના વાપરે ! તમે પણ કયાં બાકી રાખી છે. ? જુઓ પહેલો પહેરો જાણે વસંત અને બીજો પ્રેમનો વસંત પાસેથી કદાચ છાનો જાય પણ પ્રેમનો પહેરો તો એવો સખ્ત છે કે ત્યાં તો જવાય નહિ અને કદાચ જો ત્યાંથી જાય ત્યારે તો પછી મારૂં નશીબ

ધનલક્ષ્મી૦—આવતી કાલે મેલમાં પોતાના પિતા પાસે ભાવનગર જવાની હતી. તેથી તે વસંતગૌરીને મળવાને

માટેજ ચુલી હતી, અને ત્યાં શું થયું તે આપણે જાણ્યું ત્યાર પછી ધનલક્ષ્મીએ પોતે પોતાની માશીસાથે ભાવનગર જવાની વાત કાઢી ત્યારે વસંતગૌરી બોલી, બ્હેન તું જાય છે ત્યારે તેં જે કીધું તે વિશે શો વિચાર કર્યો!

ધનલક્ષ્મી૦—પ્રિયવસંત તે વિચાર તો હવે તારે કરવાનો છે હું તો આવતા કાલે સવારે જઉં છું અને હું પોતે તને મારૂં કામ સોંપું છું કેમ તું કરીશ કે નહિ.

વસંત૦—હા બ્હેન શા વાસ્તે નહિ કરૂં! જ્યારે તારૂં કામ નહિ કરૂં ત્યારે કોનું કરીશ વારૂ?

ધનલક્ષ્મી૦—ઠીક બ્હેન ત્યારે હવે હું જાઉંછું. પ્રીતિ જેવી છે તેવીને તેવીજ રાખજે. અને દરરોજ પત્ર લખતી રહેજે હું જાઉંછું તો ખરી પણ મારૂં મન અહીંયાંજ રહેવાનું. કાલે સવારે સ્ટેશનપર અવાયતો આવજે નહિતો કાંઇ જરૂર નથી.

વસંત૦—બહુસારૂ બ્હેન હોંશિયાર રહેજે વળી મારા પત્રના જવાબ તાકીદે લખતી રહેજે. મારાથી બનશે ત્યાં સુધી તો હું સ્ટેશનપર આવીશ. તારાં માતુશ્રીને મારી વતી બોલાવજે.

ધનલક્ષ્મી૦—સારૂ બ્હેન.

ધનલક્ષ્મી ગઇ તેને વસંતગૌરી નીચે સુધી વળાવી આવી બારણાં બંધ કરી ઉપર આવી. એટલામાં તેની સાસુના બોલાવવાથી પોતાની મેડી બંધ કરી તેમની પાસે ગઇ તે દરમિયાન વાળુનો પણ વખત થયો કુસુમચંદ્ર પણ વખતસર ઘેર આવ્યો હતો. સર્વે જણ વાળુ કરી પોત પોતાને ઠેકાણે ગયાં. વસંતગૌરી પણ વાળુ કરી—વાસણ કુસણ ચાકર પાસે મંજાવી તેને ઠેકાણે મુકાવી પોતાની મેડીમાં ગઇ. ત્યાં કુસુમચંદ્ર પણ પોતે સુવાની તૈયારી કરતો હ-

તો તેની પાસે પલંગપર બેઠી. ધનલક્ષ્મી તથા પોતાની વચ્ચે થએલી સઘળીવાત તેણે અથથી ઇતિ સુધી કરી. કુસુમ તે સાંભળી ઘણો ખુશી થયો. પણ જ્યારે વસંતગૌરીએ ધનલક્ષ્મી આવતી કાલે મેલમાં જવાની છે એમ કહ્યું ત્યારે તે ઘણોજ દીલગીર થયો. તેણે કહ્યું—મનુ ધનલક્ષ્મીને ચ્હાય છે પણ તે તો આવતી કાલે જાય છે ત્યારે લાચાર? એમ કહી તેણે મોટો નિસાસો નાંખ્યો. વસંતગૌરીએ તેને હિંમત આપી અને કહ્યું, કાંઇ ફિકર નહિ તે થોડા દિવસ પછી અહીં પાછી આવશે વળી તેની માતુશ્રી પણ અત્રે આવવાનાં છે એવી વાત પણ મે સાંભળી છે. તેમને પણ હું બે શબ્દ કહીશ અને મનુભાઇનું ચોકઠું બેસાડી દેવરાવીશ તેની માતાનો મારા ઉપર વિશ્વાસ છે અને મને ખાત્રી છે કે તે મારૂં કહેવું કબુલ કરશે.' ત્યાર પછી બીજી વાતો કરી વસંતગૌરીએ સ્ટેશનપર જવાની આજ્ઞા માગી. કુસુમે તે આપી અને આ સુખી જોડું આનંદની વાતો કરતું પલંગપર નિંદ્રાદેવીને આધીન થયું.

કુસુમચંદ્ર તથા મનુભાઈ ફરવા ગયા હતા, ત્યાં તેમની વચ્ચે ઘણી વાતચીત થઇ હતી. તેમાં મનુએ ધનલક્ષ્મી પ્રત્યેનો પોતાનો પ્યાર જાહેર કર્યો હતો, અને પોતાની આખી જ્ઞાતિમાં પણ પોતાને લાયક તેજ છે એમ પણ તેણે કુસુમને કીધું હતું. વળી તેનો પિતા ઘણો વહેમી છે અને તે કામ બનવું મુશ્કેલ છે એમ કહીને તેણે પોતાની દીલગીરી પણ જાહેર કરી હતી. કુસુમે તેને ધીરજ આપી હતી. બંને મિત્રો જુદા પડયા ત્યાં સુધી તેજ બાબત વિશે ચર્ચા ચાલી હતી. અને અંતે જુદા પડ્યા તોપણ મનુના મનમાં તે વાત રમી રહી હતી. રાત્રે તેને નિરાંતે ઉંઘ પણ આવતી નહિ તે દરરોજ કરતાં આ-

જે સવારે વહેલો ઉઠયો. દાતણ પાણી કરી નાહી ધોઇ તૈયાર થયો અને ચાહ પીવા બેસવા તૈયારી કરતો હતો. એટલામાં કુસુમ આવ્યો. કુસુમને આજે સવારે વહેલો આવેલો જોઇ મનુ આશ્ચર્ય પામ્યો. બંને મિત્રોએ ચાહ પીધી ત્યાર પછી કુસુમને મનુએ આવવાનું કારણ પુછયું. કુસુમે કારણ કહ્યું તે સાંભળી તે દીલગીર થયો અને તેની સાથે સ્ટેશનપર જવાને તૈયાર થયો. પોતાની ગાડી મંગાવી તેમાં બેશી બંને મિત્રો સ્ટેશનપર ગયા.

ધનલક્ષ્મી વસંતગૌરી પાસેથી ઘેર ગઇ અને પોતાનો સામાન બંધાવી તૈયાર કરાવ્યો, ત્યાર પછી વાળુ કરી પોતાની સુઇ રહેવાની જગ્યાએ ગઇ. ત્યાં તેને મનુના વિચારથી નિરાંતે ઉંઘ આવી નહિ. અંતે દોઢને સુમારે તેની આંખ મળી અને નિદ્રામાં પડી. સવારમાં વહેલી ઉઠી નાહી ધોઇ તૈયાર થઇ. રસોઇ પણ એ દરમિયાન તૈયાર થઇ અને સર્વે જમવા બેસવાની તૈયારી કરતાં હતાં એટલામાં વસંતગૌરી આવી. ધનલક્ષ્મીની માશી કુંવરબાઇના કહેવાથી અને પોતાની સખીના અત્યંત આગ્રહથી વસંતગૌરી પણ તેમની સાથે જમવા બેઠી. સર્વે જમી રહ્યા અને ભાડાની બે ગાડીઓ મંગાવી હતી તેમાં સરસામાન સંભાળીને મૂકયો. પછી એક ગાડીમાં ધનલક્ષ્મી તથા વસંત બેઠાં અને બીજીમાં તેના માસા તથા માશી બેઠાં. તે સર્વે સ્ટેશનપર આવ્યાં ત્યારે ટીકીટો થતી હતી. તેથી ધનલક્ષ્મીના માસા કૃષ્ણલાલ, ધનલક્ષ્મી તથા તેની માશીને માટે બે સેકન્ડકલાસની ટીકટો કરાવી આવ્યા. એટલામાં મુંબઇ તરફનો મેઇલ આવ્યો અને ટીકીટો કપાવી અંદર ગયા. બાયડીઓ<u>નો</u> સેકન્ડકલાસનો અલાયદો કમ્પાર્ટમેન્ટ હતો તેમાં

બંનેને બેસાડયા. કુસુમચંદ્ર તથા મનુભાઇ પણ ત્યાં આવ્યા હતા અને કૃષ્ણલાલની સાથે વાતો કરતા હતા.

મંનૂ તથા ધનલક્ષ્મીની આંખો એક બીજાને અરસપરસ જોતી હતી, પરંતુ નજરો નજર મળતાં એક બીજાથી શરમાતી હતી. વાત કરવાનો પણ વખત મળ્યો નહિ. એવું જાણી મંનુ દીલગીર થયો અને પોતાના દુર્ભાગ્યને ગાળો દેવા લાગ્યો. એટલામાં લાઇન કલીઅર લઇ' 'ગાર્ડ' આવ્યો, અને નિશાની બતાવી. વસંતગૌરીને જે જે કહેવું હતું તે સઘળું ધનલક્ષ્મીએ તેને કહ્યું. કુસુમચંદ્ર પણ ધનલક્ષ્મીને મળ્યો. અને છેવટે ટ્રેઇન ઉપડી ત્યારે સર્વે પાછાં ફર્યાં. વસંતગૌરી મનુભાઇની ગાડીમાં બેશી ઘર તરફ પાછાં ફરી અને બંને મિત્રો ભાડાની ગાડી કરી તેમાં બેશી વિચાર કરતા મનુભાઇને ત્યાં ગયા અને આજે બંને મિત્રો ત્યાં સાથે જમ્યા.

ધનલક્ષ્મી ગઇ અને જેમ જેમ દિવસપર દિવસ જતા હતા, તેમ તેમ મનુભાઇના મનની લાગણી તેના તરફ જરા જરા ઓછી થતી ગઇ. એવામાં તેને રંકપ્રસાદ નામનો સોબતી મળ્યો અને તેથી તો તે ધનલક્ષ્મીને તદન વિસરી ગયો. રંકપ્રસાદ પણ નાગરનોજ હતો. અને તેના બાપને આશરે પચીસ રૂપીઆનો પગાર મળતો હતો. પરંતુ તેના બાપદાદાની મીલકત હતી. તેથી તેને નિરાંત હતી. તેના બાપને એકનો એક છોકરો હોવાથી તેણે તેને અતિશય છુટ આપી હતી, અને તે છુટનાં ફળ તેના માબાપને પાછળથી મળ્યાં. તે દુર્ગુણી હતો અને તેને તેના જેવાજ સોબતી મળવાથી તે દિવસે દિવસે વધારે ખરાબ થતો ગયો. તે પુષ્કળ દારૂ પીતો અને હમેશાં નિશામાંને

નિશામાં ચકચુર બની પડી રહેતો. તે હમેશાં તેના મા-બાપને નાણાંને માટે કનડતો. જ્યારે તેઓ ન આપે ત્યારે અનેક તરેહની ધમકીઓ બતાવતો. છેવટે થાકીને તથા ધમકીથી ડરીને તેઓ આપતા ત્યારે તે જંપતો, એક દિવસે મનુભાઇ કાંપમાં ચાલતો ફરવા ગયો હશે, અને ત્યાંથી પાછા ફરતાં ઠેસ વાગવાથી પડી ગયો તેથી તેનાં ઢીચણ છોલાયાં તથા બીજે ઠેકાણે પણ થોડું થોડું વાગ્યું પરંતુ કાંઇ તેના સારાંભાગ્યે વધારે ઇજા થઇ નહોતી. હવે તેનામાં ચાલવાની શક્તિ રહી નહિ, તેથી કોઇ ભાડુતી ગાડીની રાહ જોતો ત્યાંજ બેઠો એવામાં રંકપ્રસાદ તથા તેના મિત્રો કાંપમાં ગયા હશે તેઓ ત્યાં આવ્યા તેમણે મનુભાઇને ઓળખ્યા; કેમકે પહેલાં તેઓ એકજ વર્ગમાં સાથે અભ્યાસ કરતા હતા તેમણે મનુભાઇને અહીંઆં બેસી રહેવાનું કારણ પૂછ્યું ત્યારે તેણે પોતાની સઘળી હકીકત કહી. રંકપ્રસાદ તથા તેના મિત્રોએ મનુભાઇને ગાડીમાં લીધો અને તેમને ઘેર પહોંચતો કીધો, તે દિવસ પછી મનુ જ્યારે જ્યારે રંકપ્રસાદ મળતો ત્યારે તેને બોલાવતો અને ઘણી વખતે પોતાને ઘેર પણ લઇ જતો. એમ કરતાં કરતાં બંનેને દોસ્તી વધી અને તેમણે ઘણુંખરૂં સાથેજ ફરવા માંડ્યું. એક દિવસે તે બંનેને સાથે ફરતાં કુસુમે દીઠાં ત્યાં સુધી તેને પણ ખબર પડી નહિ. કુસુમે તેને ઠપકો દીધો અને શીખામણ આપી પરંતુ શેઠની શીખામણ ઝાંપા સુધી ' તે કહેવત પ્રમાણેજ વારંવાર થતુ

પ્રકરણ ૪ થું.

એક દિવસે રંકપ્રસાદ બપોરે પરવારીને મનુભાઇને ઘેર ગયો. અને ત્યાંથી બંને જણા સાથે ફરવા નીકળ્યા. મનુભાઇને ઘેરથી નીકળ્યા પછી રંકપ્રસાદ મનુભાઇને તેની (રંકપ્રસાદની) જ્ઞાતિના જયશંકરને ઘેર તેડી ગયો. જયશંકરનો બાપ લાલશંકર વડોદરામાં વકીલ હતો. મનુભાઇના કાકા કેશવલાલ પણ ત્યાં મુનસફનો મોટો હોદ્દો ભોગવતા હતા. તેમ મનુભાઇ વારંવાર પોતાના કાકા પાસે વડોદરે જતો અને વખતે માસ બે ત્યાં રહેતો પણ ખરો. લાલશંકર તથા કેશવલાલ વચ્ચે સારો સબંધ બંધાયો હતો અને મનુભાઇ જ્યારે વડોદરે જતો ત્યારે તેને ત્યાં કોઇ કોઈ વખતે તે જતો હતો. તેમ તેનાં ઘરનાંપણ મનુભાઇને સારીરીતે ઓળખતાં હતાં.

રંકપ્રસાદ તથા મનુભાઈ જયશંકરને ઘેર ગયા, ત્યાં તેમને સારૂ માન મળ્યું. જયશંકર રાજનગરમાં વિધાભ્યાસ કરવાને રહ્યો હતો. પ્રથમ તે પોતાના પિતાની પાસે વડોદરે અભ્યાસ કરતો હતો, પણ થોડાજ વખત ઉપર રાજનગરમાં પોતાના ઘરનોબંદોબસ્ત રાખનાર કોઇજ નથી એમ સમજી તેના પિતા લાલશંકરે પુત્રને તેની પત્નિ સહિત રાજનગર મોકલી દીધો હતો. જયશંકર નિશાળે જતો હતો અને રંકપ્રસાદ એકજ વર્ગમાં અને પોતાની જ્ઞાતિનો હતો તેથી તે બંને વચ્ચે દોસ્તી ઝટ થઈ હતી. રંકપ્રસાદને તરસ લાગવાથી જયશંકરને પાણી મંગાવવા કહ્યું. પાણીનો લોટો લઇ જયશંકરની પત્નિ કમળાગૌવરી આવી, અને પાણી તેમના મોં આગળ મૂક્યું. પાણી મૂકી જયશંકર તથા મનુભાઈની વચ્ચે ખાલી પડેલી ખુરશી ઉપર બે-

ડી અને તેમની વાતોમાં ભાગ લેવા લાગી. મનુભાઇનું મન જરા તેના તરફ લલચાયું, પણ તે વખતે તેણે કબજે રાખ્યું અને શાંત બેશી રહ્યો.

કમળાગૌરીનો પિતા ગણપતરામ એક આબરૂદાર ગૃહસ્થ હતો. તેમણે આગળ ઇંગ્રેજ સરકારની નોકરી સારે બજાવી હતી. હાલમાં ઉમર થવાથી તેમને પેન્શન મળતુ હતું, અને તેમનો દીકરો કનુભાઈ યોગ્ય ઠેકાણે ગોઠવાઈ ગયો હતો. પોતાની પુત્રી કમળાગૌરીને ગણપતરામે કેળવણી આપી હતી પણ તે કેળવણી અપાતી વખતે તેમણે પુરેપુરૂં ધ્યાન આપ્યું નહિ. કમળા દરરોજ નિશાળે જતી, લોકોને તુંકારા કરતી, ગાળો ભાંડતી, અને નકામા કજીઆ વોહોરતી. તેનીવાત તેઓ જાણતા નહિ અને જાણતા તોપણ પોતાની લાડકવાઇ દીકરીને કોઇ કહેતા નહિ. આથી તે છેક ખરાબ થઇ અને સ્વછંદી બની કોઇ કોઇ વખતે તે માબાપને પણ દબાવતી, અને પોતાના તોરમાં તણાતી. વૃદ્ધ માબાપ હજુ અજ્ઞાન છે એમ સમજી કાંઈ કહેતાં નહિ. અંતે આનાં પરિણામ બહુજ માઠાં આવ્યાં. "કેટલાંક માબાપ પોતાની દીકરી અથવા દીકરાના અવગુણો જાણ્યા છતાં અજ્ઞાનપણું ધારણ કરે છે, તેમને યોગ્ય કેળવણી આપતાં નથી, અને કેળવણી આપે છે તો પુરૂં ધ્યાન આપતાં નથી, તેથી તેઓ સ્વચ્છંદી બને છે, પોતાની મરજીમાં આવે તેમ વર્તે છે અને અંતે ખરાબ રસ્તે ચડે છે. કેળવણી આપતી વખતે નીતિની કેળવણી અપાય છે કે નહિ તે ઉપર માબાપે અવશ્ય લક્ષ આપવુંજ જોઇએ. જો નીતિની કેળવણી આપવામાં આવતી હોય, અને સદુપદેશથી તેને ઘર આગળ મજબુત કરવામાં આવતી હોય તો

ખરાબ પરિણામ ભાગ્યેજ આવે. જ્યારે નીતિની કેળવણી આપવા છતાં અને સદુપદેશથી બરાબર થયા છતાં જો છોકરાં બગડે, ત્યારે તો પછી તેમનાં નશીબ."

કમળાગૌરીને પિતાના ઘરમાં જે જે ખરાબ કટેવો પડેલી હતી, તે સાસરામાં કોઇ સુધારનાર નહોતું. નોકરો પાસેથી હુકમ કરી કામ લેવું તથા આખો દિવસ એશ આરામમાં કાઢવો એ સીવાય તેને કોઇ પણ કામ કરવાનું નહોતું. તેથી તે દિવસે દિવસે વધારે ખરાબ થતી ગઇ. તે દુરાચરણી તથા વિલાસી હતી, અને વળી પૈસાની પણ લોભી હતી. પૈસાનાજ લોભથી તેણે પોતાનું અમુલ્ય પતિવ્રતપણું તજ્યું હતું અને નીચમાં નીચ માણસનો પણ પ્રસંગ પૈસાની ખાતર પાડવામાં ગેર આબરૂ ગણતી નહિ. તે કહેતી કે આબરૂ તે શું ઓઢવા પાથરવા કે ખાવાના કામમાં લાગે છે? ના અને પૈસો તો ઘણાજ ખપમાં આવે છે." જ્યારે તે વડોદરામાં હતી ત્યારે ત્યાં તેણે એક ગોવિંદરાવ કરીને દક્ષિણી રાખ્યો હતો તે તેને પૈસા પુરા પાડતો હતો. કમળાગૌરી પણ ગમે તે બ્હાને તેને ત્યાં જતી અને કલાકોના કલાકો ગુમાવતી હતી. દશ અગીઆર વાગતાં જમી પરવારીને લાલશંકર કચેરીમાં જતા અને જયશંકર નીશાળે જતો; તેઓ છેક સાંજના પાંચ સાડાપાંચને સુમારે ઘેર પાછા આવતા. કમળાની સાસુ બિચારી ભોળી હતી તે બપોરનાં જમી પરવારીને પોતાની મેડીમાં ગમે ત્યાં પડી રહેતી અને કમળા શું કરે છે તે પણ તે જાણતી નહિ. આ પ્રમાણે ઘરમાં અંધેરં ચાલતું હતું તેથી કમળાને તો બહુજ મઝા પડતી. કમળાગૌરી ગોવિંદરાવને ઘેર જતી અને ગોવિંદરાવ પરણેલો નહોતો તેથી તેને પણ મઝા પડતી. તેને તેના પિતા તરફથી દરમાસે રૂ ૨૫) પચીસ ખરચને મા-

ટે મળતા. તે તે કમળાની સાથે મોઝ મજામાં ઉડાવતો અને દેવું પણ કરતો. થોડા રોજમાં દેવું પણ વધ્યું અને તેની તેના બાપને ખબર પડવાથી ગોવિંદરાવને પોતાની પાસે બોલાવી લીધો.

ગોવિંદરાવના ગયા પછી થોડા દિવસે કમળાગોરીએ પાછો એક પૈસાદાર વાણીઓ શોધ્યો અને તેની સાથે પૈસાના લોભને લીધે પ્યાર બાંધ્યો. લોભ શું નહિ કરી શકે? કહ્યું છે કે—

લોભ ઘટાડે લાજ, કાજ બગાડે જો જાગે;
વળિ ઘટે વહેવાર, ભાર શોભા પણ ભાગે.
લોભે લક્ષણ જાય, થાય અન્યાય અધર્મ;
લોભે સૌ સંતાપ, છાપ ચોંટે કુળ કર્મે.
સન્માન માન મોટમ મટે, શુદ્ધ કુળમાં શુળ છે;
સામળ કહે શાણા સમજજો, લોભ પાપનું મૂળ છે.

કવિ સામળભટ.

પૈસાનાજ લોભે અંતે તેને ખરાબ કરી. તે તેની સાથે પ્યારમાં પડી. તે પોતાના જ્ઞાતિ ધર્મનું અભિમાન તજી વણીકની સાથે બેશીને જમતી. વળી અધુરામાં પુરૂં તે દારૂ પીતાં પણ શીખી. હવે તેને સ્વર્ગ માત્ર બે આંગળજ દુર લાગતું હતું તેને હમેશાં નવીન નવીન વિચારો ઉઠતા હતા અને હમેશાં જુદા જુદા તર્કો તે બાંધતા હતી તે વણીક કમળાના સ્વરુપ પરજ તેને મોહ્યો હતો અને કમળા જેવી ખુબસુરત સ્ત્રી પોતાને ચ્હાય છે એ વિચારથી તે હમેશાં આનંદમાં રહેતો. તેને ખબર નહોતી કે જે સ્ત્રી પૈસાનાજ લોભથી પોતાના પતિને તજી મારી પાસે આવી તે મને તજી બીજે કેમ નહિ જાય! તે બિચારો ભોળો હતો અને કમળા કહેતી તેમ હાજી હા કરતો એમને એમ એ-

શ આરામમાં તેણે હજારો રૂપીઆ ઉડાવી દીધા. એક દિવસે કમળાએ તેની પાસે કોઇ ચીજ માગી પણ તે વખતે તેની પાસે નહિ હોવાથી થોડા દિવસનો વાયદો કર્યો, ત્યારે કમળા રીસાઈ. તેણે તેને ઘણી ઘણી નમ્ર વિનંતીઓ કરી, તેને હસાવી ખુશી કરવા તેનાથી બન્યું તેટલું કર્યું પરંતુ સઘળું વ્યર્થ ગયું. અને અંતે કમળા ગુસ્સે થઇ ચાલી ગઇ. વણીકને આથી મનમાં બહુજ ખોટું લાગ્યું, પોતે એક ધનલોભી સ્ત્રીની સાથે પ્યારમાં પડયો અને અંતે આવી દશાને પ્રાપ્ત થયો તેને માટે બહુજ દિલગીર થયો, પોતાના નશીબને ગાળો દેવા લાગ્યો અને મનમાં બોલ્યો.

લોભે તુટે પ્રીત, લોભથી હિત ન હોય;
લોભે ચોરી ચાડી, કરે ગુણવંતા કોય.
લોભે બોલે જૂઠ, લોભથી હત્યા થાય;
લોભે જાય વિદેશ, લોભથી ગાણું ગાય.
લોભી સઘળો સંસાર છે, હોય જેથી પણ હીનતાં;
સામળ બહુ લોભી બે જણ્યાં, વિપ્ર અને વણિવનિતા.

કવિ સામળભટ,

અરે વિચિત્ર કવિ જેટલી ક્રુરતા તે તારી કવિતામાં વાપરી છે તે શું ખરી છે!

હા. હા. તેનું મને અત્યારેજ ભાન થયું. જો બે માસ અગાઉ આવી ખબર હોત તો હું કમળા જેવી આપસ્વાર્થી તેમજ ધન લોભી સ્ત્રીની સાથે પ્યારમાં પડી પૈસો વ્યર્થ ગુમાવતોજ નહિ. કમળા તેં આજે મને આ શીખવ્યું. જો તારો પ્રસંગ ન પડયો હોત તો હું કેવળ અજ્ઞા-

-નજ રહેત અને અંધકારમાં ડુબ્યાંજ કરત. તું મારો ગુરૂ બંધુ. હું તારો ઉપકાર માનુંછું કે તેં મને આવી સારી શીખામણ આપી. હવેથી આવી ભુલ ફરીથી થાય નહિ તેને માટે સાવધ રહીશ અને હમેશાં તને યાદ કરીશ.'' આમ બબડતો બબડતો વણિક ઉદાસ ચહેરે પોતાના ઘર તરફ પાછો ફર્યો.

વણિકને છોડી થોડા દિવસમાં તેણે એક બ્રાહ્મણને પકડયો તે ગોવિંદરાવ તથા વણિક કરતાં કોઇ જુદીજ તરેહનો માણસ હતો તે પૈસા ખરચતો પરંતુ યોગ્ય કામ સરજ ખરચતો. તે કહેતો કે—''પૈસા ફક્ત રંડી બાજી કરવામાંજ કાંઈ વપરાતો નથી, પણ તેનો બીજી ઘણી રીતે ઉપયોગ થઇ શકે છે.'' કમળાગૌરીને પેલાં બે જણ કરતાં આ માથાનો મળ્યો. પ્રથમ તો તેણે તેને ખુબ પૈસા ખવરાવી લોભમાં નાંખી અને અંતે ફસાવી. તે એવી રીતે કે પોતાના ખરચેલા પૈસા બાદ કરતાં દોઢા પૈસા તેના વ્યાજ તરીકે તેણી પાસેથી વસુલ કર્યાં.

એક દિવસે તેણે કમળાગૌરી પાસે કંઠી પહેરવા માગી. કમળાગૌરીએ પહેલાંતો આનાકાની કરી પણ પછીથી કાંઈ વિચાર કરી આપી. તે લઇ પેલો બ્રાહ્મણ રસ્તે પડયો અને છ સાત દિવસ સુધી મોં પણ બતાવ્યું નહિ. કમળા ઘણી ગભરાઇ. અંતે એક દિવસે તે તેને મળ્યો. કમળાએ કંઠી માગી ત્યારે તે તદન ના મુકરરજ ગયો. આથી કમળાના પેટમાં મોટો ધાસ્કો પડ્યો. તેના ટાંટીઆમાં જોર રહ્યું નહિ. તે તદન હિંમત હારી ગઇ. બીજે દીવસે તેણે કંઠી ચોરીમાં ગઇ એમ ખુબ ઉઠાવી પણ અંતે થોડા દિવસ પછી ખરૂં કારણ જાહેર થયું. કમળાની ફજેતી

થઇ. તે જગબત્રીસીએ ચઢી. ઘરમાં જે તેનો ભાર વક્કર હતો તે ઓછો થયો અને વળી તેનો વિશ્વાસ પણ ઉઠી ગયો. આથી કમળાને મનમાં દીલગીરી તો થઇ પરંતુ બે ચાર દિવસમાં તો પાછી પોતે હતી તેવી સ્વચ્છંદી બની ગઇ. મરજીમાં આવે તેમ વર્તવા લાગી તથા તદન બે શરમી થઇ ગઈ. આ વાત બન્યા પછી લાલશંકરે પરદેશમાં પોતાની આબરૂ જવાના ભયથી પુત્રને તેની પત્નિ સહિત ઘર સાચવવાને બ્હાને રાજનગર પહોંચતો કર્યો.

રાજનગર આવ્યા પછી કમળાએ જયશંકરને ધીરે ધીરે પોતાની મોહ જાળમાં ફસાવ્યો. ભોળો જયશંકર તે કપટ જાળમાં ફસાયો. કમળા કહે તેમ હાજી હા કરતો, તેનું સઘળું કહેવું સાચુંજ માનતો અને તેના ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખતો. કોઇ તેની ખરાબ ચાલ વિશે તેની પાસે કહેવા આવે ત્યારે તે કહેતો કે—માણસે એક વખત ભુલ કરી તો તે શું ફરીથી સુધારી શકતો નથી. હાલમાં મારી સ્ત્રી એવી હોયજ નહિ. હાલમાં તો તે તદન સુધરી ગઇ છે. તમો બધા તેના ઉપર વેર રાખોછો અને તેને બીચારીને નાહક પજવવા ઇચ્છોછો પણ તમે એમ નહિ સમજતા કે જયશંકર તમારા કપટથી કહે ભોળવાશે." જે કોઇ કહેવા જતું તે આ શબ્દો સાંભળીને સ્તબ્ધ બની જતું. અને કમળાના પ્રપંચથી આશ્ચર્ય પામતું. તેણે જયશંકરને ભમાવીને ભુત બનાવી દીધો અને તેને પુછ્યા વિના તે પાણી પણ પીતો નહિ. પોતાનો ધણી પોતાની કપટ જાળમાં બરાબર ફસાયો એવી જ્યારે તેને ખાત્રી થઈ ત્યારે તે મનમાં ઘણીજ ખુશી થઇ અને હવે તેને કોઈ કહેનાર નથી એમ સમજી પોતાની મરજીમાં આવે તેમ વર્તવા લાગી

પ્રકરણ ૫ મું.

મનુભાઇ તથા રંકપ્રસાદ જયશંકરને ત્યાં થોડીવાર બેશી રજા લઇ ઘેર જવા નીકળ્યા. જયશંકર તેમને પોળ સુધી વળાવી પાછો ફર્યો, અને ટપાલનો વખત થવાથી ટપાલમાં કાગળ નાંખવા જવાની તૈયારી કરી કપડાં પહેરી બ્હાર ગયો. જયશંકર ગયો એટલે કમળાગૌરી બ્હાર આવી અને પાડોશની બીજી બાયડીઓની સાથે ઓટલા ઉપર ગપ્પાં મારવા બેઠી.

જયશંકરને ત્યાંથી નીકળી બંને મિત્ર તરતજ જૂદા પડયા. મનુભાઇ સીધો પોતાને ઘેર ગયો પણ તેના હૃદયમંદિરમાં કમળાએજ વાસ કર્યો હતો તેથી તેને કાંઈ સુઝયું નહિ. તે પોતાની મેડીમાં ગયો અને ચોપડી ઉઘાડી તેણે વાંચવા માંડયું. પણ તેનું ધ્યાન વાંચવામાં ચોટયુંજ નહિ. અંતે વાળુનો વખત થયો. વાળુ કરી સુવા ગયો પણ તેને નિરાંતે ઉંઘ આવી નહિ. છેવટે તેને કાંઇ યુક્તિ સુઝી હોય તેમ બોલી ઉઠયો. "કાલે એક ચીઠ્ઠી લખી રંકપ્રસાદ સાથે તેને પહોચતી કરીશું. પછી જોઇએ કે શું જવાબ આવે છે! જવાબ આવ્યા પછી બીજી વાત." એમ કહી મન વાળી પોતે સુઇ ગયો.

જયશંકર ટપાલમાં કાગળ નાંખી તાકીદે ઘેર આવ્યો. કમળાગૌરી પણ ઉઠી તરતજ ઘરમાં ગઈ. વાળુ કરી બંને સુવા ગયાં. થોડીવાર પછી જયશંકર ભર ઉંઘમાં પડયો પણ કમળાગૌરીને બીલકુલ ઉંઘ આવી નહિ. તેની દૃષ્ટી આગળ મનુની છબી ખડી થઇ અને તેને તેનાજ વિચા-

રો ઘડીએ ઘડીએ આવવા લાગ્યા. પોતાની જાળમાં તેને કેવી રીતે ફસાવવો એ વિચારે તેને ઘેલી કરી. અંતે કોષ્ઠ ઠરાવ કરી જાણે પોતાના પતિના શરીરને અડતાં પોતે અપવિત્ર થતી હોય તેમ સંકોચાઇને કમનથી પોતાના પતિની સાથે સુતી.

આજે સવારે મનુ વહેલો ઉઠયો અને કપડાં પહેરી એક કાગળ લઇને રંકપ્રસાદને ઘેર ગયો. રંકપ્રસાદ હજી ઉઠયો નહોતો. તેને ઉઠાડયો. મનુને પોતાને ઘેર આજે સવારમાં વહેલો આવેલો જોઇ રંકપ્રસાદ આશ્ચર્ય પામ્યો. અને કોઇ નવો બનાવ બનવાનો છે અથવા તો બન્યો છે એમ કલ્પવા લાગ્યો; દાતણ પાણી કરી મનુભાઇની પાસે આવીને બેઠો અને નીચે પ્રમાણે વાત કરવા લાગ્યો.

રંકપ્રસાદ—અહો ! મનુભાઇ આજે તો આપે મારે ત્યાં પધારીને મુજરંકનું ઘર પાવન કર્યું. શેવકનું એવું તે શું કામ પડ્યું કે તમો જાતે સવારમાં વહેલા ઉઠી મારે ત્યાં પધાર્યા? મને ખબર કરી હોતતો હું પોતેજ આવી આપની શેવામાં હાજર થાત પણ આપે જાતે તસ્દી નહોતી લેવી.

મનુ૦—હશે ભાઇ જે થયું તે ખરૂં ! પણ તું હવે મારૂં સાંભળ. તારે મારૂં આજે એક કામ કરવાનું છે તે ઘણુંજ અગત્યનું છે—તેમ વિશ્વાસનું પણ છે. વળી તે તારા વિના બીજા કોઇથી થાય તેવું નથી. અને બીજાને કહેવાય તેવું પણ નથી. તારા ઉપર મારો પુર્ણ વિશ્વાસ છે અને તે તારાથીજ થાય તેવું છે તેથી તને કહેવાને આ-

બ્યો છું. કુસુમને આ વિશે કાંઇપણ જણાવવું નહિ. વળી તે કરતી વખતે ખુબ ચાલાકી વાપરી છુપી રીતે કરવું. કેમ થશે કની!

રંકપ્રસાદ૦—એવું તે શું કામ છે કે બીજાને કહેવાય તેવું પણ નથી અને બહુજ છુપી રીતે કરવાનું છે! વળી તે પણ કુસુમચંદ્રથી છાનું! તે જરા કહો તો સમજણ પડે. શેવકથી થાય એવું હશે તો કરીશ.

મનુ૦—ભાઇ રંકપ્રસાદ તે કામ તારાથી થાય તેવું છે, અને કદાચ ના બને તેમ હોય તોપણ તારે કરવુંજ પડશે. કુસુમચંદ્રને આ વાત કહેતાં તે ગુસ્સે થશે અને તને ત્થા મને બંને જણને ઠપકો દેશે.

રંકપ્રસાદ૦—ઠીક ભાઈ કહો ત્યારે જો થશે તો કરીશું, નહિ તો તે કામમાં બનતી મદદ કરી આઘા રહીશું.

મનુભાઈ૦—લે સાંભળભાઇ. આ ચીઠી. જે હું તને આપું છું, તે કમળાગૌરીને મારા તરફથી આપી જવાબઆણી આપશો તો હું આપનો મોટો આભાર માનીસ.

રંકપ્રસાદ૦—ભાઇ મનુ તમે આશું કહો છો કમળાગૌરીને ચીઠી આપવાનું તમે આ શું બકો છો! તે કેમ લેશે! શું તમારે મને બનાવવો છે! ના ભાઈ ના તે કામ તો મારાથી નહિજ બને.

મનુ૦—ભાઇ રંકપ્રસાદ આ તું શું કહે છે! હું નહોતો ધારતો કે તું મને આમ છેકજ નિરાશ કરીશ! તું જ્યારે મારૂં આટલું કામ નહિ કરે ત્યારે કોણ કરશે.

રંકપ્રસાદ—ભાઇ મનુ તે કામ બનવું બહુજ મુશ્કે-

લ છે. પરંતુ મારે શું ! લાવો ભાઇ હું તો પહોંચાડીશ. પણ તેમાં કાંઇ ફાયદો નહિ કાઢો !

મનુ૦—ઠીક. ભાઇ ઠીક. ફાંયદાને બાયદો બધુંએ પછીથી જણાશે. હાલમાં તો જે પરણે તેને તો ગાઓ. લો આ ચીઠ્ઠી પહોંચાડજો હવે હું રજા લઉં છું મનુ ગયો. રંકપ્રસાદે ચીઠ્ઠી લઇ પોતાના ગજવામાં મૂકી અને વરઘોડામાં ગમે તે વખતે કાંઇ યુક્તિસર આપવાનો નિશ્ચય કર્યો. જો કમળા મનુની ચીઠ્ઠી સ્વીકારે અને મનુની સાથે પ્રેમમાં જોડાય તો પછી મનુ અને કમળા બેઉ આપણા હાથમાં આવે એ વિચારથી તે ખુશી થયો અને મનમાં બોલ્યો—અચ્ચા મનુ જો કમળાની સાથે તારે સ્નેહ બંધાયો અને તું તેમાં ફસાયો તો પછી રંકપ્રસાદનું તો ભાગ્યજ ઉઘડ્યું ! કમળાને ગમે તેમ કરી હાથમાં લઇશું. પછી મનુ અને બનુ બધાએ એક ઠેકાણે રહેવાના, અને રંકપ્રસાદ કમળાની સાથે લ્હેર કરવાના. અચ્ચા મનુ પૈસો તારો અને બુદ્ધિ મારી અને મારી બુદ્ધિથીજ કમળાને હું મારી પોતાની કરીશ. મનુ તું પણ ફરી ફરીને આવો ક્યારે હાથમાં આવવાનો છે માટે હાલમાં મારો દાવ છે તેથી તને પણ હું નહિજ છોડું" એમ વિચાર કરતો કરતો નીચે ન્હાવાને ગયો.

આજે રંકપ્રસાદની જ્ઞાતીમાં એક જણને ઘેર લગ્ન હતું. તેનો વરઘોડો સવારમાં આશરે નવેક વાગતાંને સુમારે ચઢવાનો હતો. તેથી તેની જ્ઞાતિની સ્ત્રીઓ સારાં સારાં વસ્ત્રાભુષણ પહેરીને—બની ઠનીને—કેટલીક ધીમે ધીમે વાતો કરતી—અને કેટલીક મંદમંદ હાસ્ય કરતી

પોતાની સખીઓ સાથે ઉમંગથી જતી હતી. જેને ત્યાં લગ્ન હતું તેને ત્યાં ઘણું માણસો ભેગાં થયાં હતાં. વરઘોડો ચઢવાની માત્ર કલાકનીજ વાર હતી. ત્યાં એક તરફ સાજન વર્ગ આવી બેઠેલો હતો અને પાન સોપારીનો સારો ઉપયોગ થઇ રહ્યો હતો, ત્યારે બીજી તરફ સ્ત્રીઓ માંગલિક ગીતો ગાતી હતી. એટલામાં ઘરમાંથી વરરાજાને પીઠી ચોળવાને બોલાવવા આવવાથી કેટલીક ઘરમાં ગઇ. વરરાજાને પીઠી-ચોળી નવરાવી—પીતાંબર પહેરાવી–શાલ ઓઢાડી તથા માથે ફુલનો મોટો ખૂંપ મૂકી–અને હાથમાં શ્રીફળ રૂપીઓ આપી બહાર લાવ્યા તેને માટે જે ઘોડો તૈયાર રાખ્યો હતો તેના ઉપર તેને બેસાડયો વરરાજાના અશ્વારૂઢ થયા પછી વરઘોડો ધીમે ધીમે ચાલ્યો તેમાં વરરાજાના ઘોડા સીવાય બીજા એંશી ઘોડા હતા. તેના ઉપર કેટલાક નાગરના તેમજ કેટલાક બીજા ગૃહસ્થોના છોકરાઓને સારાં સારાં વસ્ત્રાભુષણ પહેરાવી સાબેલા તરીકે બેસાડેલા હતા, વરઘોડામાં સૌથી આગળ નિશાન ડંકો હતો, તેની પાછળ ધીમે ધીમે ચાલતા સાબેલાના અશ્વો હતા. અને વચ્ચમાં કોઇ કોઇ ઠેકાણે તાંસા તથા ઢોલવાળાને ગોઠવી દીધા હતા. વળી વચ્ચમાં એક ઠેકાણે નાનું વાજું પણ ગોઠવી દીધું હતું. ત્યાર પછી ધીમે ધીમે પાલખીઓ આવતી દેખાઇ. તેમાં નાનાં નાનાં છોકરાં કે જે ઊંઘતાં અથવા કોઇ નાગાં પડેલાં હતાં પાલખીઓની પાછળ એક હાથી હતો તેની અંબાડીમાં આશરે ચારેક જુવાનીઆઓ ભારે આડંબરથી બેઠેલા હતા હાથીની પાછળ સુરતથી મંગાવેલું વાજું હતું. વાજાવાળાની

પાછળ સાજન વર્ગ હતો તેમને ખુશી કરવાને વાજાવાળાઓ, પોતાના સારા સારા રાગો વગાડી ઘણીજ મહેનત લેતા હતા, સાજનની પાછળ વરરાજાનો અશ્વ હતો. અને તેના માથે તેને તાપ લાગે માટે એક સુંદર છત્રી ધરેલી હતી. તે અશ્વની પાછળ સ્ત્રીઓ સુંદર ગીતો ગાતી ધીમે ધીમે ચાલતી હતી.

વરઘોડો ફરતો ફરતો બજારમાં આવ્યો, તે જોવાને બજારમાં ઘણા માણસોની ઠઠ ભરાઇ હતી. કેટલાંક નાનાં છોકરાં જોવાની આતુરતાથી આગળ જઇ ઉભા રહેવા પ્રયત્ન કરતાં હતાં કેટલાક જુવાનીઆઓ જોરથી ધક્કા મારી આગળ ઉભા રહેતા. કેટલાક પોતાની અથવા ઓળખીતાની બારી અથવા છજામાં આવી ઉભા રહેતા. અને કેટલાક તો દુકાનદારોની દુકાનના ઓટલા ઉપર ચઢી વરઘોડો જોવાને ઉભા હતા. વરઘોડો બજાર ફરી જ્યાં ઉતરવાનો હતો તે તરફ વળ્યો. માણસો વેરાયાં અને વરઘોડો આશરે બારેક વાગતાં તેની ઉતરવાની જગ્યાએ ઉતર્યો. વરઘોડામાં આવેલાં માણસો નાળિએરઆદિ લઇ ધીમે ધીમે વેરાવા લાગ્યા. પુરૂષવર્ગ ઓછો થયો તેમ સ્ત્રી વર્ગ પણ ધીરે ધીરે ઓછો થવા લાગ્યો. આખરે વરઘોડામાં આવેલાં તમામ માણસો વેરાયાં એવામાં એક યુવાને આવી એક તરૂણ સ્ત્રીના હાથમાં પત્રિકા આપી. તે લઇ તેણીએ પોતાના કમખામાં ઘણીજ સંભાળથી મૂકી. અને ચાલતી થઇ. વાંચનાર સમજ્યા તો હશે. પરંતુ ના સમજ્યા હોય તો મારે કહેવું જોઇએ કે ચીઠી આપનાર તે રંકપ્રસાદ અને પેલી તરૂણ સ્ત્રી તે કમળાગૌરી.

રંકપ્રસાદને ત્યાંથી નીકળી મનુભાઇ સીધો પોતાને ઘેર ગયો અને જમી પરવારી આશરે અગીઆરેક વાગતાં કુસુમચંદ્રને ઘેર ગયો. કુસુમચંદ્ર તે વખતે બહાર ગયો હતો. તે તેની રાહ જોતો બેઠો પણ કુસુમ આવ્યો નહિ. થાકીને ઘર તરફ જવા ઉઠયો. વસંતગૌરીને કહીને રસ્તે પડયો કુસુમને ત્યાંથી પાછા ફરી ઘર તરફ જતાં તેને એક તરૂણ સ્ત્રીએ અટકાવ્યો અને કહ્યું " મનુભાઇ ખુશીમાંતો ખરા ?" રસ્તા વચ્ચે એક તરૂણ સ્ત્રીએ ઓચિંતો પોતાને બોલાવ્યો તેથી મનુ ચમક્યો. જવાબ નહિ મળવાથી તે સ્ત્રીએ ફરીથી પુછયું. મનુભાઇ બોલશોએ નહિ કે ? મનુએ જવાબ દીધો. શા માટે નહિ વારૂ ? હું ઇશ્વર કૃપાથી ખુશીમાંછું.

સ્ત્રી૦—ઠીક. આપ કયાંથી પધાર્યા અને કયાં જાઓછે?

મનુ૦—હું કુસુમચંદ્રને ઘેરથી આવુંછું. હું તેમને ત્યાં ગયો તે વખતે તેઓ બહાર ગયા હતા. પરંતુ અત્યાર સુધી તેમની રાહ જોઇ પણ આવ્યા નહિ એટલે હવે ઘેર જાઉંછું.

સ્ત્રી૦—બહુ સારૂં પણ હાલમાં વડોદરેથી કાંઇ સમાચાર આવ્યા છે કે ?

મનુ૦—હા. ગઇ કાલેજ મારા કાકાજીનો પત્ર આવ્યો છે તેમાં લખે છે કે પોતે બે ત્રણ દિવસમાં અત્રે આવશે વળી તમારા સસરાજી પણ આવવાના છે.

સ્ત્રી૦—શું મારા સસરાજી પણ આવવાના છે ? પણ તેમણે અમોને કેમ નહિ લખી જણાવ્યું વારૂ ?

મનુ૦—હા. કમળાગૌરી તેઓ આવવાના છે. તમારે ત્યાં આજે અથવા કાલે પત્ર આવશે.

સ્વ'૦—ઠીક. આજે તમો મારે ત્યાં પધારશો કે ?

મનુ૦—એ અત્યારથી કહી શકતો નથી પણ અવાશે તો આવીશ.

સ્ત્રી૦—આવો તો વધારે સારૂં પછી તો જેવી આપની મરજી.

મનુ૦—બહુ સારૂં.

વાંચનાર મનુભાઇ કમળાગૌરીની સાથે વાત કરે છે તેથી જરા પણ ગભરાઇશ નહિ. તેઓ પહેલાં પણ આ પ્રમાણે વાતો કરતાં હતાં અને જ્યારે મળે ત્યારે અરસપરસ વડોદરાના સમાચાર પણ પૂછતાં હતાં.

કમળા૦—વારૂ ત્યારે હવે હું રજા લઉછું.

મનુ૦—ઠીક.

કમળાગૌરી રસ્તે પડી એટલે મનુભાઇએ પણ પોતાના ઘર તરફ પગલાં ભર્યાં. રસ્તામાં મનુભાઇને ઘણા વિચારો આવ્યા. પોતાને કમળાએ રસ્તા વચ્ચે શામાટે બોલાવ્યા વળી મારે ત્યાં આવો તો સારૂં, વગેરે અનેક તરેહના વિચારે તેને ગુચવાડામાં નાખ્યો. પોતાની ચીઠ્ઠી પહોંચી હશે કેમ ત્યાં તેનો શું જવાબ આવશે તે વિચારથી તેનું મસ્તક ભમ્યું અને ગાંડા હાથીની માફક પગલાં ભરતો ઘર તરફ ગયો. આખરે ઘર આવ્યું અને વિચાર માળાને પડતી મૂકી ઘરમાં ગયો. ઘરમાં જઇ પોતાની મેડીમાં ગયો અને કપડાં કાઢી આરામને માટે પલંગપર

જરા આડો પડયો.

મનુભાઇ પાસેથી રજાલઇ કમળાગૌરી ઘેર ગઇ. ઘેર જઇ કપડાં બદલી જમી. અને જમી પરવારી કપડાંની ગડીઓ વાળી, તેને ઠેકાણે મૂકી પોતાની ઓરડીમાં ગઇ. તે વખતે જયશંકર ત્યાં નહોતો. તેતો જમીને ક્યારનોએ બહાર ગયો હતો અને સાંજનો પાછો ફરવાનો હતો તેથી કમળાને નિરાંત હતી. ઓરડીમાં જઇ રંકપ્રસાદે આપેલો કાગળ કાઢયો. કાગળ કાઢતાંજ તુરત અક્ષર ઓળખ્યા અને જરા મલકાઇ કાગળમાં શું લખ્યું હશે તે જાણવા આતુર બની. અને વાંચવા લાગી.

" કમળાગૌરી " રાજનગર તા. ૧૧

હું આ અગોચર સૃષ્ટિનો એક પ્રવાશી છું, અને મારો પ્રવાસ લંબાવતો અંતે તારી પાસે આવી ચઢયો છું. મુસાફરને મુસાફર વિના સોબતી કોણ ? તેમ તેને મુસાફરખાના વિના ઉતારો કયાં ! હું મારી મુસાફરીના સોબતી તરીકે તને ગણું છું અને તારા મનરૂપી મુસાફરખાનામાં ઉતારો કરવા આશા રાખું છું, એટલે કે તારી સાથે હું પ્રેમ બાંધવા ઇચ્છું છું. તેમાં તું મને નિષ્ફળ નહિંજ કરે એવી આશા છે. તું સમજુ છે. વધારે લખવાને મને પુરતા શબ્દ નહિ જડતાં મારી કલમ અટકે છે એજ તા. સદરહુ.

લી.

પ્રેમાકાંક્ષી.

મનુ—

ઉપર પ્રમાણે પત્ર વાંચી મનમાં ઘણીજ ખુશી થઇ. પોતાને ભાવતું તો હતું અને વળી વૈદે કહ્યું એટલે હવે શાની અડચણ મુગતો મનુભાઇની સાથે પ્રેમ બાંધવાને આતુર હતી અને વળી તે ઉપાયતો શોધતીજ હતી તેથી જ્યારે તેની ચીઠી આવી ત્યારે તે ના કેમ પાડે વારૂ ! મનમાં મગ્ન થતી થતી મેજ પાસે ગઇ. નોટપેપર કાઢી તુરતને તુરત જવાબ લખ્યો. જવાબ તો લખ્યો પરંતુ કોની સાથે મોકલાવવો તે વિષે વિચારમાં પડી. આખરે કાંઇ યાદ આવતાં નોકરને ઉપર બોલાવ્યો. નોકર આવ્યો અને તેની સામે હુકમ સાંભળતો ઉભો રહ્યો—તેણીએ તેને કહ્યું—જા આ કાગળ મનુભાઇને આપી આવ. જો જે બીજે કોઇ ઠેકાણે ખોટી થતો નહિ. તાકીદે જજે નહિતો તે પોતે બ્હાર જતા રહેશે તેમના હાથો હાથ આપવાનો છે. જો તેઓ ઘરઆગળ ના હોયતો પાછો લાવજે, પણ બીજાને આપીશ નહિ.

નોકર કાગળ હાથમાં લઇ ડોકું ધુણાવી ચાલતો થયો. તે બિચારો કાળાઅક્ષરને કુટી મારે તેવો હતો તેથી કમળા જેમ કહે તેમ કરતો. તે મનુને ત્યાં જવા નીકળ્યો. અને કમળાગૌરી આનંદમાં મસ્ત બની પલંગપર જરા આડી થઇ. અને વિચારમાંને વિચારમાં નિંદ્રાધીન થઇ. આશરે કલાક પછી જ્યારે મનુને ત્યાં જઈ નોકર પાછો આવ્યો અને બારણું ઉઘાડયું ત્યારે તેનો ખણખણાટ થવાથી તે ઝબકી અને જાગૃત થઇ.

પ્રકરણ ૬ ઠું.

જયશંકર ને ત્યાંથી કમળાગૌરીનો કાગળ લઇને તેનો નોકર ઘરબહાર નીકળી રસ્તે પડયો. અડધે રસ્તે ગયા પછી મનુભાઇ કયાં છે તે પુછવુંતો ભુલી ગયો એમ યાદ આવવાથી તે ફીકર કરવા લાગ્યો અને ઘર તરફ પાછો જવાનો વિચાર કર્યો. એટલામાં તે રસ્તે થઇને એક જુવાન માણસ જતો હતો તેને બોલાવીને કહ્યું—"મેહરબાન સાહેબ આ નામનો માણસ કયાં રહે છે જરા કહેશો !" એમ કહીને તે જુવાનના હાથમાં પત્ર આપ્યો. પત્ર હાથમાં લઇ ઉપર લખેલા શરનામા ઉપર નજર કરી. શરનામુ વાંચતાંજ તે ચમકયો અને બોલ્યો અલ્યા આ કાગળ તું કયાંથી લાવ્યો !

નોકરે જવાબ દાધો—એતો મારી શેઠાણીએ આપ્યો છે. ઠેકાણું બતાવતા હોતો બતાવો નહિતો મારો કાગળ પાછો આપો એટલે હું વળી કોઇ બીજાને પુછી જોઇશ. મારી શેઠાણીએ મનુભાઇ શીવાય બીજાને આપવાની ચોખ્ખી ના પાડી છે.

તે જુવાન વિચારમાં પડયો—અને બોલ્યો—અલ્યા તારી શેઠાણીનું નામ શું !

નોકર—કમળાગૌરી.

જુવાન—વારૂ. પણ તું મનુભાઇને ઓળખે છે કે !

નોકર—હા. સાહેબ. શા માટે ન ઓળખું. તે તથા રંકપ્રસાદ ગઈ કાલેજ અમારે ત્યાં આવ્યા હતા. અને શેઠ તથા શેઠાણીની સાથે કયાંઇ સુધી વાતો કરી હતી.

જુવાન (કાંઇ વિચાર થતાં કાગળ વાંચવાનો નિશ્ચય

કરી બોલ્યો.) ઠીક અહીં ઉભો રહે હું હમણાંજ તને કાગળ પાછો આપું છું.

એમ કહી કાગળ ઉઘાડી વાંચવા લાગ્યો વાંચનાર જુવાનને કાગળ વાંચતો જોઈ ગભરાઇશ નહિ. તે કાગળ વાંચનાર જુવાન તે બીજો કોઇજ નહિ પણ મનુભાઇનો પ્રિય મિત્ર કુસુમજ હતો કાગળ વાંચી મનમાં તે બહુજ ગુસ્સે થયો પણ તે વખતે મન શાંત રાખી કાગળ હતો તેમ વાળી નોકરને પાછો આપ્યો અને ઠેકાણું બતાવ્યું—નોકરે કાગળ હાથમાં લીધેઃ કુસુમચંદ્રને સલામ ભરી ચાલતો થયો. બિચારો કુસુમચંદ્ર પણ ઉદાસ ચહેરે વિચાર કરતો કરતો ઘર તરફ ગયો.

આપણે જાણીએ છીએ કે મનુભાઇ ઘરમાં આવી આરામને માટે બે ઘડી પોતાની મેડીમાં સુતો હતો. ત્યાર પછી તે અઢી અથવા ત્રણને સુમારે જાગ્યો. મોં ધોઇ સાવધ થઇ પોતાના મેજ પાસે વિચાર કરતો બેઠો. એટલામાં કોઇએ બૂમ પાડી તે ઉઠયો અને તેને ઘરમાં બોલાવી પોતાની ઓરડીમાં લઇ ગયો. તે માણસ બીજો કોઇજ નહિ પણ કમળાગૌરીનો મોકલેલો નોકરજ હતો તેણે કાગળ મનુના હાથમાં આપ્યો કાગળ હાથમાં લઇ સરનામું જોઇ કમળાના હસ્તાક્ષર ઓળખ્યા અને ઉપરનું પરબીડીયું ફોડી વાંચવા લાગ્યો.

રાજનગર. તા.

"પ્રેમી મનુ"

આપનો પત્ર મને મળયો છે. તે વાંચી મનમાં ઘણોજ હર્ષ થયો છે. તમો આ અગોચર સૃષ્ટિમાં મુસાફરી કરતી વખતે સોબતી માગો છો તે થવા હું ખુશી છું તેમ-

જ મારા મનરૂપી મુસાફરખાનામાં પણ વાસો વસવા દેવા ખુશી છું એટલે હું તમોને ન્હોતરૂં છું જ.

સી૦

મળવાને આતુર

કમળાના પ્રણામ.

મનુભાઇને આશા નહોતી કે ચીઠ્ઠીનો જવાબ આવે અને તેપણ વળી આટલો વહેલો તેથી તે ચીઠી વાંચીને મનમાં બહુજ ખુશીથયો આ સમાચાર રંકપ્રસાદને કહેવા સારૂ પોતે કપડાં પહેરી તેને ઘેર જવાની તૈયારી કરવા લાગ્યો એટલામાં તો તે પોતેજ આવ્યો. તેને આવ્યો જાણી મનુના આનંદનો પાર રહ્યો નહિ તેને ખુરશીપર બેસાડીપોતે તેની જોડે બેઠો અને સઘળી વાત કરી રંકપ્રસાદે ઉપરથી પોતે ઘણોજ ખુશી થયો હોય તેમ બતાવ્યું પણ અંદરથી કમળાએ ચીઠીનો જવાબ બારોબાર શામાટે મોકલાવ્યો હશે એવિચારથી તે બહુ જ દીલગીર થયો ઘડીકમાં તે કમળાઉપર અને ઘડીકમાં તે મનુ ઉપર ગુસ્સે થતો મનમાં બડબડવા લાગ્યો મનુ ખુશીના આવેશમાં આમાંનું કાંઇ સમજી શક્યો નહિ. તેણે રંકપ્રસાદને વિચારમાં પડેલો જોઈ કારણ પુછ્યું ત્યારે તેણે આડાંઆડાં બ્હાનાં કાઢી વાત ઉડાડી અને તેના મનનું સમાધાન કર્યું એટલામાં ઘડીઆળમાં પાંચ વાગ્યા અને મનુ તથા રંકપ્રસાદ ગાડી મંગાવી કાંપ તરફ ફરવા ગયા.

પ્રકરણ ૭ મું.

કુસુમચંદ્રે કમળાગૌરી વાળી ચીઠી નોકરને પાછી આપી અને પોતે પોતાના રસ્તે પડયો. મનુની ચીઠી તેની ર-

કુસુમ૦—ના.

વસંત૦—ત્યારે શું તેમણે વિષપાન કર્યું ?

કુસુમ૦—ના.

વસંત૦—પ્રાણનાથ આપ હવે બરાબર જવાબ આપવા કૃપા કરશો. કેમકે આમાંતો મને બીલકુલ સમજણ નથી પડતી આપ ગર્ભમાં બોલોછો તેની મને શી ખબર પડે વારૂ.

કુસુમ૦—પ્રિયા મનુભાઈ કમળા સાથે...(અટકી જાય છે)

વસંત૦—પ્રિયપતિ વળી મનુભાઈની વાત સાથે કમળાની વાતને શો સંબંધ છે ? વ્હાલા વાકય તો જરા પુરૂં કરો.

કુસુમ૦—વ્હાલી મનુભાઇ—કમળા સાથે—પ્યારમાં પડ્યો છે.

વસંત૦—શું મનુભાઇ જેવા સુજ્ઞ માણસ પણ કમળા જેવી દુર્ગુણી સ્ત્રીના પ્યારમાં પડયા છે ?

કુસુમ૦—હા-મારી વ્હાલી-હા અને તે વિચારેજ મને ઘેલો બનાવ્યો છે.

વસંત૦—ઓહો ! પ્રાણનાથ તેમાં આપ આટલાબધા ગભરાઓછો શું-હિંમત રાખો અને મનુભાઇને શીખામણ દો પરંતુ આમ છેક દીન શું બની જાઓછો !

કુસુમ૦—વ્હાલી પ્રિયા મને તો કાંઇ સુઝતું નથી. હવે તો તું કાંઇ ઉપાય બતાવે ત્યારે.

વસંત૦—ઠીક પ્રાણનાથ ત્યારે હવે આપ મનુભાઈને ઘેર જાઓ અને શીખામણ દઇને કહોકે જે સ્ત્રીએ પૈસાના લોભથી પોતાના પતિને તજીને તમારી સાથે પ્રેમ બાંધ્યો છે તે તને છોડી બીજાની સાથે કેમ નહિ બાંધે ?

કુસુમ૦—વ્હાલી તારૂં કહેવું ખરૂંછે પરંતુ તે જરી

છે અને તે એકદમ એમ માને તેવો નથી માટે કોઇ સાબીતી કેમકે કમળાએ વળી કોણ જાણે શોએ ઘોટાળો વાળ્યો હશે.

વસંત૦—ઔર પ્રાણનાથ જે બનવાનું હોય તે બને તમારે સાબીતી જોઇએ છીએ કે બીજું કાંઇ.

કુસુમ૦—બસ ફક્ત મારે સાબીતીજ જોઇએ બીજું કોઇ હું માગતો નથી.

વસંત૦—વારૂ ત્યારે સાંભળો પેલા વડોદરાવાળા દાખલા તમોને કાંઇ યાદ છે કે નહિ?

કુસુમ૦—પ્રિયા વડોદરાવાળા કિયા દાખલા વારૂ!

વસંત૦—પેલા વણિક અને કંઠીવાળો બ્રાહ્મણ એ બેઉના શું એટલામાં ભુલી ગયા કે!

કુસુમ૦—હા. વ્હાલી હું તેને તદન ભુલી ગયો હતો હવે મને યાદ આવ્યા. હવે હું જાઉંછું મનુને સમજાવુંછું જો સમજશે તો સારૂં પછીતો તેનું નશીબ.

વસંત૦—બહુ સારૂં પ્રાણનાથ વહેલા પધારજો.

કુસુમ૦—કપડાં પહેરી તૈયાર થઇ મનુને ઘેર ગયો અને કમળાગૌરી પોતાના પતિના ગયા પછી નીચે ગઇ અને પોતાના કામે લાગી.

પ્રકરણ આઠમું.

કુસુમચંદ્ર પોતાને ત્યાંથી કપડાં પહેરી મનુને ઘેર ગયો. મનુભાઇતો રંકપ્રસાદની સાથે કાંપમાં ફરવા ગયો હતો તે હજુ સુધી આવ્યો નહોતો, તેથી કુસુમે પાછા ફરવાનો વિચાર કર્યો. વળી કાંઇ વિચાર થતાં તે વિચારમાંડી વાળ્યો અને મેડા ઉપર જઇ મનુભાઇની મેડીમાં તેવી

રાહ જોતો બેઠો. આશરે અડધા કલાક પછી ગાડી આવી. ગાડીમાંથી ઉતરી મનુભાઈ ઘરમાં ગયો અને કપડાં કાઢી પોતાની મેડીમાં ગયો ત્યાં તેણે કુસુમચંદ્રને પોતાની રાહ જોતો બેઠેલો જોયો અને બોલ્યો—ઓહો! કુસુમભાઈ તું અત્રે ક્યાંથી! ક્યારનો તું મારી રાહ જોતો બેઠો છે?

કુસુમ૦—ભાઇ મનુ હું ઘેરથીજ ખાસ તને મળવાને માટેજ આવ્યોછું. મને અત્રે આવે આશરે અડધો પોણો કલાક થયો.

મનુ૦—ભાઈ બહુ સારૂં કીધું કે તું મારે ત્યાં આવ્યો નહિતો મારો પણ આજે તને મળવા આવવાનો વિચાર હતો.

કુસુમ૦—મને મળવા આવવાનો? કેવી નવાઇની વાત! આજતો મારેજ મળવા આવવું જોઇએ વારૂ!

મનુ૦—એમ કેમ ભાઈ?

કુસુમ૦—ભાઈ મનુ જ્યારે કોઈ માણસ પોતાના કોઇ પણ ધારેલા કામમાં ફત્તેહ પામે, ત્યારે તેના મિત્રોએ તેને મુબારકબાદી આપવી જોઇએ તે પ્રમાણે આજે તું તારી ધારણામાં ફત્તેહ પામ્યો છે અને તારે હર્ષનો દિવસ છે. તેથી મારેજ મળવા આવવું જોઇએ. કેમ નહિ વારૂ!

મનુ૦—ભાઇ કુસુમ તું તો આજે કાંઇ માર્મિક શબ્દો બહુજ બોલે છે. મને તો આમાં કાંઇ સમજણ પડતી નથી

કુસુમ૦—હા ભાઈ હા તું કહે છે તે બધું એ હું સમજ્યુંછું. હવે કુસુમચંદ્રનું બોલવું ક્યાંથી સમજાય! એનો રકમ્પસાદ અને કમળાનું બોલવું સમજાય! કેમ ખરૂં કે નહિ! પણ ભાઇ આગળ પસ્તાશો ત્યારે યાદ કરશો!

મનુ જાણે તરવારનો ઝટકો લાગ્યો હોય તેમ ચમ-

કર્યો અને થોડીવાર ચુપ રહ્યો. પછીથી હિંમત રાખી બોલ્યો—ભાઈ કુસુમચંદ્ર રંકપ્રસાદ સાથે તો જાણે થોડો વખત થયાં મારે મિત્રતાનો સંબંધ છે તે તું જાણે છે, પણ કમળા કોણ છે વારૂ !

કુસુમ૦—શું કમળા કોણ છે! ભાઈ શું તુ તેને નથી ઓળખતો !

મનુ૦—ના—ભાઇ—ના—જો હું ઓળખતો હોઉં તો તને પુછુંજ શામાટે !

કુસુમ૦—શું ત્યારે મારેજ તને તે ઓળખાવવી પડશે ! પણ પહેલાં તું તારા મનને પુછીનેજ ખાતરી કર.

મનુ૦—ભાઇ એતો મેં ક્યારની એ ખાત્રી કરી છે.

કુસુમ૦—કેવી નવાઇની વાત કે તું તારી માસુકને પણ નથી ઓળખતો ?

મનુ૦—(જરા ગુસ્સાથી) શું કમળા મારી માસુક! હું તેનો ચ્હાહું છું ? કુસુમચંદ્ર તું આ શું બકે છે ! હું તેને ઓળખતો તો નથી (જરા શાંત થઇને) ભાઇ જરાતો વિચાર કર.

કુસુમ૦—હા—ભાઇ—હા—તેજ તારી માશુક હું તો જે બોલુંછું તે વિચાર કરીનેજ બોલુંછું પણ ભાઇ તારૂં ચિત્ત ઠેકાણે નથી,

મનુ૦—પણ ભાઈ—

કુસુમે તેને બોલતો અટકાવીને કહ્યું-ભાઇ હવે તારૂ બોલવું બંધ કર. હવે તારી વાતમાં ભળવા હું બીલકુલ ઇચ્છતો નથી માટે નાહક જુઠું બોલી એ ગુનાહ નહિ કર.

મનુ૦—ભાઈ કુસુમ તેં શા ઉપરથી જાણ્યું કે હું

જુઠું બોલુ છું ?

કુસુમ૦—બાઈ જાણે છું તો નાનો કીકો છું એટલે હું શું જાણું વારૂ ? પણ સઘળું જાણે છે તો તુંજ કેમ નહિ વારૂ ?

મનુ પોતે પકડાઇ ગયો અને કુસુમે સઘળી વાત જાણી એથી નીચું જોઇ બેસી રહ્યા અને કાંઇ જવાબ આપ્યો નહિ. જવાબ નહિ મળવાથી કુસુમને બહુજ કોપ થયો બુને બોલ્યો. બસ બસ મનુ હવે તારૂ ચિત્તજ ઠેકાણે નથી જ્યારથી તેં રંકપ્રસાદની ભાઇબંધી કરી ત્યારથીજ તારી પરિક્ષા થઇ ગઈ મનુભાઇ મને ખબર નહોતી કે તું આમ છેકજ ખરાબ રસ્તે ચ્હડી જઇશ. તારી બુદ્ધિ કયાં ? તારા શુદ્ધ વિચાર કયાં ! આ વખતે તારૂં ડહાપણ કયાં નાશી ગયું. પારકી સ્ત્રીઓપર દાનત બગાડવી. તેમના ઉપર ચીઠીઓ લખવી અને તેના ઉત્તર મંગાવવા એ કામ તારા જેવા ખાનદાન માણસને છાજે કે ? આ તું શું કરે છે ! મૂર્ખ જરા તો વિચાર રાખ બાઇ એ તો કવિઓએ પણ કહ્યું છે કે—

જેને જેવો સંગ રંગ પણ તેવો બેસે;
જેને જેવો સંગ પ્રેમ પણ તેવો પેસે.
જેને જેવો સંગ, કામ તેવાં તે કરશે;
જેને જેવો સંગ, ઠામ તેવે તે ઠરશે.

સામળભટ.

ભાઇ તેમાં તારો કાંઇ પણ વાંક નથી. વાંક તો વિધાત્રાનો—કે તને નીચ માણસોનો પ્રસંગ પાડયો. પણ ભાઇ અત્યારે ભુલ સુધરશે નહિ તો પછી પાછળથી બહુ પસ્તાઇશ. હું માત્ર મારી ફરજ બજાવી છુટું છુ ? પરંતુ તું

આગળ ઉપર મને યાદ કરીશ. "

મનુ૦—ભાઇ ત્યારે શું મેં કમળા ઉપર ચીઠી લખી છે.

કુસુમ૦—હા. ભાઈ તે મનુએજ કમળા ઉપર ચીઠી લખી છે.

મનુ૦—શું સાબીતી.

કુસુમ૦— શું સાબીતી ! સાબીતીતો એજ કે કમળાગૌરીનો નોકર આજે તને તારી ચીઠીનો જવાબ આપી ગયો અને તે પણ વળી આશરે ત્રણ અને ચારની વચ્ચે કેમ ખરૂંકની !

મનુ૦—તદન ખોટી વાત ! તદન ખોટી વાત !

કુસુમ. ચુપ રહે નીચ લંપટ. જુઠું બોલી નાહક પાપમાં શાને પડે છે ? તારી મતિ ભ્રષ્ટ થઇ છે ! તું કામમાં છે. તારૂ અનિષ્ટ થવા બેઠું છે તેથી તને સદબુદ્ધિ ક્યાંથી સુઝે ! દરદીને અને ગરજીને અક્કલ હોતી નથી; તેમ તારે પણ અક્કલની સાથે લઢાઈ થઇ છે અને તેમાં તું ફત્તેહ પામે એવી આશા હવે મારાથી એકાએક રખાતી નથી સમજ મૂર્ખ જરાતો સમજ, હજુ વખત છે? ભાઇ પરસ્ત્રીની સાથે પ્યારમાં પડી કોણ સુખી થયું છે કે તું થઇશ ? પરસ્ત્રીના પ્રેમના ફંદામાં ફસાનાર મોટા ચક્રવૃતિ રાજાઓનાં રાજપાટ પાયમાલ થઇ ગયાં–તેમને રાજપાટ ઘરબાર છોડી જંગલમાં નાસવું પડયું તો પછી તારી તે શું ગણત્રી ? વળી જે આ પરદેશમાં પૈસાનાજ લોભે ગોવિંદરાવ તથા વણિકની સાથે પ્યારમાં પડેલી, તે તને તજીને જતાં કેમ વાર કરશે ! જેણે પોતાના પતિને દગો દીધો. તે તને કેમ નહિ દે ! તારી આશાઓ નષ્ટ

કેમ નહિ કરે ! અને અંતે તને ફસાવશે નહિ તેની શું ખાતરી ! તારા હાથમાં રત્ન છે તે મૂકીને તું પથ્થર શાને ગ્રહણ કરે છે ! અમૃતપાન તજીને વિષપાન તું શાને કરે છે ! મૂઢ જરાતો વિચાર રાખ આગળ બહુ જ પસ્તાવો થશે, એમ બોલતો બોલતો ઉભો થયો અને ઘર તરફ જવા સારૂ બારણાં તરફ ગયો. મનુએ તેનો હાથ પકડી જતાં અટકાવ્યો અને બોલ્યો—ભાઇ કુસુમ જરા બેસતો ખરો આમ ગુસ્સામાં ચાલ્યો શું જાય છે !" પણ મનુને પોતાના બોલવાથી કાંઇ પણ અસર હજુ નથી એમ સમજી કુસુમની આંખમાં આંસુ આવ્યાં અને ગુસ્સાને ગુસ્સામાં તેનો હાથ તરછોડી ચાલતે થયો.

કુસુમચંદ્રના ગયા પછી મનુ અનેક તરેહના તર્ક વિતર્ક કરતો પોતાની મેડીમાં એકલો બેઠો. કુસુમ ગયો તો છો, ગયો ગુસ્સો ઉતરશે એટલે ઠેકાણે આવશે એને ઘેર જઇને જરા સમજાવીશું એટલે સમજશે એમ કરી મન વાળ્યું એટલામાં વાળુનો વખત થવાથી તેના દાદાજીએ બુમ પાડી તેથી તે નીચે વાળુ કરવાને ગયો. વાળુ કરીને ઉપર આવ્યો અને થોડી વારસુધી બેસી અમુક વાત વિશે વિચાર કરી સુઇ ગયો.

કુસુમચંદ્ર પણ મનુભાઇને ત્યાંથી ઉદાસ ચ્હેરે પોતાની ધારણામાં નિષ્ફળ થવાથી ચાલ્યો થોડી વાર પછી તેનો ગુસ્સો શાંત પડ્યો અને બોલ્યો. હાલમાં આપણે જે કહીશું તે વ્યર્થ જશે. પરંતુ જ્યારે ફસાસે ત્યારે પોતાની મેળેજ ઠેકાણે આવશે. માટે હવે આપણે આઘેથી જોયાં કરવાનો વખત છે. સમયને અનુસરીનેજ કામ કરવું તેજ સારૂં છે એમ વિચાર કરતો કરતો પોતાને ઘેર ગયો. ઘર-

માં સઘળાં વાળુ કરવાને માટે તેની રાહ જોઇને બેશી રહ્યાં હતાં કપડાં કાઢી વાળુ કર્યું અને પોતાની મેડીયે જઇ સુઇ રહ્યો.

પ્રકરણ ૯ મું.

બીજે દિવસે રંકપ્રસાદ મનુને ઘેર ગયો અને તેઓ બંને સાથે જયશંકરને ઘેર ગયાં. જયશંકરને કાંઇ કામ હોવાથી બહાર જવાની તૈયારી કરતો હતો તે તેઓના આવવાથી માંડીવાળી તેમની સાથે બેઠા. થોડી વાર વાતચીત કરી તેની રજા લઇ બંને જણા ઉઠયા જયશંકર પણ પોતાના કામે ગયો. ત્યાર પછી કમળાગૌરી પણ જયશંકરના ગયા પછી થોડીવારે બહાર ગઈ અને જ્યાં રંકપ્રસાદ તથા મનુભાઈ તેની રાહ જોતાં ઉભા હતા ત્યાં આવી. ત્યાં ગાડી તૈયાર હતી તેમાં સર્વે જણા બેઠા કમળાગૌરીના બેઠા પછી મનુએ ગાડીવાનને ગાડી હાંકવાનો તરતજ હુકમ કર્યો.

"ઓ પ્રભુ આગળની સતિઓ કયાં! આગળના એક પતિવ્રત પાળનારા કયાં! એમની સ્થીતીની સાથે અમારી અર્વાચીન સ્થિતિ સરખાવતાં અમારી સ્થીતિ હજાર દરજજે દયા ઉપજાવે તેવી છે—શોકજનક છે. કાંઇ ઉપાય નથી અરે કલિકાળ તેં બહુજ જુલ્મ કર્યો. આર્ય દેશની શુદ્ધ આર્યાઓ તમે કયાંછો! તમારો શોધ અમે કયાં કરીએ! આ અપવિત્ર થતી આર્યભુમિને તમારા સત્યના આધારે બચાવો! અરે કેમ કોઇ મદદ કરતું નથી! ખેર જેમ તમારી મરજી! અમારાથી બનશે તેટલો પ્રયત્ન કરીશું અને અંતે કાંઇ નહિ બનેતો સમયને આધિન થઇને આપેથી જોયાં કરીશું!

કમળાગૌરીના બેઠા પછી ગાડીના પડદા પડયા અપવિત્ર, અનીચારી, દુષ્ટ કર્મ કરનારા માણસોના બોજાથી ભરેલી ગાડી ખેંચી જતાં જાણે ઘોડાને શરમ લાગતી હોય તેમ જેવી ઘોડાને ચાબુક પડીકે તુરતજ ઘોડો ચારે પગે નાઠો અને એક સપાટામાં શહેરની હદબહાર નીકળી ગયો. શહેર બહાર ગયા પછી ગાડીના પડદા ચડાવ્યા અને મનુએ ગાડીને કાકરીઆ તરફ હાંકવા હુકમ કર્યો. ગાડી કાકરીએ ગઇ અને ત્યાં મીઠાઈ વીગેરેનો ઉપયોગ કરી શાલમ તરફ ગયા ત્યાંનો રોજો જોઇ ગાડી આશરે બે કલાક પછી શહેર તરફ પાછી ફરી. અને સર્વે પોત પોતાને ઘેર ગયા.

જેમ જેમ દિવસો જતા ગયા તેમ તેમ તેમના અનાચારી દુષ્ટ કાર્યોમાં પણ વધારો થતો ગયો. રંકપ્રસાદ તેમાં સામેલ રહી બંને જણને આનો ચડાવતો અને પોતાનો સ્વાર્થ સાધતો રંકપ્રસાદ વારંવાર મનુને ત્યાં જતો ત્યાં તેને હમેશાં કુસુમ વિશે આડું આડું સમજાવતો થોડા દિવસમાં તો તેણે મનુને ભમાવી ભુત કર્યો. કમળાગૌરીની સલાહ લઇને તેને કુસુમને ત્યાં જતો આવતો બંધ કર્યો ત્યાં સુધી કુસુમને ઘેર જતો આવતો ત્યાં સુધી તે તેમની કપટ જાળમાં ફસાયો નહોતો પરંતુ કુસુમને ત્યાંનું આવવું બંધ પડતાં ગોગ્ય સલાહ નહિ મળતી તે રંકપ્રસાદ તથા કમળાના પ્રપંચનો ભોગ થઇ પડયો અને થોડા દિવસ પછીતો તેમની કપટ જાળમાં પુરેપુરો ફસાયો. જેમ જેમ દિવસો જતા ગયા તેમ તેમ મનુભાઇના ખાનગી રૂપીઆ વપરાઇ ગયા. લગભગ એક માસની ટુંકી મુદતમાં ત્રણસો અથવા ચારસોં રૂપીઆ ઉડી ગયા, પણ મનુભાઇની આંખ ઉઘડીજ નહિ. અંતે પૈસા ખુટયા ત્યારે તેણે રંકપ્રસાદને

ખુટ્યુ. તેની પાસે હતા તો પણ તેણે ચોખ્ખી ના પાડી. મનુએ જ્યારે તેને બહુ કાલાવાલા કર્યા ત્યારે છેવટે તેણે કહ્યું કે જો કાંઇ જણસ હોયતો તે મૂકીને રૂપીઆ લાવી આપું. મનુને આ વાત પસંદ પડી નહિ પણ શું કરે લાચાર તેમ કર્યા સિવાય બીજો કાંઇ ઉપાય નહોતો. છેવટે પોતાની ખાતરી વગર કોઇ ઠેકાણે મૂકી રૂપીઆ ઉપાડવા કરતાં વેચી નાંખવી એ વધારે સારૂં છે એમ વિચાર કરી મનુભાઇએ તે વીંટી સાઠેક રૂપીએ વેચી. વીંટીનુ વેચાણના આવેલા રૂપીઆ થોડા દિવસ ચાલશે અને આગળ ઉપર જોઈ લઇશું એમ કરી મન વાળ્યું.

વીંટી વેચ્યા પછી ત્રીજે ચોથે દિવસે પ્રપંચી રંકપ્રસાદ કમળાગૌરીને ઘેર ગયો અને તેને મનુવિશે ઉંધું. ચતું સમજાવી વહેમમાં નાંખી. કમળાગૌરી મનુના પ્રપંચથી વહેમાઇ અને તેના પક્ષમાં પેઠી. કમળાગૌરી પોતાના પક્ષમાં આવી તેથી રંકપ્રસાદને ઘણોજ આનંદ થયો. તેણે હવે મનુની સુવર્ણ મુદ્રીકાઓ પાણી કરવાનો વિચાર કર્યો. અને કમળાગૌરીને તેનું હથિઆર બનાવવા ધાર્યું. તેણે કમળાગૌરીને કહ્યું—'કમળાગૌરી હાલમાં મનુભાઇના પાસે પૈસા આવી રહ્યાછે, હવે તેનાં ખીસા પાણી પણ ખાલી થયાં છે. ચાર દિવસ પરજ તેણે પોતાની એક મુદ્રિકાતો વેચી તેના થોડા રૂપિઆ આવ્યા તે હાલમાં ચાલે છે. તે થઇ રહ્યા પછી ઘણું કરીને તે કુસુમચંદ્રની પાસે માગવા જશે કુસુમચંદ્ર આ વાત જાણશે તો તે આપણી ફજેતી કરે માટે પહેલેથી ચેતવું હોય તો ચેતો પછી તો તમારી મરજી.

કમળાગૌરી—રંકપ્રસાદ તમારૂં કહેવું ખરૂં છે. મનુભાઇની પાસે નાણાં ખુટયાં છે તે વાત પણ હું કાંઇ જાણું

છું. પણ તે કુસુમચંદ્રની પાસે જશે એ વાત તો મેં તમારી પાસેથી સાંભળી કદાચ કુસુમચંદ્ર પાસે વાત જાયતો તો આપણી પુરી કમબખ્તી સમજવી. માટે હવે કોઇ ઉપાય બતાવો એટલે મનુભાઇને આપણે ખશેડી દૂર કરીએ.

રંકપ્રસાદ—ઓહો ઉપાયજ જોઇએ છીએ એકની ! તેમાં તે શી મોટી વાત છે ! જુઓ સાંભળો આજે મનુભાઇ અહીં આવે ત્યારે તેમની વીંટીયો પહેરવા માગજો તે તમને ના નહિ કહે. વળી કાંઈ વિચાર થઇ આવતાં અટકયો અને પછીથી બોલ્યો જો તે વખતે તેમની પાસે ન હોય તો ઘેરથી પણ મારી સાથે મોકલાવવાનું કહેજો. ત્યારપછી વળી કાંઈ યુક્તિ બતાવીશ. કમળાગૌરી કાંઈ રંકપ્રસાદનો હેતુ જાણતી નહોતી તેથી તેણે કહ્યું ઠીક

રંકપ્રસાદ પ્રપંચ કરવામાં કાંઇ કાચો નહોતો વળી તે કમળાગૌરી જેવા સાત જણને પણ પહોંચી વળે તેવો હતો. તેણે વિચાર કર્યો કે જો મનુભાઇ મુદ્રિકાઓ અત્રે લાવશે અને કમળાગૌરી માગશે કે તુરતજ તે કાંઇ પણ આનાકાની કર્યા શિવાય તે તેણીને આપશે એટલે મારે કમળાગૌરીની પાસે ગાંડગુલામી કરવી પડશે તેના કરતાં તે મારી પાસે માગતી આવે તે સારૂં. મનુભાઇની વીંટીઓ આવ્યા પછી હું છું અને પછી કમળા છે. પછીથી તે કમળાની રજા લઇને ઘેર જવાના બહાને ત્યાંથી નીકળ્યો.

અરે દુર્ભાગી મનુ હવે તારી શી ગતિ થશે ! તારે માથે હવે કોણ જાણે કેવી આપ્ત આવશે મુર્ખ કાંઇ ચેત ! તું જેને તારો સાચો મિત્ર ગણે છે તેજ તને ફસાવવા માગે છે અને જેને તું તારી વ્હાલી માશુક ગણે છે તેજ તને ફસાવવાનું હથિયાર છે એવું આ વખતે

હવે તેને કોણ કહે ?

કમળાગૌરીને ઘેરથી નીકળી રંકપ્રસાદ મનુભાઇને ઘેર આવ્યો. ત્યાં મનુભાઇ ફરવા જવાને તેની રાહ જોઇને બેઠેલો હતો, તે રંકપ્રસાદના આવવાથી હર્ષેથી બોલ્યો—છેલ આવ્યો તો ખરો ચાલ ફરવા જઇએ. રંક પ્રસાદ કહ્યું ચાલો જ્યાં જવું હોય ત્યાં આવવા હું તૈયાર છું પણ પ્રથમ કયાં જવા માગો છો તે કહો.

મનુ—પ્રથમ આપણે જયશંકરને ત્યાં જઇ કમળાગૌરીને મળી આવીએ પછીથી આપણે બીજે કોઈ ઠેકાણે ફરવા જઇશું.

રંકપ્રસાદ૦—ઠીક (પછી અજાણ્યો થઇને બોલ્યો) મનુભાઇ આ તમારા હાથે શું છે વારુ ?

મનુ૦—તું નથી જાણતો વારૂ એ તો મુદ્રિકાઓ છે.

રંકપ્રસાદ— મનુભાઇ અત્યારે મુદ્રીકાઓનું સાથે શું કામ છે ? ઘેર જ મૂકોને વળી કમળા દેખશે તો પહેરવા માગે અને આપ્યા વગર છુટકો થશે નહિ તેમ જ ના પણ કહેવાશે નહિ માટે ઘેર મૂકવી તે વધારે સારૂં છે પછી તો જેવી તમારી મરજી.

મનુ૦—રંકપ્રસાદ તારૂં કહેવું ખરૂં છે એમ કહીને આંગળીએથી મુદ્રિકાઓ કાઢી અને કબાટ ઉઘાડી તેમાં મુકી.

પછી બંને જણા ત્યાંથી નીકળી જયશંકરને ઘેર આવ્યા. જયશંકર ઘરમાં નહોતો તેથી તેમને વાતચીત કરવાની મજા પડી થોડી વાર સુધી બેસી વાતચીત કરી જવાની તૈયારી કરી જતી વખતે રંકપ્રસાદે કમળાને ઇસારત કરી. તેથી કમળાએ મનુની પાસે મુદ્રિકાઓ માગી. મનુએ કહ્યું કે હાલમાં મારી પાસે નથી. પણ રંકપ્રસાદે કમળાને ફ-

યમથીજ ભણાવી તૈયાર કરી હતી તેમ તે રડી પડી; અને અનેક તરેહના ઢોંગ કરવા લાગી મનુને તેથી દયા આવી અને કહ્યું કે હાક છે. જોઇશું વળી પણ કમળાએ કહ્યું કે આજે મારે જમવા જવું છે વળી મારી પાસે એક પણ વીંટી નથી માટે રંકપ્રસાદની સાથે અત્યારે ને અત્યારેજ મોકલજો. આજે ચાલે તેમ નથી. આખરે મનુ ફસાયો—તેમના પ્રપંચનો ભોગ થઇ પડયો અને વચન આપી ઉદાસ ચ્હેરે ઘેર જવા નીકળ્યો. ઘેર જઈ બે મુદ્રિકાઓ કાઢી અને રંકપ્રસાદને આપી અને પોતે વિચાર કરતો એકલો પોતાની મેડીમાં બેઠો. રંકપ્રસાદ મનુ પાસેથી નીકળી હલકી વીંટી કમળાને આપી આવ્યો અને ભારે પોતાની પાસે રાખી ખુશી થતો થતો પોતાને ઘેર ગયો.

વિંટી વેચાયાની વાત થોડા દિવસ પછી કુસુમચંદ્રને મળી તે વાત સાંભળી કુસુમચંદ્રને ઘણીજ દીલગીરી ઉત્પન્ન થઇ પણ લાચારી ! હાલમાં કહેવું તે પણ વ્યર્થ છે માટે જે થાય તે જોયાં કરવું એમ વિચાર કરી પ્રથમતો તેણે વીંટી મેળવવાનો રસ્તો શોધ્યો. વીંટી કોને ત્યાં અને કેટલી કીમતે વેચી હશે તેનો તપાસ કર્યો. તપાસ કરી તે વીંટીની કિંમત આપી ખરીદ કરી અને પોતાની પાસે રાખી. વીંટી જોઈ તેના મનમાં ઘણોજ ખેદ થયો અને તેની આંખમાં આંસુ આવ્યાં તે બોલ્યો પ્રિય મનુ મારા મનુ હવે તારી શી દશા થશે. અરે તને સત્ય શું છે તે કહેનાર કોઇજ નથી. ના છે પણ અત્યારે તેની અસર તને કાંઇ જ થવાની નથી હવે શું કરૂં ! લાચાર ! મેં તને પ્રથમથીજ કહ્યું હતુ પણ તેં ન માન્યું ! હશે ! જે થવાનું હોય તે થાઓ ! હવે તારૂં ભવિષ્ય શું થાય છે તેજ

ફકત મારે જોવાનું છે એમ વિચાર કરતો કરતો ચુપ બેશી રહ્યો.

જ્યારે મનુભાઇ આવીરીતે મોજમજામાં પડેલો છે તેઅરસામાં ધનલક્ષ્મીના પિતા મોહનરાયે પોતાની પુત્રી હવે ઉમરલાયક થઇ હતી તેથી તેને લાયક વર શોધવાના તપાસ કરવા માંડી. ધનલક્ષ્મીની માતુશ્રીએ વસંતગૌરીને પત્ર લખી એવી હકીકત જણાવી વસંતગૌરીએ કુસુમચંદ્રને સલાહ પુછી કુસુમચંદ્રે મનુનુ નામ લખવા સુચના કરી ! વસંતગૌરીએ તેમના ઉપર મનુભાઇનું નામ લખી જણાવ્યું સાબાશ છે કુસુમચંદ્ર તને અને તારી માતાને કે તારો મિત્ર તને છાંડીને હાલમાં બાજગોની સાથે ફરે છે. તેમની સાથે મોજમજા કરે છે અને તને બોલાવતો પણ નથી તોપણ તારી તારા મિત્ર તરફ આવી સારી લાગણી. અરે મનુ તને કુસુમચંદ્ર જેવો તો મિત્ર કોઇજ નહીં મળે તારી ખરાબ ચાલથી માહેતગાર હોવા છતાં મનમાં કોઇ પણ દગો નહિ રાખતાં તારા માટે સારી ભલામણ કરી ! મનુ તું તો આ વાત જાણતો પણ નથી પરંતુ જાણીશ ત્યારે કેટલો આનંદ પામીશ ?

વસંતગૌરીનો પત્ર ભાવનગર પહોંચ્યો તે વાંચી ધનલક્ષ્મીની માતાને તે વાત પસંદ પડી. અને તેણે પોતાના પતિને વાત કરી. ઘર સારૂં છે તેમ વર પણ સારો હશે. વળી ભણેલો છે તેથી તેણે તે મંજુર રાખ્યું. અને ચાંલા કરવાનો દિવસ જોશીને બોલાવી નકી કરી મનુભાઇના દાદા ઉપર પત્ર લખ્યો, મહુરતને દિવસે મોહનરાય તેમનાં સગાં સ્નેહીઓને સાથે લઇને હરિલાલને ત્યાં ગયા અને ચાંલ્લા કર્યા. સાકર ધાણા વહેંચાયા. પછીથી વૃદ્ધ હરિલાલની રજા લઇને

સર્વે વેરાયા. મોહનરાય પણ ભાવનગર ગયા પછી સર્વેને પુછીને નકકી કરી લગ્નનો દિવસ લખી જણાવીશ. એમ કરી રજા લઇ ઉઠયા. અને હરિલાલનું ઘર આવેલા મહેમાનોથી ખાલી પડયું.

આજે મનુભાઈ તેમના દાદાની સાથેજ જમવા બેઠો. જમતી વખતે પૌત્રને હાથે વીંટીઓ નહોતી તેથી દાદાએ પૌત્રને પૂછયું પૌત્રે કહ્યું કે ઉપર કબાટમાં છે. એમ કહી વાત ઉડાવી. જમી રહ્યા પછી બહાર જતી વખતે પણ દાદાએ પૂછયું ત્યારે પણ મનુએ વાત ઉડાવી મનુ ગભરાયો અને હવે શું કરૂં તે વિષે વિચારમાં પડયો. તે રંકપ્રસાદને ઘેર ગયો અને તેને સાથે લઇને કમળાગૌરીની પાસે ગયો. કમળાને રંકપ્રસાદે પહેલાંથીજ ભણાવી મુકી હતી તેથી વખત આવ્યો તે કેમ ચુકે ? તેણીએ મનુને માથામાં વાગે એવી ના કહી વીંટીઓની વાત તો અદ્ધર ઉડાવીજ દીધી. વળી તેણીએ મનુને કહ્યું કે મનુભાઈ આજથી તમારે મારે ત્યાં આવવું નહિ અને મને બોલાવવી પણ નહિ. કેમકે લોકો વહેમાય છે અને વળી તેમાંથી કોઇ દિવસ ફજેતી પણ થાય. કેમ રંકપ્રસાદ ખરૂં કે નહિ ! કેમ બોલતા નથી ?

રંકપ્રસાદ૦—હા. ખરી વાત છે. આબરૂથી તો ડરવું જોઇએ.

મનુભાઇ પોતાની વીંટીઓ ગઇ પોતે ફસાયો અને રંકપ્રસાદ કે જેને તે પોતાનો વિશ્વાસુ મિત્ર ગણતો હતો તે પણ દૂર ગયો અને કમળાગૌરીને મળી ગયો તેથી મનમાં ઘણોજ દીલગીર થયો. હવે કાંઈ પણ ઉપાય રહ્યો નથી એમ જાણી તે બોલ્યો—ઠીક છે ત્યારે હવે હું રજા લઉં

છું પણ આનો બદલો કોઇ દિવસ હું લઇશ તે યાદ રાખજો.

કમળા૦—બહુ સારૂ. પધારજો કોઇ દિવસ કામકાજ હોય તો ફરમાવજો.

મનુભાઇ જયશંકરને ત્યાંથી નીકળ્યો કે તરતજ રંકપ્રસાદ તેની સાથે ચાલ્યો. મનુ પોતાના વિચારમાં હતો તેથી તેને કાંઇ પણ ખબર પડી નહીં. થોડે ગયા પછી મનુએ આમતેમ જોયું તો રંકપ્રસાદને પોતાની સાથે જોઇને તે અટક્યો અને બોલ્યો.:—

" રંકપ્રસાદ ધિક્કારછે તને અને તારી જાતને ! અલ્યા તને મારી જરાએ શરૂમ ના પડી ! હા. બાઈ હા. મનુની શરમ શાની પડે ! એતો જ્યાં સુધી પુસો ખાવાનો હોય અથવા તો પોતાનો સ્વાર્થ સાધવાનો હોય ત્યાંસુધી મનુભાઇ. પછી તો મનુ કોણ અને હું કોણ હોય ભાઇ એમજ હોય ! એતો દુનિયામાં ચાલતું આવ્યું છે અને ચાલેછે ! શું દુનિયામાં બધાએ તારા જેવા નીચ નિમકહરામી મિત્રો હશે ? નાના. જો એમજ હોયતો પછી દુનિયા ચાલેજ નહિ ! તારા જેવા નિચ-નિમકહરામી—લુણચોરને જન્મ આપ્યો તેના કરતાં તારી મા વાંઝણી કેમ ન રહી ? અથવાતો તને પથ્થર કેમ ન જણ્યો કે બિચારા ધોબી સુખેથી ધુઅતતો ખરા ! જા ચાંડાળ તારૂં કાળુ મોઢું લઇ દૂર હવેથી મને બોલાવીશ નહિ. અરે તને શું કહું અને શું ના કહું ! હવે મારી છાતી ભરાઇ આવીછે ! તારા કેટલા અપરાધ હું મનમાં ન રાખું ! તું કમળાને મળી ગયો અને મનેજ ફસાવવા તેં તજવીજ કરી. બસ- બસ.હવે ચાલ્યો જા. તું મારી સાથે વાત કરવાને પણ લાયક ન-

થી ધિક્કારછે મને કે તારી પરિક્ષા કર્યા સિવાય તારા ઉ-પર વિશ્વાસ રાખ્યોઃ તારા વિશે પુર્ણ તપાસ કર્યા સિવાય મેં તારા ઉપર વિશ્વાસ રાખી મારા ખાસ ખાનગી કામ-માં પણ મે તને ભાગ આપ્યો તેનો બદલો તે મને અંતે આ-વોજ આપ્યો ! જા. ભાઇ જા. હવ તુ મને કોઇ દિવસ બો-લાવીશ નહીં. આવું બોલી મનુ ચાલતો થયો અને પોતાનું મન શાંત કરવાને નદી ઉપર બાંધેલા પુલ ઉપર ફરવા ગયો, ત્યાં શું બન્યું તે આપણે પહેલા પ્રકરણમાં વાંચી ગયા.

મનુભાઇની પાસેથી ઠપકો સાંભળી રંકપ્રસાદ દુષ્ટ વિચાર કરતો કરતો કમળા પાસે ગયો—ત્યાં જઇને તેણે સઘળું કહ્યું. તેને સર્વ વાતથી વાકેફ કરી પોતે પોતાને ઘેર ગ-યો અને હવે શું કરવું તેના વિચારમાં પડયો.

પ્રકરણ ૧૦ મું.

વાંચનાર ! ત્રીજા અંકમાં મનુને વિચાર કરતો બર ઉં-ઘમાં મૂક્યો આપણે તેના કુટુંબ—મિત્ર—સ્નેહીઓ વીગેરેની હકીકત જાણવાને અત્યાર સુધી રોકાયા. પણ હવે તેના તરફ તારી નજર કર.

મનુભાઇ સવારમાં વહેલો ઉઠી નાહી ધોઈ પરવાર્યો અને કપડાં પહેરી પોતાના દાદા પાસે ગયો. તેના દાદા પણ પોતે તે વખતે નાહી ધોઇ પોતાનું ખટકર્માદિ કરી પર-વારીનેજ બેઠેલા હતા. પૌત્રને પોતાની પાસે આવેલો જોઇ પોતે ઘણા ખુશી થયા. મનુભાઇએ દાદાને પ્રણામ કરી ક હ્યુ, દાદાજી આજે આપને મારૂં શું કામ પડયુંકે આપે મને સવારમાં બોલાવ્યો ! જે કામ હોય તે કૃપા કરી

પરમાંવશો.

દાદા૦—ભાઈ મનુ. આજે તારા પિતાજી તથા કાકાજી વડોદરેથી સાંજરે આવવાના છે માટે તું ગાડી લઇને સ્ટેશનપર જજે. ભુલીશ નહિ હોકે.

મનુ૦—વારૂ દાદાજી જેવી આજ્ઞા. પણ હવે બીજાું કાંઇ કામકાજ છે. ?

દાદા૦—ના ભાઇ હવે કાંઇ નથી.

મનુ૦—ઠીક ત્યારે હવે મને રજા છે ?

દાદા૦—હા ભાઇ ખુશીથી જા.

મનુ દાદાની રજા લઇ કુસુમને ઘેર ગયો કુસુમતો આ વખતે પરવારી ને તેનીજ રાહ જોતો બેઠો હતો. મનુના આવ્યા પછી વસંતગૌરી ચ્હા લાવી. બંને મિત્રોએ ઘણે દિવસે સાથે બેસાને આજે ચ્હા પીધી. પાનસોપારી ખાઈ બંને બેઠા અને મનુભાઇએ ગઇ કાલની બાકી રહેલી સઘળી વાત કુસુમને કહી. વળી પોતાની મુદ્રિકાઓ વિશે જે જે હકીકત બની હતી તે સઘળી કાંઇપણ છુપાવ્યા વિના તેણે તેને વિદિત કરી. કુસુમ આ સાંભળી બહુજ દીલગીર થયો. મનુને પોતાની થએલી ભુલનો પશ્ચાતાપ થવા લાગ્યો. તેણે શરમાઇને નીચું જોયું. કુસુમચંદ્રે મનુને પુછ્યું. ભાઇ મનુ ! રંકપ્રસાદ અત્યારે ઘર આગળ તે ભેગો થશે કે !

મનુ૦—હા ભાઇ સવારમાં તે લગભગ દસ અગીઆર વાગ્યા સુધી ઘેર રહે છે. પણ ત્યારપછીનું હું નક્કી કહી શકતો નથી.

કુસુમ૦—ભાઇ મારે તો અત્યારમાંજ તેનું કામ છે ! કેમ ભેગો થશે કે ?

મનુ૦—હા ભાઇ. તે તને નક્કી ભેગો થશે.

કુસુમ૦—ત્યારે ભાઇ તું જરા તસ્દી લઇને મારી સાથે આવીશકે. ?

મનુ૦—ભાઇ કુસુમ ! જવા દેને એવા નીચનું નામ હવે હું એ નીમકહરામીનું મોં જોવા પણ ઇચ્છતો નથી.

કુસુમ૦—વાહ ! વાહ ! એમ ન બોલ. એતો તારો ખાસ વિશ્વાસુ વફાદાર મિત્ર થાય તેના વિશે એમ બોલાય કે ?—

મનુ૦—ઠીક ભાઇ ઠીક બોલ. હવે તારો બોલવાનો વખત છે. તને પણ હવે દરરોજ કહેવાનું બ્હાનું જડયું.

કુસુમ૦—એમાં શું વધારે કહ્યું ? એતો જેવું દેખ્યું હતું તેવું કીધું.

મનુ૦—હા. ભાઈ હા. હાલમાં. તારો મશ્કરી કરવાનો વખત છે. ભલે ખુશીથી કર.

કુસુમ૦—ઠીક ભાઇ. જયારે તને ખોટું લાગે છે ત્યારે હવે નહિ બોલું !

મનુ૦—ના. ના કુસુમચંદ્ર. તારા બોલવાથી મને બીલકુલ ખોટું નથી લાગતું.

બને મિત્રો જયારે ઉપર પ્રમાણે વાતચીત કરે છે એવામાં વસંતગૌરીનો કાગળ આવ્યો. તે લઇ તે ઉપર ગઇ અને પોતાના પતિના હાથમાં કાગળ આપ્યો, કુસુમચંદ્રે છાપ જોઇ કાગળ ફોડયો અને પ્રથમ વસંતગૌરીનો કાગળ વાંચવા લાગ્યો.

ભાવનગર તા.

પ્રિય બહેન વસંતગૌરી.

તારો પત્ર મને પહોંચ્યો છે. પણ સમાચાર જાણી ઘણી દીલગીર છું કે જયારે આટલે સુધી વાત આવી છે ત્યારે

તે મને ફક્ત પહેલીજ વખતે આ પત્રમાં લખી જણાવ્યું હું ધારૂં છું કે મારા પ્રથમ લખેલા પત્રનો તેમના તરફથી જવાબ નથી તેનું કારણ પણ તેજ હશે. વળી તારા પ્રાણનાથ જેવા અનુભવી અને સુજ્ઞ મિત્ર હોવા છતાં મારા પતિને છેક આવી અધમ બુદ્ધિ કેમ સુઝી હશે તે મારાથી સમજી શકાતું નથી.

પ્રિય બહેન! તેમાં કાંઇ પણ વિઘ્ન નાંખી અટકાવવું તે તો હવે મારા મનથી હવામાં મહેલ બાંધી તોડવા જેવું છે. પરંતુ આમાં તારી તથા તારા પ્રાણનાથની શી મરજી છે તે લખી જણાવજે.

બહેન! પ્રથમતો હું ધારતી હતી કે ભવિષ્યમાં હું સુખી થઇશ પણ હાલમાં મારૂં તે ધારવુ ખોટું પડયું છે. હવે હું સુખી થઇશ કે દુઃખી થઇશ તેનું નિવારણ મારાથી થઇ શકતું નથી. મારે હજુ લખવાનું ઘણું છે પણ કાગળમાં લખાય તેમ નથી; તેથી જ્યારે ત્યાં આવીશ ત્યારે મારા મનના ઉભરા કાઢી હૈયું ખાલી કરીશ. તારા પત્રની હું ઘણીજ આતુરતાથી રાહ જોઉછું.

મારા પિતાજી મારાં લગ્ન આવતા વૈશાખ માસમાં લેવા ધારે છે માટે હું તથા મારાં માતુઃશ્રી આ માસ ઉતરતાં ત્યાં આવીશું. તારા પ્રાણનાથને મારા પ્રણામ કહેજે.

લી.

વિયોગી ધનલક્ષ્મી.

તા. ક. આ પત્રની સાથે મારા પ્રાણનાથનો પત્ર છે તે તેમને આપી જવાબ લખવા ભલામણ કરજે.

કુસુમચંદ્રે વસંતનો કાગળ વાંચી મનુનો કાગળ વાંચવા માંડયો—

ભાવનગર તા.

પ્રિય પ્રાણનાથ

આપની દાસીએ આપને બે પત્ર લખ્યા પણ તેનો કાંઇ પણ પ્રત્યુત્તર આપના તરફથી નથી તે લખવા આપના સુકોમળ હસ્તને તસ્દી આપી આભારી કરશો. જો દાસીનો કાંઈ પણ અપરાધ થયો હોય તો આપની પાસે ક્ષમા માગું છું.

પ્રિયપતિ

ધૈર્યવાન નર સર્વદા, પાકુ ફળ ખાઇ ધાય;
કાચું તોડી અધીરીયો, ભુખે મરતો જાય.

તેમ મેં પણ ઘણા દિવસ સુધી આપના પત્રની ધીરજથી રાહ જોઇ પણ લાચાર. જેવી રીતે દુકાળના વખતમાં ખેડુતો વરસાદની જેટલી આતુરતાથી રાહ જુએ છે તેટલીજ આતુરતાથી આપની ચર્ણરજ દાસી આપના પત્રની રાહ જોતી બેઠી છે તેને આપના પત્રરૂપી દર્શન આપી આભારી કરશો.

✓ વ્હાલા! હું યૌવનરૂપી બગીચામાં ખીલેલી કળી છું; પણ તે આપના વિરહ રૂપી તાપથી કરમાઇ જાઉં છું. તેથી આપના કોમળ હસ્તથી લખાએલા પત્ર રૂપી પાણી સીંચી ફુલ બનાવશો. ચંદ્રવિના ચકોરીની, સુર્યવિના કમળની, તેમજ જળવિના મીનની જેવી ગતિ છે તેવીજ ગતિ આ વખતે આપવિયોગી ધનલક્ષ્મીની પણ છે. આપ સમજુ તથા કેળવણીમાં નિપુણ છો અને મારૂં આ પત્ર તો આપને નિર્માલ્ય છે, તેથી કદાપ આપને પસંદ નહિ પડે. પણ હવે દાસી ઉપર કૃપા કરી પત્ર રૂપી દર્શન આપશો.

મારા પિતાજી આપણાં શુભ લગ્ન આવતા વૈશાખ માસમાં લેવા ધારે છે, તેથી હું મારાં માતુશ્રીસાથે આ માસ ઉતરતાં ત્યાં આવીશ અને આપના દર્શનનો લાભ લઈશ. લી૦

ભવિષ્યમાં આપની થનાર

અર્ધાંગના

ધનલક્ષ્મી.

કાગળ વાંચી કુસુમે મનુભાઇના સામું જોયું. દૃષ્ટિપાત થયો. હવે મનુની ધીરજ વધારે વાર રહી નહિ. કાગળ વાંચતાં પોતાની જે સઘળી મનોવૃત્તિઓ તેણે દાબી રાખી હતી તે સઘળી તેના કબજામાં રહિ શકી નહિ. કાગળ પુરો થતાં જ તે રડી પડયો. અને કુસુમ પ્રત્યે બોલ્યો—" શું આ વાત પણ તેણીએ જાણી ? હાય તેણીની ધીરજ હવે કેમ રહેશે ? અત્યારે તેણીની કેવી દશા થઇ હશે વારુ ? તેણીના મનમાં હાલમાં મારા વીશે કેવા કેવા વિચારો ઉઠતા હશે ? આહા કુસુમ—કુસુમ હું પોતેજ મારી મુર્ખાઇથી તેના કોમળ અંતઃકરણમાં દુખ સહ્ય થવાનું કારણ થઇ પડયો છું—અને મેં પોતેજ તે ઉત્પન્ન કર્યું છે તેમાં હું કોનો દોષ કાઢું ? અહા ! પવિત્ર કુમારીકા શું તારી પવિત્રતાનો પ્રતાપ—? અરે ! પત્રમાં કેવી મૃદુતાસાથે નમ્રતાથી પત્ર લખવાની તારી ખુબી ? કુસુમ—કુસુમ આ પત્ર લખતાં તેના મનમાં અનેક પ્રકારના તર્ક વિતર્ક ઉત્પન્ન થયા હશે? હાય મારૂં અંતઃકરણ ભરાઇ આવ્યું. ધીરજ હવે ધારી શકતો નથી. તેના જેવું સ્ત્રી રત્ન મળવાથી હું મને મોટો ભાગ્યશાળી સમજું છું. અરે

હવે ક્યારે કોમળાંગીનું પવિત્ર મુખારવિંદ જોઇ પવિત્ર થાઉં ! પ્રિય ધનલક્ષ્મી ! મારી ધનલક્ષ્મી તું પવિત્ર જ છે ! તારૂં પવિત્ર નામનું સ્મર્ણ થતાં જ મારા અંતઃકરણની વેદના ઓછી થઇ. "

કુસુમે તેને શોક કરતો અટકાવી કહ્યું—" ભાઇ મનુ આવી રીતે કલ્પાંત કર્યે હવે શું વળવાનું છે ? ધનલક્ષ્મી તો બિચારી અત્યારે સેંકડો ગાઉ દુર પડી છે માટે શોક છોડીને તેને પત્ર લખી ધીરજ આપ—આમ છેક કાયર બની હિંમત શું હારે છે ? હોય ભાઈ થવા કાળ હોય તે પ્રમાણે બને છે તેમાં કોઇનું રજ માત્ર પણ ચાલે તેમ નથી. હવે " ગઈ પળ તો જોશીએ નથી વાંચતો " એ કહેવતને અનુસર—ચાલ—સાવધ થા. આપણે રંકપ્રસાદને ત્યાં જઈ આવીએ. પછીથી ભાવનગર ધનલક્ષ્મીને કાગળ લખી તેને દીલાસો આપ. "

મનુભાઈ૦—ભાઇ કુસુમ તારૂં કહેવું યથાસ્થીત છે, પરંતુ લાચાર છું કેમકે મારી ધીરજ હવે બીલકુલ રહેતી નથી—તું રંકપ્રસાદને ત્યાં જા; મારૂં ત્યાં શું કામ છે; હું તો અત્રે બેશીશ; હજુ ટપાલનો વખત છે તેથી કાગળ લખી ટપાલમાં નાંખી આવીશ એ દર્મિયાનમાં તું પણ આવીશ.

કુસુમ૦—ઠીકભાઈ જેવી તારી ઇચ્છા—

કુસુમચંદ્ર ઉઠ્યો—અને કપડાં પહેરવા લાગ્યો—અને મનુભાઇ કાગળ લખવા બેઠો. કુસુમચંદ્ર કપડાં પહેરી રંકપ્રસાદને ઘેર જવા નીકળ્યો. જ્યારે કુસુચચંદ્ર રંકપ્રસાદને ઘેર જઇ પહોંચ્યો ત્યારે રંકપ્રસાદ ન્હાવા બેઠેલો હતો.

કુસુમચંદ્રને આજે પોતાને ત્યાં આવેલો સમજી તે ચમક્યો અને કારણ તુરત કળી ગયો પણ તે નહિ જણાવતાં તે પ્રપંચી બોલ્યો-પધારો પધારો કુસુમચંદ્ર હું ન્હાઇને આપની પાસે આવું છું.

કુસુમચંદ્ર બેઠો. રંકપ્રસાદ પણ ન્હાઇને તેની પાસે ગયો અને તેને પોતાની સામે પોતાના ખાનગી ઓરડામાં લઇ ગયો. કુસુમચંદ્ર કાંઇ તેના કપટભાવથી ઠગાય તેમ ન હોતો કેમકે તે તો એવા એવા અનેક માણસોની સામે ફરીને ઘડાયો હતો. તેમના બંનેના બેઠા પછી પ્રથમ બોલવાની શરૂઆત રંકપ્રસાદેજ કરી.

રંકપ્રસાદ૦—ઓહો કુસુમચંદ્ર ! આપ આજે મારે ત્યાં ઘણા દિવસે પધાર્યા ?

કુસુમ૦—હાજી.

રંકપ્રસાદ૦—મારા લાયક જે કાંઇ કામ કાજ હોય તે ફરમાવો-તાબેદાર હાજર છે.

કુસુમ૦—ભાઇ રંકપ્રસાદ આપની પાસેથી મારે એક બે ચીજો જોઇએ છીએ અને જો આપ તે મને આપશો તો હું આપનો મોટો એહેશાન માનીશ.

રંકપ્રસાદ૦—વાહ વાહ. એમાં એહેસાન શાનો. પાસે હશે તો આપની પાસે હાજર કરીશ-

કુસુમ૦—(થોડીવાર વિચાર કરીને) ઠીક-ભાઇ ત્યારે હવે મનુની જે વિંટીઓ તમારી પાસે છે તે હું લેવા આવ્યો છું. કેમ આપ મને તે આપશો ?

રંકપ્રસાદ૦—(મોં ઠેકાણે રાખીને) ગુસ્સાથી મંડ્રરઆન વિંટીઓ શીને વાત શી ! કુસુમ ! આપ આ શું કહો છો ? જરા વિચાર કરીને બોલો.

કુસુમ૦—ભાઇ હું તો વિચારીનેજ બોલું છું. કેમકે મનુભાઇએ પોતેજ મને કહ્યું છે કે વિંટીઓ મેં રંકપ્રસાદને આપી છે અને તે તેમની પાસે છે.

રંક૦—શું મનુએ પોતે કહ્યું ?

કુસુમ૦—હાજી.

રંકપ્રસાદ૦—દાંત (કચડીને) ઠીક. (પ્રકાશ) તમારી ભુલ છે.

કુસુમ૦—ના. ભાઇ—ના—મારી ભુલ કેમ હોય !

રંક૦—ત્યારે તમારા સાંભળવામાં ફેર હશે કેમકે વિંટીઓ તો તેણે કમળાને આપી છે.

કુસુમ૦—(રંકપ્રસાદના મોંએથી જ કમળાની વાત નીકળી જોઇને અજાણ્યો થઇ બોલ્યો) શું તેણે કમળાને આપી છે ?

રંક૦—હા ભાઇ.

કુસુમ૦—એમ છે ત્યારે તો ઠીક. પરંતુ કહો ભાઇ-વારૂ તમે તેની પાસેથી મને લાવી આપશો કે ?

રંક૦—ના ભાઇ. કેમકે આપણાથી કાંઈ બની શકે તેમ નથી. તમે જાણો અને તમારી વિંટીઓ જાણે—તેમાં મને કાંઈ પુછવું ગાછવું નહિ.

રંકપ્રસાદને આવી રીતે બેપરવાઇથી ઇન્કાર જતો જોઇ કુસુમને ક્રોધ ચડયો અને ચીડાઇને બોલ્યો.

રંકપ્રસાદ૦—આમાંથી તમે કાંઇ સાર નહિ કાઢો એ તમારા મનમાં નક્કી સમજજો.

રંક—કેમ વારૂ.

કુસુમ—કેમ તે એમ—જુઓ જાણે વિંટીઓની વાત તેના દાદાએ જાણી છે. તેમની પાસે તેણે તમારૂં નામ દી-

ધું છે અને કબુલ પણ થઇ ગયો છે કે વિંટીઓ મેં તેને આપી છે. માટે જો તમે નહિ આપો તો તેઓ ફોજદારને જાહેર કરશે કે અમારી વિંટીઓ ચોરાઇ ગઇ છે. અને ફોજદાર કોણ છે તે તો તમે જાણો છો.

રંક૦—કુસુમચંદ્ર મનુભાઇએ વિંટીઓ કમળાને મારી મારફતે આપી છે પણ તે મારી પાસે નથી. તમે તેને ત્યાં જાઓ–આપેતો લો—મને નાહક ફોજદારનો ભય બતાવી ગભરાવશો નહિ–હું તેનાથી રજમાત્ર પણ ડરતો નથી. સમજ્યાકની ?

કુસુમ૦—રંકપ્રસાદ હજુ પણ કહુંછું કે આબરૂસર વિંટીઓ આપો તો સારૂં છે નહિતો આગળ પગલાં ભરવાં પડે તે સારૂં નહિ.

રંકપ્રસાદ૦—કેમ વારૂ ?

કુસુમ૦—જો તમે વિંટીઓ વખતસર સમજીને નહિ આપોતો અમે ફોજદારને ત્યાં જાહેર કરીને પ્રથમ તમારે ત્યાં જપ્તી લાવીશું.–તેમાંથી જો તમારી પાસેથી નીકળશે તો તમે ગુનેહગાર ગણાશો અને કમળા તમારી મદદગાર ગણાશે.

રંકપ્રસાદ૦—પોતાને માથે ચોરીનું તહોમત આવશે તેમજ પોતાને ત્યાં જપ્તી આવશે તેથી મનમાં કાંઈ ડર્યો અને નમ્રતાથી બોલ્યો. "કુસુમભાઇ ત્યારે કાંઇ તેમાંથી બચવાનો ઉપાય છે ખરો–?

કુસુમચંદ્ર પોતાની ધારણામાં કંઇક ફત્તેહ પામ્યો તેથી મનમાં ખુશી તો થયો પરંતુ તે નહિ જણાવતાં હાવકું મોં રાખી બોલ્યો–"જો વિંટીઓ આપોતો છે. નહિતો નથી."

રંકપ્રસાદ૦—(થોડીવાર વિચાર કર્યા પછી) ઠીક. જો

એમજ છે તો એક વિંટી મારી પાસે છે તે હું હમણાં આપને આપુછું અને બીજી કમળા પાસે છે તે સાંજ સુધીમાં આપને પહોંચાડીશ, ત્યાં સુધી જરા મહેરબાની રાખશો.

કુસુમચંદ્રના આનંદનો પાર રહ્યો નહિ. તેણે વિચાર કર્યો કે અત્યારે એકતો એક બીજીનું વળી સાંજરે થઇ પડશે. ઇશ્વર કૃપાથી પાસાતો સવળા પડયા છે. પણ જો કાંઇ વધારે ડહાપણ ડોળવા જઇશું તો પાછી આ એક પણ ખોઇ બેશીશું. લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા ન જવું. એતો જે આવ્યું તે ખરૂં ત્યારે જો અત્યારે આવી તક જવા દીધી તો મુર્ખ ઠરીશું; એમ ધારી બોલ્યો કે "ઠીક ભાઇ પરંતુ સાંજરે નક્કી પહોંચાડજો; ભુલશો નહિ; હું તમારે ત્યાં આવ્યોછું તે વાત કોઇ તેમજ મનુના દાદા જાણતા નથી પણ ફક્ત તમારી આબરૂને જ ખાતર હું તમારે ત્યાં આવ્યોછું માટે હવે તમને જેમ ધટે તેમ કરશો. પાછળથી મારો દોષ કાઢશો નહિ"–રંકપ્રસાદે વિંટી આપી તે લેઇ કુસુમચંદ્ર ઘર તરફ રવાના થયો.

કુસુમચંદ્ર રંકપ્રસાદને ઘેર ગયો તે દર્મિયાન મનુભાઇએ ભાવનગર ધનલક્ષ્મી ઉપર કાગળ લખ્યો અને પોતે જાતે સ્ટેશનપર જઇને ટપાલમાં નાંખી પાછો આવ્યો એટલામાં કુસુમચંદ્રને જોર ભેર પગલાં ભરતો આવતો જોઇ મનમાં ખુશી થયો. કુસુમે આવીને વિંટી મનુના હાથમાં આપી. મનુ વિંટી જોઈ ખુશી થયો–તેને હર્ષનાં આંસુ આવ્યાં અને કુસુમે તેને સંકટ વખતે ખરેખરી મદદ કરી તેથી તેનો ઉપકાર માનવા લાગ્યો. એટલામાં જમવાનો વખત થયો તેથી બોલાવવા આવવાથી બંને મિત્રો ઉઠયા. મનુભાઈ પણ આજે કુસુમને ત્યાંજ જમ્યો. જમી ર-

આ બાદ બંને મિત્રો પાછા પોતાની વાતમાં પડયા કુસુમચંદ્ર પોતે રંકપ્રસાદ પાસેથી વાત કેવી રીતે કઢાવી તથા ચિઠ્ઠી તેની પાસે લીધી તેનું વર્ણન અથથી ઇતિ સુધી કરી ગયો અને અરસપરસ બીજી વાતો કરી બંને મિત્રો આનંદમાં વખત ગાળવા લાગ્યા.

પ્રકરણ ૧૧ મું.

આશરે ચારેક વાગતાં બંને મિત્રો કપડાં પહેરી સ્ટેશનપર જવા નીકળ્યા. જ્યારે તેઓ સ્ટેશનપર પહોંચ્યા ત્યારે ગાડી આવવાની હજુ આશરે અડધા કલાકની વાર હતી તેથી બંને મિત્રો પ્લેટફોર્મપર નાંખેલી પાટલીપર બેઠા. ટ્રેનનો વખત હોવાથી કેટલાક ટીકીટો કરાવતા હતા, તથા કેટલાક ટીકીટો કરાવી ઝાંપા પાસે ઉભેલા ટીકીટ કલેક્ટરને બતાવી-કપાવી અંદર દાખલ થતા હતા એટલામાં ગાડી આવી. ઉતારૂઓ ઉતર્યા. ~~મનુભાઇ તથા કુસુમચંદ્ર~~ પણ પોતાની જગાએથી ઉઠયા અને સેકન્ડ ક્લાસના ડબા પાસે ગયા. ત્યાં જઇ મનુભાઇ પિતા તથા કાકાને મળ્યો. કુસુમ પણ તેમને મળ્યો અને અરસપરસ ખુશ ખબર પુછી. પછી ઝાંપે ટીકીટ આપી બધા બહાર આવ્યા અને ગાડી તૈયાર હતી તેમાં સામાન ભરાવી મનુએ પિતા તથા કાકાને ઘરતરફ વિદાય કર્યા. અને પોતે તથા કુસુમચંદ્ર એક ભાડાની ગાડી કરી કુસુમને ઘેર ગયા. તેને ત્યાં કહી બંને મિત્રો મનુને ત્યાં ગયા.

મનુ તથા કુસુમ ઘર આગળ પહોંચ્યા એટલામાં રંકપ્રસાદને ઉતાવળે પગલે તેમની તરફ આવતો જોયો. કુ-

સુમચંદ્ર બહાર ઉભો રહ્યો અને મનુભાઇ ઘરમાં ચાલ્યો ગયો. શંકપ્રસાદ પાસે આવ્યો અને કુસુમના હાથમાં વિંટી આપી ચાલતો થયો. કુસુમ પણ વિંટી લઇ ઘરમાં ગયો. જ્યારે સઘળા જમવા બેઠા ત્યારે મનુભાઈ બે વિંટીઓ આંગળીએ પહેરી તેમની સાથે જમવા બેઠો. તેની આંગળીએ બે વિંટીઓ જોઇ તેના દાદા સમજ્યા, તેથી મનુને કાંઈ પુછ્યું નહિ. મનુની ગેરઆબરૂ થતી બચી તેથી બંને મિત્રો ઘણાજ ખુશી થયા. જમ્યા પછી થોડીવાર બેશી-વાતચીત કરી કુસુમ મોડી રાતે પોતાને ઘેર ગયો અને મનુ સુવા ગયો. પ્રિય વાંચનાર ધનલક્ષ્મીને આપણે તદન વિસારી મુકી હતી માટે તેને યાદ કરીએ.

રાજનગરથી મેઇલ ઉપડયો તે બપોરે આસરે વઢવાણ કેમ્પમાં પહોંચ્યો. ત્યાંથી ઉતરી ધનલક્ષ્મી તથા તેની માશી પોતાનો સરસામાન સંભાળી જે લાઇન ભાવનગર તરફ જતી તે તરફ ગયાં. ત્યાં પણ ટ્રેઇન તૈયારજ હતી. પોતાનો સરસામાન અંદર બરાબર ગોઠવી બંને બેઠાં. આશરે બે અથવા અઢી વાગતાં તે ટ્રેઇન ઉપડી અને સાંજના છ અથવા સાડા છ વાગતાં તેઓ ભાવનગર ઉતર્યાં. તે વખતે ધનલક્ષ્મીનો પિતા મોહનરાય તેમને લેવાને માટે સામો આવ્યો હતો. પોતાની પુત્રીને રાજી ખુશીથી ઉતરતી જોઇને આનંદ થયો. ટીકીટ આપી તેઓ ઝાંપા બહાર આવ્યાં અને ગાડી તૈયાર હતી તેમાં બેશી ઘર તરફ વિદાય થયાં.

આજે ભાવનગર આવ્યે ધનલક્ષ્મીને આશરે એક પખવાડીયું વીત્યું હતું પરંતુ હજુ સુધી તેનો એક પણ પત્ર આવ્યો નહોતો. હજુ સુધી વસંતગૌરીનો પણ પત્ર કે

મ નહિ આવ્યો હોય વારૂ ? શું તે ત્યાં નહિ હોય ! વીગેરે વિવિધ વિચારો કરતી ગરીબ બિચારી ધનલક્ષ્મી કાગળની રાહ જોતી હતી. જ્યારે એક પણ પત્ર ન આવ્યો ત્યારે તે બિચારી મુગ્ધ બાળાએ છેવટે થાકીને એક પત્ર લખ્યો. તેનો જવાબતો આવ્યો પણ તેથી તેને કાંઇ તેના મન માનતા સમાચાર મળ્યા નહિ અંતે તેણે એક ઠપકાનો પત્ર વસંતગૌરીપર લખ્યો તથા એક પત્ર મનુપર લખ્યો. વસંતગૌરીએતો પત્રનો જવાબ લખ્યો પરંતુ મનુભાઇતો તે વખતે કમળાના પ્રેમમાં લીન થએલા હતા તેથી તેમણેતો તે પત્રની કાંઇ દરકાર કરી નહિ; તેમજ જવાબ પણ આપ્યો નહિ. બિચારી મુગ્ધ બાલા અનેક તરેહના તર્ક વિતર્ક કરતી પોતાના મનને દીલાસો આપવા લાગી એવામાં એક દીવસે વસંતનો પત્ર આવ્યો. તેમાં નીચે પ્રમાણે લખેલું હતું.

રાજનગર———

બ્હેન ધનલક્ષ્મી.

પત્ર લખતાં વિલંબ થયો માટે ક્ષમા માગું છું. તારા પ્રાણનાથ કમળાના મોહપાસમાં સપડાયા છે. પણ આખરે ખત્તા ખાઇને સુધરશે એવી આશા છે. ઇશ્વરેચ્છા બળવાન છે, તેની સામે આપણો કાંઇ ઇલાજ નથી. કાંઇ દીલગીર થઇશ નહિ. તું સમજુ છે તેથી કાંઇ વધારે લખતી નથી. તારાં માતુશ્રી તથા પિતાશ્રીને મારા દંડવત્ કહેજે, એજ.

લી૦

વિયોગી વસંત—

કાગળ વાંચી ને ઘણીજ દીલગીર થઇ પણ દીલગીર થએ હવે કાંઇ વળે તેમ નહોતું. તે તરતજ પોતાના મન-

માં કાંઇ વિચાર કરી ઉઠી-પોતાના વાંચનગૃહમાં ગઇ. ત્યાં મેજ પાસે બેઠી અને એક પત્ર વસંતગૌરીપર લખ્યો. તેમાં પોતાના પતિનો પત્ર પણ લખીને બીડ્યો અને ચાકરને બોલાવી તેને કાગળ આપી ટપાલમાં નાંખવા મોકલ્યો.

મુગ્ધા સુકોમળ હસ્તથી લખાએલો પત્ર ટપાલમાં પડ્યો તે B. G. J. P. રેલ્વે કંપનીના મેઇલમાં વઢવાણ આવ્યો અને ત્યાંથી B. B. &. C. I. રેલ્વે કંપનીના મેઇલમાં રાજનગર આવ્યો; ત્યાંથી વહેંચણી થયા પછી બીજે દિવસે વસંતગૌરીને પહોંચ્યો. મનુભાઇ પણ તે વખતે ત્યાં હાજર હતો તેથી તેણે પણ કાગળ વાંચીને સર્વે હકીકત જાણી અને તુરતજ કાગળ લખી પોતે કાગળ સ્ટેશનપર નાંખી આવ્યો તે આપણે આગળ ઉપર વાંચી ગયા.

મનુનો કાગળ મુસાફરી કરતો કરતો ભાવનગર જઇ પહોંચ્યો. ધનલક્ષ્મી પોતાના પતિ તેમજ સખીના પત્રની આશાથી ટપાલની રાહ જોતી બેઠી હતી. ટપાલનો વખત થયો. પોસ્ટમેન હાથમાં કાગળોનું બંડલ લઇ લોકોનાં નામ ઠામ પુછતો પુછતો અને જેમનો પત્ર હોય તેમને આપતો આપતો અંતે ધનલક્ષ્મીના નજીક આવ્યો અને તે મોટેથી બુમ પાડી ધનલક્ષ્મીનું નામ બોલ્યો. તે પોતાનું નામ સાંભળી તરતજ ઉઠી અને નીચે ગઇ. પોતાનો પત્ર હાથમાં લીધો. અક્ષર ઓળખ્યા ઓળખી ખુશી ખુશી થતી પોતાની ઓરડીમાં ગઇ. ઓરડીમાં ગયા પછી બારણાં બરાબર બંધ કરી સાંકળ દીધી. પછી પોતાના મેજ પાસે પડેલી ખુરશીમાં જઇને બેશી કાગળ ફાડ્યો અને અંદરથી કાગળ કાઢી વાંચવા લાગી.

રાજનગર.—

"પ્રિય ધનલક્ષ્મી"

"ધનલક્ષ્મી એ એક બાગના બગીચામાં ખીલેલું પુષ્પ છે, તે મનુ મધુકરનું પ્રેમ સૌન્દર્ય છે. અને તે પ્રીતિમાં મગ્ન રહેનાર મનુને શોધતીજ છે. તે પ્રેમને ઓળખે છે. પ્રેમને તપાસે છે. અને તે પ્રેમી મનુને પોતાના હૃદય કમળમાં સમવા દેછે.

વ્હાલી ! તારૂં પત્ર મને મળ્યું. તેમાં તુ લખે છે કે તું યોવનરૂપી બગીચામાં ખીલેલું પુષ્પ છે અને મારા વિરહરૂપી તાપથી કરમાય છે. તેને : હુંરૂપી માળીના સ્વહસ્તે લખાએલા પત્રરૂપી પાણીઓથી ફુલ બનાવવાની જરૂર છે તેઃ— પ્રિયે—આજથી હું તેમ કરીશ એટલે હું માળી બનીશ અને તુંરૂપી ખીલેલી કળીને મારા પત્રરૂપી પાણી સીંચી બરાબર પુષ્પ બનાવી તેના ઉપભોગ કરીશ. તેને માટે તું બેફિકર રહેજે.

પ્રિય ! મારી જે ભુલ થઇ તેને લેખવમાં કેમકે બ્રહ્માએ એક ભુલતો કરી છે, તો મારા જેવા અલ્પમતિના પ્રાણીનું શું ગજું ! વળી કલમ વાંકી થતાં મરડાય છે પણ ખરી—અને ભાગે છે પણ ખરી—જ્યારે એવું બન્યું છે તથા બને છે ત્યારે મારી પરમ થએલી ભુલ વિસારી ફરીથી નહિ સંભારવા તથા સ્નેહલેખ લખવા ઉત્કંઠિત થજે.

હું તને વ્હાલું છું અને વ્હાઇશ. મારાતરફ તારી જે પ્રેમમયી લાગણીઓ છે તે કાયમ રાખજે. હવેથી હું દરરોજ મારી તરફના સમાચાર લખીશ. અને તું પણ હમેશાં ત્યાંના સમાચાર લખી આનંદ પામવા ભાગ્યશાળી કરજે.

હવે લખતાં અટકું છું. શાણી તને પ્રેમ ઘાણુ જાણી

મારી વાણીને વિશેષ લખાવતો નથી પણ ફરીથી તારા સુકોમળ હસ્તથી લખાએલી પ્રેમ પત્રિકા વાંચવાનો લાભ મેળવવા ઇચ્છુંછું".

લી૦

હવેથી સદાને માટે તારોજ થયેલો

મનુ—

આ પત્ર વાંચી ધનલક્ષ્મીનું મન હર્ષથી ઘણુંજ ડોલાયમાન થયું. પોતાના પ્રાણનાથે પોતાની ઉપર આવો સરસ પત્ર લખ્યો તેથી તેના આનંદનો હવે કાંઇ પાર રહ્યો નહિ. હવે જાણે તેને બીજા કાંઇપણ સુખની ખામી રહિ ન હોય તેમ પોતાના પતિ તરફથી આવેલો પત્ર વાંચી તેના વિશે વિચાર કરતી મનમાં ઉલ્લાસ પામતી એક વિશાળાશનપર પડી.

પ્રકરણ ૧૨ મું.

એક દિવસે રંકપ્રસાદે કમળા પાસે આવીને કહ્યું કે મનુભાઇ પાસે ખરચી ખુટી છે તથા બીજી આડી અવળી વાતો કરી બંને જણાએ મળીને સંતલસ કરી મનુની વિંટીઓ ભોળવીને લઇ લેવા નીશ્ચય કરેલો, તથા તે પ્રમાણે કરેલું તે આપણે આગળ ઉપર વાંચી ગયા; પરંતું ત્યાર પછી શું બન્યું તે વાંચવાને હવે આપણે આપણું ધ્યાન લગાડીએ.

મનુ પાસેથી વિંટીઓ લઇ એક રંકપ્રસાદે પોતાની પાસે રાખી અને બીજી કમળાગૌરીને આપી અને જ્યારે મનુ તેમની પાસે લેવા ગયો ત્યારે તેમણે ન આપી તથા તેને ધિઃક્કારી કાઢયો.. અંતે મનુ કુસુમને ઘેર ગયેલો અને

ત્યાં શી શી ગોઠવાણુ થએલી, તથા કુસુમે રંકપ્રસાદ પાસેથી વીંટીઓ કેવી રીતે આણેલી, તે પણ આપણે જાણીએ છીએ. પરંતુ કમળા પાસેથી વીંટી કેવી રીતે આણેલી તે આપણે જાણુતા નથી.

કુસુમચંદ્ર રંકપ્રસાદને ત્યાંથી વીંટી લઇને પોતાના ઘેર ગયો કે તરતજ રંકપ્રસાદ કપડાં પહેરીને જયશંકરને ઘેર ગયો. જયશંકર બહાર ગએલો હતો તેથી તે ચંડાલ ચોકડીને પોતાની વાતમાં કોઈ વિક્ષેપ પાડનાર ત્યાં નહોતું.

રંકપ્રસાદે ધીમે ધીમે પોતાની વાતનો પ્રવાહ લંબાવ્યો અને તે લંબાવેલા પ્રવાહમાં પોતાની સઘળી હકીકત જાહેર કરી અને તેની પાસે વીંટી માગી. જ્યારે વીંટીની વાત આવી ત્યારે કમળા સાવધ થઇ અને આતુરતાથી સાંભળવા લાગી. છેવટે જ્યારે રંકપ્રસાદે વીંટી માગી ત્યારે વાઘણુની માફક ઉછળી પડી અને ગુસ્સે થઇ બોલી—" રંકપ્રસાદ જાઓ જઇને મનુને કહે જે કે વીંટીની આશા ન રાખે. તમે પણ આમ છેકજ હિંમત હારી જશો એવું હું સ્વપ્ને પણ નહોતી ધારતી. "

રંકપ્રસાદ—કમળાગૌરી શાંત થાઓ. તમે સ્ત્રી જાત છો—એટલે એમાં તમે બરાબર શું સમજો. એનો જેવો દાવ તેવીજ સોગટી મારવી જોઇએ. નહિ તો વળી ફસાઇ પડીએ. તમેજ વિચાર કરોને.

કમળા—ત્યારે શું વીંટી પાછી આપવી ?

રંકપ્રસાદ—હા.

કમળા—શા માટે ! શું આપણે તેનાથી ડરિએ છીએ

રંક—ના તેનાથી તો નહિ પણ તેની જોડે પેલો કુસુમ છે કની.

કમળા—હવે જોયો જોયો કુસુમડો. તે વળી શું કરવાનો છે તેનાથી થાય તે તેપણ કરી લે.

રંક—કમળા જરી શાંત થાઓ. પ્રથમ મારૂં સાંભળો. જો વ્યાજબી લાગે તો વીંટી પાછી આપજો નહિતો પછી જેમ તમારી ધ્યાનમાં આવે તેમ કરજો. પરંતુ વગર વિચારે આમ ચડી શું જાઓ છો ?

કમળા—બોલો ભાઇ બોલો. પ્રથમ તમારૂં સાંભળી લઇને વિચાર કરીશ.

રંક—જો તમે વીંટી નહિ આપો તો તે ફોજદારને જાહેર કરશે. એક વીંટી મારી પાસેથી તે લઇ ગયો છે. અને બીજી તમારી પાસેથી નીકળશે એટલે આપણી પુરી કમબખ્તી સમજવી. આપણા ફજેતીના ફાળકા અને આબરૂના કાંકરા થશે. તમારાં સાસુ સસરા જાણશે. ન્યાત જાતમાં ભારઓજ હળવો પડશે અને જગબત્રીસીએ ચઢીશું. પછી ગમે તો તેની વીંટી તેને પાછી મળો કે ન મળો પણ આપણી આબરૂ લીધી તે તો ખરી. અને આપણી આબરૂ ગયા પછી આપણું જીવતર પણ તદન વ્યર્થજ. કહો વારૂ મારૂં ધારવું ખોટું છે? એતો તકનાં કેળાં તકેજ ખવાય. હવે તમારી ધ્યાનમાં આવે તેમ કરો. મને તો જે વ્યાજબી લાગતું હતું તે તમને સ્પષ્ટ રીતે ખુલ્લે ખુલ્લું કહી દીધું. પાછળથી મારો દોષ ન કાઢતાં.

કમળા પાકી કાવત્રાંબાજ તથા હિંમતવાન હતી તો પણ પોતાની ગેરઆબરૂ થવાની ધાસ્તીથી ડરી અને વીંટી તરતજ રંકપ્રસાદના હાથમાં મુકી. વીંટી આપતાં

આપતાં તે પોતાના મનમાં અનેક તરહેના તર્ક વિતર્ક કરી ગઇ અને તેણે રંકપ્રસાદને બીજે દિવસે મળવા આવવાનું કહી તુરતજ વિદાય કર્યો. રંકપ્રસાદે તે વીંટી લઇને કુસુમને આપી. આપણે તે તો આગળ ઉપર વાંચી ગયા છીએ.

" વીંટી ગઈ—હા તેણે નાહક દગો દઇને અમને છેતર્યાં. કુસુમ—કુસુમ—મેં તારૂં શું બગાડયું છે કે તુંજ હોળીનું નાળિએર લઇને ઘુમે છે—મૂર્ખ જરા તો વિચાર કર કે તું કોની સાથે બાથ ભીડે છે. આ કમળાની સાથે વૈર બાંધી તેના ઝપાટામાંથી ક્યારે છૂટવાનો છે. તું તારા મનમાં જો એમજ ધારતો હોય કે હું અબળા છું તો તેમાં તો તારી મોટી ભુલ છે. કુસુમ—કુસુમ—આ કમળા અબળા નથી પણ પ્રબળા છે અને તે પોતાનું વૈર લેશે એ તું નક્કી ધારજે. તેની સાથે વેર બાંધી તું સુખી થવાની આશા રાખતો હોય તે વ્યર્થજ. "

અત્યારે બપોરનો વખત છે. જયશંકરના ઘરમાં કોઇ નથી. ચાકર પણ કામકાજ કરી પોતાના કામમાંથી પરવારીને ધોતીઆનો ગાંસડો બાંધી નદીએ ગયેલો છે. અને કમળા ઉપર પ્રમાણે વિચાર કરતી કરતી પોતાની મેડીમાં બેઠી છે. ઘડીકમાં ગુસ્સે થાય છે—વળી ઘડિકમાં શાંતપણે વિચાર પણ કરી મનને દીલાસો આપે છે એટલામાં કમાડ ઉઘડયાં. વિચારમાળા બંધ પડી અને ધ્યાન તરતજ કમાડ ઉઘડતાં થએલા અવાજ તરફ ગયું. એટલામાં રંકપ્રસાદ ભારે પગલાં ભરતો તથા મનમાં મલકાતો મલકાતો છાતી કાઢી ઉપર આવ્યો. રંકપ્રસાદને દીઠો કે તરતજ તે

બોલી ઉઠી. રંકપ્રસાદ–ઠીક થયું તમે બરાબર વખતસરજ આવી પહોંચ્યાછો. મારા મનમાં હમણાંજ વિચાર થયો હતો કે હવે રંકપ્રસાદ આવેતો સારૂં. વળી તમારૂં આયુષ્ય પણ લાંબુ છે કે તમે સંભારતામાંજ આવી ચઢયા.

રંકપ્રસાદ પ્રત્યુત્તરમાં ફક્ત હસ્યોજ અને હસતાં હસતાં જઇને પાસે પડેલી એક ખુરશી પર બેઠો. તેના બેઠા પછી તરતજ કમળાએ વાત ઉપાડી. રંકપ્રસાદ જોયુંકની? બેલા કુસુમકે તો દમ દઇને આપણને છેતર્યા. હવેતો આપણે આપણું વેર લેવુંજ. તે પણ જાણે કે મને પણ કમળા તથા રંકપ્રસાદ મળ્યાં હતાં.

રંક—હા. છેતર્યા તો ખરાં અને વેર પણ લેવુંતો જોઇએ પરંતુ તેનો કાંઇ ઉપાય.

કમળા—ઉપાયતો તમે બતાવો ત્યારેજતો.

રંકપ્રસાદે થોડીવાર વિચાર કરી જવાબ દીધો. ઉપાય તો છે પણ તે બનવું મુશ્કેલ છે.

કમળા—જો ઉપાય હોયતો તે બતાવોકની–તેને બનાવી અમલમાં લાવવો તેતો આપણું કામ છે મારાથી થશે તેટલી મહેનત હું પણ કરીશ. બાકીની તમે.

રંકપ્રસાદ—ઠીક ત્યારે લ્યો સાંભળો. આપણા નગ્રમાં એક રામરાવ ખાટકે કરીને મરેઠો છે. તે પાકો હિંમતવાન તેમજ કાવત્રામાં પુરો છે. તે માણસનું ખુન કરવામાં પણ ડરે તેમ નથી માટે જોતે આપણા પક્ષમાં આવેતો આપણું ધારેલું કામ ઘણીજ સહેલાઇથી પાર પડે. પણ તેમ બનવું મુશ્કેલ છે. કેમકે તેને પૈસાની ઘણીજ થોડી દરકાર છે.

કમળા—ઓહો-એજકની એમાંશું છે. તેને આપણા પક્ષમાં લેવો અને ચાંચડ ચોળવા સરખોજ. તેને પૈસાની દરકાર નથી તો ખેર.

નારીના કટાક્ષ પાસ પુરૂષ છે ગુલામ.

હાવભાવ કટાક્ષ કરીને હરતી પુરૂષ હામ.

(વાઘજી આશારામ ઓઝાકૃત ભરથરી નાટક.)

એ તમેજ કીધેલું હતું કેમ યાદછેકની. તે ગમે તેવો હશે તેમજ તેને કોઇ પણ ચીજની દરકાર નહિ હોય પણ એક સુંદર અબળાના ચંચળ નેત્રમાંથી કટાક્ષરૂપી નીકળેલા મદનરાજના તિક્ષણ બાણને સહન કરનાર વીરલો પુરૂષ હાલના કળિયુગના સમામાં ભાગ્યેજ હશે. તે નક્કી સમજજો. પરંતુ તમે તેને ઓળખોછો ખરા ?

રંક—હા મારેને તેને સહેજસાજ દોસ્તી છે.

કમળા—ઓહો ત્યારે એમાં કાંઇ જોશીને ઘેર મુહુર્ત પુછવા જવાની કાંઇ જરૂર નથી એકાદ વખત તેને ગમે તે બહાને અહિં લાવો પછી જોઇ લ્યો કમળાની ચાલાકી.

રંક—વાહવાહ- કમળા-હુંતો નહોતો ધારતો કે તમે આટલાં પાણીદારછો. તમારી આવી હિંમત છે તેતો મેં આજેજ જાણ્યું. પણ જોજો અહિં આવ્યા પછી બાજી બગડે નહિ.

કમળા—રામરામ કરો-કમળાના મોહપાસમાં ફસાયા પછી તેના સપાટામાંથી કોઇ બચી ગયું નથી તો પછી તેની તે શું તાકાત.

રંક—ઠીક છે ત્યારે.

" અહા. કેવી નવાઇ ! શી કળિયુગની ખુબી ! મલિન આર્યોની કેવી મલિનતા ! કેવો અજબ જમાનો અને તેની કેવી ઉપાધિરૂપ અસર—અરે દૈવ આ કેમ દેખ્યું જાય અને સાંભળ્યું સહન થાય ! શું આ પવિત્ર આર્યભૂમિપર આવા મલિન સ્ત્રી પુરૂષનો જન્મ ! એ કેવી શોકજનક—દુઃખમય—વાત. ઓ વેરી વિધાત્રા આવા લેખ લખતાં તને જરાપણ દયા નહિજ આવી. અરે પવિત્ર આર્યભુમિ. પવિત્ર-આર્યમાતા-તારી કેવી દશા ! હાલ જ્યાં જ્યાં નજર માંડી નીહાળું છું ત્યાં ત્યાં સઘળે સ્થળે સ્વાર્થ સ્વાર્થ અને સ્વાર્થજ. સ્વાર્થી સ્ત્રીપુરૂષો પોતાનો સ્વાર્થ સાધવામાં કાંઇપણ જાતનું પાપ પુણ્ય જોતાજ નથી—અરે પાપ પુન્ય શું છે તેનો તો તેમને સ્વપ્ને પણ ખ્યાલ નથી તો જુએ અને ઓળખે તો કયાંથીજ. આનું મુળ કારણ અજ્ઞાનતા છે. અરે શુ અજ્ઞાનતાને હણનાર—અરે તેને પાયમાલ કરનાર કેળવણી રૂપી મિત્રરત્ન શું આર્યોને માટે ઇશ્વરે નથીજ બક્ષેલ ? હા—હા—છે. પરંતુ તેનું જતન કરતાં અને તે મિત્રની ખાતર બરદાસ કરવી તથા તેને માન આવકાર આપવો તેનું તેમને કેવળ ભાનજ નથી ! કોઇ કહેશે કે કેળવણી રૂપી મિત્રની વળી ખાતર બરદાસ શું કરવી હતી ? વળી તેને માન આવકાર શું આપવો હતો ? તો તેના જવાબમાં ફકત એટલુંજ કે ગુરૂની આજ્ઞા મુજબ વર્તવું. તેને કદી નહિ દુભાવતાં તેની અર્પેલી શુશિક્ષાનું ગ્રહણ કરવું. વળી પોપટીયું જ્ઞાન નહિ ધરાવતાં તે વિશેનું તત્વ જ્ઞાન મેળવું. અને તેને ઉમદા વિચારથી પુષ્ટ કરી દ્રઢ મનથી તેનું મનન કરવું તે. અર્વાચીન કેળવણી ગ્રહણ કરનાર સ્ત્રી પુરૂષો અર્વા-

ચીન કેળવણીના પ્રવાહના વેગમાં ચોપડીની અંદર આપેલા વાકયનું યાતો–શબ્દનું પુરેપુરૂ રહસ્ય નહિ સમજ્યા હોવાથી પોપટીઆ જ્ઞાનથીજ તેમાં તણાય છે અને અંતે–ચોરી છીનાળી–જુઠું બોલવું–વિશ્વાસઘાત કરવો–આદિ અનેક દુર્ગણોના સાથી થઇ બેસે છે તેમાં ફસાય છે અને ઘણા ઘણા ખત્તા ખાય છે. પરંતુ માનવંતા મરહુમ કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઇની રચેલી કવિતામાં—"પડી ટેવ તે તો ટળે કેમ ટાળી" કહેલી કડીની મુજબજ મરતાં સુધી તેને છોડતા નથી. એ કેવી અફસોસની–અરે શોકજનક–દુ:ખમય ઉપાધિરૂપ—વાત છે. આ સઘળાનું કારણ શ્રી જગદીશ્વર તારી અકૃપા હોય તેમ ભાસે છે. ભલે તેમ હોય પરતુ અમે તો એકલુંજ માની શંતોષ માનીશું કે અમારૂં દુર્ભાગ્યજ છે; કેમકે જો તેમજ નહોતતો પાપી પેટને ખાતર–અરે પોતાના સ્વાર્થને માટે—કાળાં કૃત્ય જેવાં કે વ્યભિચાર—વિશ્વાસાતઘાત—જુઠપણું—કામક્રોધ આદિ દુર્ગણોના સંગી બનવાનું સુઝેજ નહિ અફસોસ અફસોસ હવે તો હદ થઈ–દેખ્યું જોવાતું નથી અને સાંભળ્યું સહન થતું નથી.–હવે તો જુઓ–અને રૂઓ- એજ હાલના સમામાં આપણે માટે રહેલું છે. શીવ–શીવ–શીવ!!

થોડીવાર બેઉ જણાએ બેશી નિરાંતે એક બીજાની ખુલ્લા દિલથી વાતચીત કરી ત્યારબાદ રંકપ્રસાદ પોતાને ઘેર ગયો.

"અરે જે માણુસે તેમને પૈસો ખવરાવ્યો, જેણે તેમનો વિશ્વાસ કર્યો, તથા જેમને માટે તેણે પોતાનો સાચો નિમકહલાલ મિત્ર કે જે તેને તેના પોતાનાજ ભલાને માટે

સત્ય શીખામણ દેવા આવેલો તેનું અપમાન કરેલું તથા તે-ને તેમનાજ કહેવાથી તજેલો-તેમણે તેને તજી દીધો. તજી દીધો તો ધૂળ નાંખી પણ તેમની પાછળ કેવાં કાવત્રાં ર-ચવા માંડયાં. અરે ધિઃક્કાર છે એવા નીચ નીમકહરામીઓને? આ આર્ય ભૂમિને કલંક દેવાને ઇશ્વરે તેમને નાહક જન્મ શા માટે આપ્યો હશે! તેઓએ ઉત્તમ મનુષ્ય દેહ ધારણ કરી, તેના કરતાં તેઓ તેમની માને પેટ પથ્થર પેદા થયા હોતતો પણ સારૂં થાત કે બિચારા ધોબીઓને પણ ધોવાને કામ લાગત--અફસોસ-અફસોસ જમાનો તો તદન બદલાઇ ગયો છે. આગળના મિત્રો તેમજ સ્નેહિઓ કયાં-અરે તેમ-નો પત્તો હવે કયાં લાગશે ? ઓ પ્રભુ અમે તારો એવો તે શો અપરાધ કર્યો છે કે અમારે આવાં આવાં સંકટો ભોગ-બવાં પડે છે. હવે તો આર્યો અને આ પવિત્ર આર્યભૂમા તરફ નજર કર અને તેમના ઉપર દયા લાવી તેમને તેમના ઉપર પડતી આપત્તિમાંથી બચાવ ! ! ”

જે રામરાવ ખાટકે વિશે રંકપ્રસાદે કમળાની પાસે વા-ત કરી હતી તે રાજનગરમાં એક પ્રખ્યાત તાલંબાજ હતો તેની મદદમાં બીજા સેંકડો તાલંબાજો હતા. વળી તે હિં-મતવાન પણ હતો તેથી રાજનગરની પોલીસ પણ તેનાથી ડરતી હતી તો પછી રાજનગરની ગરબડી રૈયતની તો શી તાકાત!! આ માણસની સાથે કુસુમચંદ્રને પણ કાંઇ કારણ-સર ઓળખાણ થએલી હતી તે કુસુમચંદ્રને તેના ઉમદા ગુણોને માટે ઘણોજ વ્હાલો હતો તથા તેનું ગમે તે કામ હોયતો તે અડધી રાત્રીએ કરવાને પણ તૈયાર રહેતો હતો. એને સૌ રામભાઉ અથવા ભાઇસાહેબ એ નામથી બોલા-

વતા તથા ઓળખતા.

કમળાગૌરી તથા રંકપ્રસાદની વચ્ચે વાત થઇ તેને બીજેજ દિવસે રંકપ્રસાદ રામરાવને ઘેર ગયો. રામભાઉને તથા કુસુમચંદ્રને થોડી પણ પિછાન હશે તેની તેને ખબર નહોતી. રંકપ્રસાદને પોતાને ત્યાં ઘણે દિવસે આવેલો સમજી રામભાઉને અનેક તરેહના વિચાર ઉત્પન્ન થયા તથા તેના સ્વાર્થ માટે મનમાં વિવિધ વિચાર ઉપરા ઉપરી કરી ગયો. રામભાઉ તે વખતે ફરવા જવાની તૈયારીમાં હતો પણ રંકપ્રસાદના આવવાથી તેમાં વિક્ષેપ પડચો. બંને જણ બેઠા થોડીવાર વાતચીત કરી બંને જણા સાથે ફરવા નીકળ્યા. ફરતાં ફરતાં તેઓ જયશંકરના ઘર તરફ આવ્યા. ત્યાં રંકપ્રસાદે પોતાના એક મિત્રને મળી આવીએ એમ કહી જયશંકરને ઘેર જવા ઇચ્છા બતાવી તેને સાથે લઇ જવા આગ્રહ કર્યો. રામભાઉ પણ તેના આગ્રહથી તેની સાથે ગયો. જયશંકર તે વખતે ઘરમાં હતો. તેને મળ્યા. અને રંકપ્રસાદે જયશંકરની સાથે રામરાવની ઓળખાણ કરાવી આપી.

દિવસપર દિવસ જવા લાગ્યા. એક વખત ગયા. બે વખત ગયા. એમ રંકપ્રસાદની સાથે જયશંકરને ઘેર જતાં જતાં રામભાઉ કમળાગૌરીના મોહ પાસમાં સપડાયા અને લગભગ એક માસમાંને રામભાઉ તથા કમળાની વચ્ચે પ્રીતિ બંધાઇ ગઇ. જ્યારે રામભાઉ પોતાની પ્રેમ જાળમાં બરાબર સપડાયો છે એવું કમળાને બરાબર લાગ્યું કે તરતજ તે ધીરેધીરે મનુ તથા કુસુમની વાત કાઢવા લાગી. કુસુમની વાત સાંભળી રામભાઉ ચમકયો. વચમાં

બોલવાનું કરતો હતો પણ સમયસૂચકતા વાપરી હાથમાંથી જતી બાજી જીતવા લાગ્યો. વાત પુરી થઈ. રામભાઉને મન તેના તરફ મોટો ધિઃકાર છૂટયો પણ બ્હારથી તેને દીલાસો આપ્યો અને કહ્યું કે જોઇ લઇશું. કમળા જે બધાની સાથે સ્વાર્થી હતી તે રામભાઉને ખરા અંતઃકરણથી ચ્હાવા લાગી. જો રામભાઉ એકાદ બે દિવસ ન આવ્યો હોયતો તેને તેડવા મોકલે અને ટુંકામાં તેના વિના તેને કોઇપણ ચીજ ઉપર દીલ ચોટતું નહિ તથા તેને કાંઇપણ ચેન પડતુંજ નહિ. રામભાઉ સાથે પ્રેમ સંબંધ થયો તે અરસામાંતો તેને હવે તેના પોતાના પતિ ઉપર પણ ધિઃક્કાર છૂટયો અને હવે તેનું કાસળકાઢી-ફાંકડા રામભાઉસાથે કોઇ બીજા દેશમાં જઇ મોજ મારવા વિચાર થયો. આ વાત જ્યારે એક દિસસે રામભાઉ આવ્યો તેને કહિ તે સાંભળી તે મનમાં કંપ્યો. તેણે કીધું તે સાંભળી લીધું અને છેવટે ઠીક છે. એમ જવાબ આપી વિચાર કરતો કરતો પોતાને ઘેર ગયો.

પ્રકરણ ૧૩ મું.

મધ્યાન્હ સમય થયો છે-ઉષ્ણ વાયુ વાયછે-રાજનગરના તમામ રસ્તા આ વખતે ઉજડ માલુમ પડે છે. સુર્યની ગરમીથી કાયર થઇને લોકો ઘરમાં ભરાઇ બેઠા છે-કામ રડયું ખડયું કાંઇ જરૂરનાજ કામસર હાથમાં છત્ર યા તો છત્રી વિના પસીનાથી ભીંજાએલું આવ જા કરતું નજરે પડે છે-ટટ્ટીઓ પર પાણી છંટાઇ રહ્યાં છે. તે વખતે એક ઘરના નાનકડા-પણ ભભકાદાર દીવાનખાનામાં આનંદ વર્તી

રહ્યા છે. બે પુરૂષ તથા એક સ્ત્રી બેઠાં બેઠાં-એક બીજાની ઠઠ્ઠા મશ્કરી કરી આનંદ કરે છે-એવામાં તે ઘરની નજીક એક ગાડી આવી. તેમાંથી એક તરૂણ મુગ્ધા ઉતરી અને તે ઘર તરફ વળી અને ચાકરની સાથે ખબર પહોંચડાવી ચાકરે ઉપર જઇ તે બેઠેલા ત્રણ જણ માંહેલી સ્ત્રીને કહ્યું-વસંતબા ધનલક્ષ્મી આપને મળવા આવ્યાં છે.

વસંત—શું ધનલક્ષ્મી આવ્યાં છે. ?

ચાકર—હા-બ્હેન.

વસંત—ક્યાં છે તે—

ચાકર—આપની રાહ જોતાં નીચે ઉભાં છે.

વસંત—ઠીક ચાલો હું આવું છું.

એટલામાં ધનલક્ષ્મી ઉપર આવી. અને જ્યાં વસંત તથા કુસુમ, મનુ, વગેરે બેઠાં હતાં ત્યાં આવી. મનુ તથા કુસુમને ત્યાં બેઠેલા જોઇ શરમાઇ જે સ્થળે ઉભી હતી ત્યાંને ત્યાંજ ઉભી રહી. તેને શરમાતી જોઇ વસંત બોલી-આવ બ્હેન આવ હવે શરમાય છે શું ? ક્યારે આવી બાઇ !

ધન—(હિંમત રાખીને) બ્હેન હું આજે બપોરની ગાડીમાં આવી.

વસંત—શું તું એકલી આવી કે કોઈ બીજું સાથે આવ્યું છે ?

ધન—ના, બ્હેન મારી સાથે મારાં માતુશ્રી પણ આવ્યાં છે.

વસંત—શું-કાકી પણ આવ્યાં છે ?

ધન—હા બ્હેન.

વસંત—ત્યારે તારા પિતાજી પણ આવ્યા હશે.

ધન—ના બ્હેન, તેઓ થોડા દિવસ પછી આવશે.

વસંત—ઠીક-ત્યારે તો તમે હવે તારા લગ્ન ઉપર આવ્યાં હોય તેમ જણાય છે.

ધન—જેમ હશે તેમ ખરૂં—પણ બ્હેન—ચાલ હાલ વાતો કરવાનો વખત નથી. મારાં માતુશ્રી તને બહુ યાદ કરે છે તેથી હું તને ફક્ત તેડવાને જ માટે આવી છું. તેઓ આપણી રાહ જોઈ બેઠાં હશે. પછીથી નિરાંતે ખુલ્લા મનથી વાતો કરીશું.

વસંત—ઠીક બ્હેન ચાલો.

વસંત ઉભી થઈ અને પોતાના પતિ તરફ દૃષ્ટિ કરી. તેને કુસુમે કહ્યું તમો જઈને વહેલાં આવો. રજા મળી-કપડાં લત્તાં પહેરી-બંને બેનપણીઓ આવેલી ગાડીમાં બેસી ધનલક્ષ્મીના ઘર તરફ રવાના થઇ.

વસંતગૌરી—ધનલક્ષ્મીની માતુશ્રીને મળી ખબર અંતર પુછી ત્યાર બાદ થોડીવાર સુધી અન્ય વિષયપર વાતચીત કરી પોતાના ઘર તરફ પાછીફરી પોતાને ઘેર ગઇ તે વખતે બંને મિત્રો બેઠા બેઠા વાતો કરતા હતા. વસંતગૌરીના પગનો અવાજ સાંભળી મનુ ચમકયો અને બોલી ઉઠ્યો—જુઓ જુઓ કુસુમભાઈ ભાભી સાહેબ તો આજે કાંઇ વધારે ખીલ્યાં છે. તેમનું અંતઃકરણ હર્ષથી ઘણુંજ દોલાયમાન થઇ ગયું હોય તેમ લાગે છે.

કુસુમ—તને તો ગમે તેમ લાગે પણ મારા ધારવા પ્રમાણે તો હર્ષનું કારણ તુંજ છે એમ લાગે છે.

મનુ—શું હુંજ છું?

કુસુમ—હા ભાઇ.

મનુ—જો તેમ જ હોય તો તો હું મને કૃતાર્થ થયો સમજું છું.

કુસુમ—ઠીક.

એટલામાં વસંતગૌરી ઉપર આવી અને તે બંને મિત્રો અન્યોઅન્ય વાતો કરી આનંદ કરે છે તેમાં ભંગ પાડી બોલી ઉઠ્ઠા, મનુભાઈ વધામણી.

કુસુમ—શાની.

વસંત—મનુભાઇના શુભ લગ્નની-બીજીશાની ?

કુસુમ—શું લગ્ન ઠર્યાં ?

વસંત—હા--

કુસુમ—ક્યારનાં.

વસંત—માહાસુદ—અગીઆરશનાં.

મનુ—શું આ આવી તે અગીઆરશનાં.

વસંત—(હશીપડી) વાહવાહ. મનુભાઇ-લગ્નની વાત સાંભળી તેથી હુ તો ધારૂં છું કે તમારા આનંદનો કાંઇ પારજ રહ્યો નથી. નહિ વારૂ ! પણ સાચવજો—અત્યાનંદ સારો નહિ—રખેને ઘેલા થઇ જાઓ એવી મને ધાસ્તી લાગે છે, વળી કોઈ સારો દાક્તર પણ નથી કે પાછો લગ્ન સમયે સાજા કરી શકે—કેમકે દીવસ ઘણા ટુંકા છે.

મનુ—(હસતાં હસતાં) બહુ થયું—બહુ થયું—ભાભીસાહેબ—મશ્કરી થોડી કરો-એતો સ્વાભાવિક રીતે તમને પુછ્યું તો તેમાંયે મશ્કરી કે ?

વસંત—હા--હા- હવે મશ્કરીજ લાગે તો-અત્યાર સુધી તો શાણા થઇને ગુપચુપ બેશી રહ્યા હતા, પણ લ-

ગની વાત સભાંળી કે પગમાં જોર આવ્યું, અને તરતજ સવાલ જવાબ કરવા લાગ્યા. હોયભાઇ—એમજ હોય—પ્રેમની એવીજ અજબ ખુબી છે.

મનુ—કેમ ના હોય ?

વસંત—હા-ભાઇ-હા-ક્ષુધાતુરને મન મળ્યું-એટલે પછી શાની ખામી. કેમ મનુભાઈ ?

મનુ—એનો અનુભવ કુસુમને-કેમભાઇ કુસુમ-બોલને.

કુસુમ—તમે બે વાતો કરો છો તેમાં વચ્ચમાં મને શીદને લોઢો ?

મનુ—હા-ભાઇ-હા. પોતાની ગાંડ તળે રેલો આવ્યો-એટલેજ તો. વસંતભાભીના વિરહે ભાઇને કેવું થાય છે ? ભાભીવિના ભાઇસાહેબને-કાંઇ સુઝે જ નહિ. ઉઠતાં-બેસતાં સુતાં પણ-વસંત-વસંત-ને વસંત. આખો દીવસ તેની ને તેનીજ માળા-અને જો કોઇ આવીને કહે કે-વસંતગૌરી આવ્યાં તો તરતજ ઉંઘતા હોય તોપણ ભણકારાથી જાગે-અને સામાજાય. માટે મારા કરતાં વધારે અનુભવી કોણ. બોલો ભાભી સાહેબ.

વસંત—(હશીપડી અને બોલી) વાહ વાહ-મનુભાઇ, દાખલો સજડ આપ્યો કે પછી બોલવા વખતજ ન રહે.

મનુ—કેમ ન આપે ?

ઉપર પ્રમાણે વાતચાત કરી આનંદમાં વખત ગાળે છે એટલામાં ઘડીઆળમાં પાંચ વાગ્યા. ફરવા જવાનો વખત થયો. બંને જણ ઉઠ્યા-અને કપડાં પહેરી ફરવા ગયા. અને થતી વાતચીત બંધ પડી.

હવે એક તરફ હરિલાલને તથા અને બીજી તરફ

મનમોહનરાયને ત્યાં લગ્નની ધામધુમ થઇ રહી છે. મનમોહનરાયને પોતાની એકની એક પુત્રીને પરણાવવાની છે તેથી તેણે ઠાઠમાઠ ઘણાજ ભભકાથી કરવા માંડયો. દિવસપર દિવસ જવા લાગ્યા. અને લગ્નના હવે લગભગ ત્રણ ચાર દિવસ બાકી રહ્યા એવામાં મનુભાઇને તેમના સાસરે જમવા તેડયા. મનુભાઇ કુસુમચંદ્રને સાથે લઇ સાસરે જમવા ગયા. બંને મિત્રો ઉપર જઇ દીવાનખાનામાં બેઠા એટલામાં કુસુમચંદ્રને નીચે બોલાવવામાં આવ્યાથી તે નીચે ગયો અને મનુભાઇ પોતે એકલો પડયો.

મનુભાઇ એકલો પડયો કે તરતજ તેનું મન ચકડોળે ચડયું. તેના મનમાં વિવિધ વિચારો ઉત્પન્ન થવા લાગ્યા. અને બોલ્યો "આહા કલ્પના શક્તિ કેવી ઠગારી છે? તે અતિ વેગવાળી છે. જરા નજરે પડયો કે તે મનોહર આકૃતિ મારી દૃષ્ટા આગળ ખડી થાય છે. અહા શું તેની ખુબસુરતી. શું તેની સુંદરતા અને વળી આજ તો તેનો ભભકો કોઇ ઓરજ માલુમ પડે છે. આ દીવાનખાનમાં ફક્ત તેનીજ છબી છે તોપણ કેવું દીપી રહ્યું છે તો જ્યારે સાક્ષાત પ્રેમમૂર્તિ મારા ઘરમાં પગ મૂકશે ત્યારે કેવું શોભી ઉઠશે ? અહા જે શુભ મહુરતની હું આતુરતાથી રાહ જોતો હતો તે પણ આવી પહોંચ્યું અને વળી પરમદીવસે-અહા કેવી ખુશીની વાત! અલ્યા મનુ, ધનલક્ષ્મી પરમદીવસે તારો પોતાના પતિતરીકે સ્વીકાર કરશે. કેવી ખુશીની વાત. પ્રિય ધનુ તારા જેવું, સ્ત્રી રત્ન મળવાથી હું મને મોટો ભાગ્યશાળી ગણું છું. અલ્યા મનુ, તારા નશીબમાં આવું સ્ત્રી રત્ન નજ હોય. પરંતુ પરમેશ્વરની કૃપાથી જે તને પ્રાપ્ત

થયું છે તેનું તું તન મન અને ધનથી યોગ્ય રીતે જતન કરજે તેને કદી દુભાવતો નહિ.

ઉપર પ્રમાણે મનુભાઇ જ્યારે વિચારમાં ચકચુર બની બેઠેલો છે તેવામાં ધનલક્ષ્મી કોઈ કામ પ્રસંગે ત્યાં થઇને જતી હતી તે મનુભાઇને એકલો બેઠેલો જોઇ ખચકાઇ. અને અત્યારે મળવાનો લાગ સારો છે એમ વિચારી કાંઇ બહાનું શોધી અંદર ગઇ. અને બોલી—" કુસુમચંદ્રભાઇ આપને મારા પિતાજી નીચે બોલાવે છે.

અવાજ આવતાની સાથે વિચારમાળા બંધ પડી એકદમ ઝબકીને ઉભો થયો. અને જે બાજુએથી અવાજ આવ્યો તે તરફ નજર કરી તો સાક્ષાત પોતાના હૃદય મંદીરમાં રમી રહેલી પ્રેમ મુર્તિને જોઇ. આ વખતે તેના આનંદનોપાર રહ્યો નહિ તે મનમાં ખુશી થતો થતો બોલ્યો-આવ-આવ પ્રિયધનુ-મારીધનુ-આવ-આવ અને આનંદથી વાત કર.-

ધન—કોણ કુસુમચંદ્ર ?

મનુ—વ્હાલી—શું તુ કુસુમચંદ્રથી શરમાય છે ? તે તો ક્યારનોએ તારા પિતાજીની પાસે ગયો છે-તે અહિં હોય તોપણ શું થઇ ગયું- તે તો મારૂં તનમન અને ધન છે તેથી તારે કાંઇપણ ગભરાવાનું નથી આવ.-આવ-શરમાય છે શું ? પરંતુ કાંઇ પ્રત્યુત્તર મળ્યો નહિ-ધનલક્ષ્મી જ્યાં ઉભી હતી ત્યાંને ત્યાં નીચુ મોં રાખી ઉભી રહી-પ્રત્યુત્તર નહિ મળવાથી મનુ બોલ્યો-" પ્રિય ધનુ આ વખતે શરમાય છે શું ! લાંબલાંબા પત્ર લખતી વખતે તો કાંઇ શરમ નહોતી લાગતી ? આ વખતે આમ કેમ " ? એમ બોલતો

બોલતો તેની તરફ ગયો અને તેનો હાથ ઝાલી પોતાની તરફ ખેંચી બોલ્યો—આવ-આવ-વ્હાલી-આમ-આવ-અને મદનાગ્નીથી તપી રહેલા મારા તનને તારા શીતળ અંગની સાથે આલિંગન આપી શાંતકર.

ધન—પ્રિય ....

મનુ—બોલ. બોલ—વ્હાલી કેમ અટકી ગઇ.

ધનલક્ષ્મી—પ્રિયપતિ—આજકાલ જુવાનીઆઓનું મન લગ્ન સમયે જેટલું દૃઢ હોય છે તેવું હમેશાં રહેતું નથી માટે..................

મનુ—વ્હાલી તારા બોલવાનો ભાવાર્થ હું સમજ્યો. તારા મનમાં જે જે શંકાઓ હોય તે દૂર કર. પ્રિયે—

પ્રેમ હિરાનું પારખું, પ્રેમી હાથે થાય,
ખરીદનાર ખાશો હશે, વિણુ મૂલે વેચાય.

તેમ તું પ્રેમ હિરો ખરીદનાર ઝવેરીથા-ઝવેરી થવાની શક્તિ ના હોય તો આ પ્રેમીનું લેવર—અરે કેલર તપાસ.

પ્રેમદા રખે તું આ પ્રેમીની કસોટી કરવામાં કચાસ રાખે. કસોટી કર-અને તેના વિશેની શંકા દૂર કર. મારા મનરૂપી પેટીમાં ધનલક્ષ્મીરૂપી રત્ન મૂકીશ. અને મારા પ્રાણુરૂપી ચોકી મૂકી હિંમતરૂપી હથિઆર ધરી, તન અને ધનથી તેનું રક્ષણુ કરીશ.એથી પણુ હજુ જો તારી ખાત્રી ના થતી હોય—

ધન—પ્રાણુનાથ-પ્રાણુનાથ-બસ કરો. તમે એમ ન ધારશો કે જેટલા તમે મને મળવા આતુર છો તેટલી હું નથી. મે તમારી પરીક્ષા મારી પ્રિય સખી વસંત મારફતે મારાથી બની શકે તેટલી કરીનેજ મેં આપને પસંદ ક-

યાં છે. જો હું આખી સૃષ્ટિ શોધી વળુ તોપણુ આપના જેવા પતિ મને મળવા મુશ્કેલજ છે. પણુ પ્રાણુનાથ હવે ધીરજ રાખો—વચ્ચમાં ફક્ત બે દિવસજ છે. તેટલા માટે હવે અધિરા બનવું ન જોઇએ. બે દિવસ પછી સઘળો વખત આપણોજ છે.

મનુ—વ્હાલી તારૂં કહેવું ખરૂં છે. પણુ...........

જ્યારે આ સુખી જોડુ એક બીજાની સાથે અરસપરસ વાર્તા વિનોદ કરી વખત ગાળે છે તેવામાં ધનલક્ષ્મીને તેની માતુશ્રીએ કાંઇ કામસર નીચેથી હાંક મારી તેથી તે બોલી પ્રાણુનાથ—મને મારાં માતુશ્રી નીચે બોલાવે છે માટે હવે હું રજા લઉં છું.

મનુ—પ્રિયે આ છૂભથી જાઓ એમ કેમ કહું!

ધનલક્ષ્મી—ત્યારે હું હવે આપની આજ્ઞા થઇ એમ સમજી જાઉં છું.

મનુ—પ્રીયા, તમને ધન્યવાદ ઘટે છે.

ધનલક્ષ્મીના ગયા બાદ થોડીવારે કુસુમચંદ્ર પણ આવ્યો. એટલામાં જમવાનો સમય થયો તેથી નીચેથી તેડુ આવવાથી બંને મિત્રો નીચે ગયા. હાથ ધોઈ જમવા બેઠા. જમી રહ્યા બાદ—પાન સોપારી લઇ બંને મિત્રો ઘર તરફ રવાના થયા.

અગીઆરસથી લગ્નની ધામ ધુમ થઇ રહી છે, મનમોહનરાયે પણુ પોતાને ત્યાં સારી સધવડ કરી. સાંજના પાંચ વાગે વરઘોડો ચઢી મનમોહનરાયને ઘેર ઉતર્યો. વરકન્યાને માયરામાં પધરાવ્યાં. ચોરી થઈ. વર કન્યા પરણી ઉઠયાં. પ્રેમી જોડાને ઇશ્વર સદા સાનુકુલ.........

પ્રકરણ ૧૪ મું.

કમળાગૌરીના વિચાર દીનપ્રતિદીન ઘણાજ ખરાબ—દુષ્ટ થતા ગયા અને તેમાં રંકમસાદનો ટેકો મળતાં બમણા થયા. તેમ કરતાં કરતાં રંકપ્રસાદની સલાહથી અને મોજ શોખની વધારે ભોક્તા થવાથી હવે તો જયશંકરપરથી—પોતાના પતિ તરફથી લાગણીઓ છેક નબળી થઈ ગઈ. તે તેને પોતાના દુશ્મન તરીકે દેખવા લાગી. હવે તેને તેનો સહેવાસ કાળ સરખો લાગવા લાગ્યો, પણ તે કોઇને કહી શકી નહિ પણ એક દિવસે કંટાળીને તેણે રામભાઉ પાસે પોતાના મનની વાત ખુલ્લે ખુલ્લી દર્શાવી. રામભાઉ ને જે દિવસે વાત કરી ત્યાર પછી થોડા દિવસે જયશંકરને તેના પીતા તરફથી પત્ર મળ્યો અને કાંઇ જરૂરના કામસર તેને વડોદરે જવાનું થયું તેથી તેના વિચાર અમલમાં લાવતાં તેને વિલંબ થયો પણ શું કરે લાચાર. બાજી તેના હાથમાં નહોતી તેથી જેમતેમ કરી દિવસ કાઢવા લાગી.

"હાય હાય ગજબ થયો. શત્રુઓ નિસ્કંટક મોજમજા કરે છે તે મારાથી હવે સહન થઇ શકતું નથી. મનુ—મનુ—તને તો હું શું કહું! પણ પેલો કુસુમડો. હા હા. તેણેજ મારી સઘળી આશાઓ નષ્ટ કરી. પાપી—હવે જો જે મારો સપાટો. વખત આવ્યો ત્યારે રડયો પતિ પણ નાશી ગયો. ઇશ્વર કરશે તો મારી સઘળી આશા પૂર્ણ થશે. હા હવે વખત નજીક આવ્યો છે. રડયો પતિ આવે કે તરતજ દુશ્મનોને ફના કરી મારા છેલની સાથે નીકળી પડું અને હમેશાં તેની સાથે મોજમજા કરૂં. પરદેશમાં કોણ જોવા આવનાર છે." એ પ્રમાણે વિચાર કરતી એક

કમળા પોતાના ઘરમાં અત્યારે એકલી બેઠી છે એવામાં કમાડ ઉઘાડી એક સખ્સ અંદર દાખલ થયો અને તે જ્યાં બેઠી હતી ત્યાં તેની પાસે ગયો અને બોલ્યો—"અહો કમળાગૌરી આજતો તમે મોટા વિચારમાં પડયાં હો તેમ લાગે છે ?

કમળા—આવો આવો રામભાઉ, હુંતો સ્હેજ તમારીજ રાહ જોતી બેઠીછું.

રામ—હા કદાપી તેમ હશે. પણ મારા ધારવા પ્રમાણે તો તમારા મનમાં કોઇ ઓરજ પ્રકારના વિચાર ચાલતા જણાય છે ? કહો. મારા સમ જે હોય તે સાચે સાચું કહો. કહેથી તેનો કોઇ ઉપાય પણ થશે.

કમળા—મારા વ્હાલા ભાઉસાહેબ, મેં તમને જે વાત કરી તેનો નિર્ણય અધાપિ પર્યંત આપે કાંઇ પણ કર્યો નહિ. મનુનાં લગ્ન પણ થયાં અને તે સુખી જોડું મોજ કરે છે. હશે તેનું તો કાંઇ નહિ પણ પેલો કુસુમડો હમેશાં મને ઘડી પળ પણ વિસરતો નથી. શું તેનો મિજાજ. તે મારી નજર આગળ થઇને જાય છે ત્યારે હજારો તરેહના ચાળા કરે છે. વળી મારા તરફ ધિઃક્કારની નજરથી જુએ છે, તે સઘળું હવે મારાથી સહન થઇ શકતું નથી. માટે તેનો હવે કાંઈ ઉપાય થાય તો સારૂં. જો તેને સપાટામાં લીધો તો તેની સ્ત્રી વસંત ઘણીજ ખુબસુરત તથા ભણેલી છે તે પણ તમારા કબજામાં આવશે.

રામભાઉને કુસુમચંદ્રનું ભુંડું બોલવાથી ત્યાં પોતાની ભગિનીસમાન વસંતગૌરી તરફ બદ દાનત કરવા ઉશ્કેરવાથી મનમાં ઘણોજ ગુસ્સો ચઢ્યો, પણ તે સહન કરી

શાંતપણે સાંભળી રહ્યો. તેણીએ જે જે કહ્યું તે પ્રથમ સાંભળી લીધું ત્યારબાદ થોડી વાતચીત કરી ઘર તરફ રવાના થયો.

"ઠીક થયું કે રામભાઉ પણ વેળાસર આવી ગયો, તેને સઘળી હકીકત કહી.

ચાલો નિરાંત થઇ—હવે-જખ મારે છે- હવે જોઇશો આ કમળાનો સપાટો.

કુસુમ તેં તે દિવસે મને છેતરી પણ આજે તેનો બદલો લેવા હું જીવુંછું અને હવે થોડા દિવસમાં બદલો લઇશ, અને તને પણ યાદ કરાવીશ કે કમળાને સતાવ્યામાં આ ફળ મળ્યું હવે બેડોપાર—પ્રથમ કુસુમનું કાટલું થયા પછી પેલા રડ્યાનું પણ હજુ મુઆનો કાગળ કે પત્ર—મુઓ ત્યાં મરી ગયો કે જીવે છે તેના પણ સમાચાર નથી." એ પ્રમાણે વિચાર કરે છે એવામાં પત્ર આવ્યો. વાંચતાં માલુમ પડયું કે હજી પણ લગભગ એક અઠવાડીયું થોભવાનું થશે જાણી દીલગીર થઇ. પણ નાઇલાજ.

રામભાઉ કમળાને ત્યાંથી નીકળી કુસુમચંદ્રને ઘેર જવા વિચાર કરી તે તરફ વળ્યો. કુસુમચંદ્રના ઘરની નજીક જતાંજ રસ્તામાં તેને કુસુમ મળ્યો. કુસુમને ઉભો રાખી તેણે સઘળી હકીકત કહી. કુસુમ તે સાંભળી ગભરાયો. તેને ગભરાએલો જોઇ રામભાઉ બોલ્યો.

"કુસુમભાઇ તમે ગભારાઓ છો શું કરવા. તે જખ મારે છે જયાં સુધી હું વાઘ જેવો જીવતો પડયો છું ત્યાં સુધી કોની માયે જણ્યો છે કે તમારા સામી આ રાજનગરમાં આંગળી પણ કરે? શું તમારા મારા ઉપર કરેલા ઉપકાર થોડા છે ? શું હું તે ભુલી જઇશ અને તેના જેવી

કુલટા સ્ત્રીના કહેવાથી મારા પોતાનાજ પગપર મારી છતી આંખે કુહાડાનો ઘા કરીશ? ના—ના—જો જો એવું ધારતા. આ રામભાઉ કદી નિમકહરામ થયો નથી અને થવાનો પણ નથી. " એમ બોલતાં બોલતાં રામભાઉની આંખમાં ઝળઝળીઆં ભરાઇ આવ્યાં તેને ટંડો પાડી કુસુમ બોલ્યો —" રામભાઉ—શાબાશ છે. તમારો મને પુરો ભરૂસો છે કે તમે કદાપી મને દગો નહિજ દો. મારે તો તમારી પુરે પુરી ઓથ છે. હું કાંઇ પણ ગભરાતો નથી તેમજ તમારે માટે મારા મનમાં કાંઈ પણ વિરૂદ્ધ શંકા રાખતો નથી.

રામભાઉ—કુસુમભાઉ હું તો આપના ખરીદેલા ગુલામ જેવો છુ. પરંતુ હવે મને કાંઇ પણ સુઝતું નથી. મારે હવે શું કરવું. કાંઈ ઉપાય બતાવો તો સારૂ.

કુસુમ—(વિચાર કરીને) રામભાઉ જે સ્ત્રીએ છેવટે પોતાના પતિને પણ પાયમાલ કરવાની ઇચ્છા રાખી, તેને મારી નાંખી પરદેશમાં યારની સાથે નાશી જઇ મોજ મજા માણવાની હિમત ધરાવી તે શું ન કરે? જ્યારે તે પોતાના પતિને મારી નાંખવા ઉભી થઇ તો પછી મારી તે શી વાતજ. એ દુષ્ટાને તો તેના પાપની પુરે પુરી સજા થવી જોઇએ જ અને આ રાજનગરમાં તમારા સીવાય તેને યોગ્ય સાસન આપે એવો વીરલો નર તો બીજો કોઈ મારી નજરમાં આવતો નથી માટે તેને તો તેના કૃત્યનો બદલો આપવોજ જોઇએ.

રામભાઉ—ઠીકભાઇ સાહેબ, લો હવે હું રજા લઉં છું. આપને પણ કાંઇ કામ હશે ?

કુસુમ—હા ભાઇ પધારો. પણ સમાચાર હર હમેશ

મોકલતા રહેશો.

રામ—વાહ મહેરબાન, એમ શું બોલો છો. હું પોતેજ આવીને સમાચાર કહી જઇશ બીજો કાંઇ હુકમ.

કુસુમ—કાંઇ નહિ ભાઇ.

રામ—ત્યારે હવે આજ્ઞા

કુસુમ—હા ભાઇ. ખુશીની સાથે પણ જો જો ભુલતા નહિ.

રામ—કાંઇ ફીકર નહિ.

એમ કહી રામભાઉ પોતાના ઘર તરફ ગયો પણ કુસુમચંદ્રને તો એ વાતથી નવાઇની સાથે ઘણીજ દીલગીરી થઇ. અહા શું ખુબી ! શું ખુબસુરતીની અંદર હમેશાં ક્રૂરતા રહેલી જ છે ? હા–હા–વધારે ખુબસુરતી પણ સારી નહિ તેમજ વધારે કદરૂપ પણ સારૂં નહિ. મધ્યમ જ સારૂં. સ્ત્રીઓનું હૃદય આટલું બધું ક્રૂર હશે તે મેં આજેજ જાણ્યું.

ખુબસુરત સ્ત્રીઓ હાવભાવ કરીભોળા પુરૂષોને ભરમાવી પોતાની મોહજાળમાં સપડાવી ફસાવે છે તેવું સાંભળ્યુંતું તો ખરૂં પણ આજે નજરે જોવાનો પણ વખત આવ્યો. કમળા–તું અબળા નહિ પણ પ્રબળાજ છે. તારી હિંમત જોઇને હું તો ચકિત થઈ જાઉં છું પણ અરે જયશંકર ? બિચારા ભોળા જયશંકરની મને આ વખતે ઘણીજ દયા આવે છે. શું તારે કર્મે આ રત્ન પડયું ! આના કરતાં જો કોઇ અભણ અને સાધારણ ખુબસુરત સ્ત્રી મળી હોત તોપણ સારૂં. તું જ્યારે તારી સ્ત્રીની આવી વાત સાંભળીશ—જાણીશ ત્યારે તારા મનમાં કેવું થશે ? જો આ વખતે હું તેને નહિ

ચેતાવું તો તેના તો બારજ વાગી ગયા. રામભાઉના કહેવાથી જણાય છે કે તે વડોદરે ગયો છે. પણ શું ખાત્રી કે વડોદરેથી આવતાં સુધીમાં તે દુષ્ટાના દુષ્ટ વિચાર બદલાશે. બદલાય તો તો સારૂ, નહિ તો પછી તે બિચારાની કમબખ્તી. તેતો તદન આથી અજાણ છે તેથી કદાપી અચાનક આવીને તેના કાવત્રાંનો ભોગ થઇ પડે. જો તેમ થાય તો કુસુમચંદ્ર તમારીજ ભુલ થાય કેમકે તમે જાણ્યા છતાંપણ કોઈ ઉપાય યોજ્યોજ નહિ. માટે તમારે તો તમારી ફરજ અદા કરવીજ પડશે માટે હવે સાવધ થાઓ અને જયશંકરને કોઇ યુક્તીથી બચાવો ત્યારે તમારી હોશિયારી. કમળા-કમળા-હવે તું પણ જોજે-કે આ કુસુમના ઝપાટા હવે કેવા લાગે છે. દુષ્ટા તું છેકજ હાડ જશે એ હું જાણુતો નહોતો, નહિતો તને આટલી બધી ફાટવા દેતજ નહિ. તને તો મુળમાંથીજ છેદત, તો વળી આગળ વધવા કયાંથી પામત; પણ તે વખતે મેં મોટી ભુલ કરી છે. અત્યારે પણ વખત છે. અને જો ન ચેત્યાતો આગળ ઉપર મુશ્કેલી પડશે ”—એમ વિચાર કરતો કરતો જ્યાં જવું હતું ત્યાં નહિ જતાં પોતાનાજ ઘર તરફ પાછો ફર્યો.

રામભાઉએ કુસુમને સમાચાર કહ્યા પછી ત્રીજે કે ચોથે દિવસે જયશંકર વડોદરેથી આવ્યો. તેને બિચારાને કાંઈપણ તે સંબંધી વિચાર સ્વપ્ને પણ આવ્યો નહોતો. તે જે દિવસે આવ્યો તે દિવસે રામભાઉને કમળાએ મળીને સમાચાર કહ્યા. રામભાઉએ તેને સમજુતી આપી ઘર તરફ રવાના કરી અને પોતે કુસુમને મળવા ગયો. કુસુમને મળ્યો અને જયશંકરના આવ્યાના સમાચાર તેણે તેને કહ્યા. કુસુમે તે બરાબર ધ્યાનથી સાંભળી લીધું. થોડીવાર બેશી વાતનો

ખુલાસો કરી રામભાઉ કુસુમની રજા માગી નીકળ્યો. કુસુમ કમળાના કાવત્રાનો પાર રામભાઉ પાસેથી પામી ગયો. તેમનાં કાળાં કરમ કરવાનું નાશવંત ચોઘડીઉં પણ જાણી લીધું. હવે જયશંકર મોટી આફતમાં છે તે વિચારથી તે કંપ્યો. તેને કેમ બચાવવો-તેને કેવી રીતે મળવું વીગેરેના વિચારમાં-પળવીતી ઘડીવીતી-કલાક વીત્યો-એમ વિચારમાળાના મણકા ફેરવતાં વખત પસાર થવા લાગ્યો, પણ કલ્પનાશક્તિએ કોઇ ઉપાય સુઝાડયોજ નહિ; એવામાં ફરવા જવાનો વખત થવાથી તૈયાર થઇ મનુભાઇ આવ્યો અને બારણું ઉઘાડી અંદર દાખલ થયો, તેનું પણ તેને ભાનજ રહ્યું નહિ. મનુ થોડીવાર સુધી રાહ જોતો ઉભો રહ્યો અને છેવટે થાકીને તેની પાસે પડેલી ખુરશીપર બેઠો. તેને ઢંઢોળી જાગૃત કર્યો ત્યારેજ તેણે જાણ્યું કે મનુ આવ્યો છે. જાગૃત થયા પછી તેણે મનુને પુછયું-મનુભાઇ તું ક્યારનો આવ્યો છે?

મનુ—ભાઇ મને આવ્યે આશરે અડધો પોણો કલાક થયો. પણ તું એવા તે શા વિચારમાં ગુંચવાઇ બેઠો છે કે તને બીલકુલ કોઇ આવ્યા ગયાની પણ ખબર પડતી નથી.

કુસુમે તેને અડધી હકીકત કહી. મનુ પણ તે સાંભળી આશ્ચર્ય પામ્યો. ત્યારપછી બંને જણ તે સંબંધી વાતચીત કરતા કરતા ઘર બહાર નીકળ્યા અને બજાર તરફ ગયા. એવામાં રસ્તામાં સારા ભાગ્યે તેમને જયશંકર મળી ગયો-તેને પણ તેમણે પોતાની સાથે લીધો. કુસુમને, જયશંકરનો અચાનક મેળાપ થવાથી અને તેણે તેમની સાથે તેમની ટોળીમાં સામેલ થવાનું સ્વીકારવાથી તેના મનમાં આનંદ થયો. ચાલતાં

ચાલતાં કુસુમે-મર્મમાંને મર્મમાં જેટલો પડદો રખાગ તેટલો રખી સઘળી હકીકતનું બ્યાન કર્યું પરંતુ ભોળો જયશંકર કાંઇ સમજી શકયો નહિ. તેણેતો તેને સાધારણ નજીવી વાત સમજી તે વિશે વિશેષ જાણવા કાંઇ પણ આતુરતા બતાવી નહિ. તેથી કુસુમે મનુના સામું જોયું. બંનેની દૃષ્ટી એક થતાં તેઓ અરસપરસ સમજી ગયા કે હજુ તે સમજ્યો નથી. છેવટે મનુએ સઘળો ભરમ ફોડયો. જયશંકરના કાન જે અત્યાર સુધી બ્હેર મારી ગયા હતા તે ખુલ્લા થયા—અને કુસુમે કહેલા શબ્દેશબ્દ અંતરમાં હૃદય પાટીપર કોતરી લીધા. રસ્તે ચાલતાં ચાલતાં તેણે તે વિશે પોતાના મનમાં મનન કરી લીધું અને છેવટે સાંજના સાત વાગતાં તેમનાથી છુટો પડી ઘર તરફ ગયો. ત્યાં તેણે સઘળું કુસુમના કહ્યા મુજબજ બનતુ નજરે દીઠું. સાંભળેલું ખરૂં પડયું અને હૈયામાં હળાહળ ઝેર ઉભરાઇ આવ્યું. હવે મારવું યા મરવું તેવા દૃઢ નિશ્ચયપર આવ્યો. કુસુમે દીધેલી શાખામણ યાદ આવી. ઉતાવળા સો બ્હાવરા અને ધીરાશો ગંભીર એ કહેવત મનમાં બડબડતો બડબડતો ઉપર ગયો અને કપડાં કાઢી પોતાની ઓરડીમાં જઇને બેઠો. પોતાની ઓરડીમાં તે વખતે કોઇજ નહોતું. એકાંત વાસમાં હોવાથી તેના મનમાં અનેક વિચારો ઉપરા ઉપરી તરી આવ્યા. અને તે બોલ્યો—

" એક સુંદર સ્ત્રીની સાથે મોજમાં વખત પસાર થાય છે, તે ખરૂં પણ જ્યારે તે તેના પોતાનાજ મનથી આપણને ચ્હાય ત્યારેજ. નહિતો પછી હમેશાં ઝુરી ઝુરીને મરવાનું. એકવાર જેની સાથે સજડ પ્રેમ જોડાયો તે જ્યા-

રે અંતે આપણાથી બેવફા થાય અને આપણને દગો દે ત્યારે કેટલી દીલગીરી થાય છે તે તો જે તે વિશે પુરેપુરો અનુભવી અને પ્રવીણ હોય તેજ જાણે. સ્ત્રીની સૌન્દર્યતા માણસને મોહપાસમાં સપડાવનારી ઝેરી સાપણ છે. તેમાં જે સપડાય છે તેને તે પોતાનો ઝેરી દંશ દે છેજ, તે અનુભવ થયો.

મેં કોઇનું-કાંઇ સાંભળ્યું નહિ અને આ કુલટાના જેવી દુષ્ટ—પિશાચણી—વ્યભિચારી સ્ત્રીના ફંદામાં ફસાયો. મારા શુભેચ્છકોનું અપમાન કરી તેમને ધીક્કાર્યા તે પણ તેનેજ લીધે. હા—અત્યારે મારી સ્થીતીની અદેખાઇ એક ગામડીઓ પણ કરી ન શકે તેવી છે. ખરૂં જોતાં મેં મોટી ભુલ કરી છે, અને તેનુ ગોગ્ય સાસન મને મળવું જોઇએ. પરંતું પ્રથમ તે નીચ વ્યભીચારી—કપટી કાવત્રાંબાજ—દગાખોર-ઉપરથી નિર્મળ મનવાળી પણ અંદરથી ઝેરી સાપણના જેવી ડસીલી દુષ્ટાને તેના પાપનો બદલો આપવો—અને ત્યાર પછી ગંગા કિનારે જઇ પાપી પતિત જીવે કરેલી ભુલની શિક્ષાતરીકે તપ આરંભી આ જીવનુ સાર્થક કરવું-તેજ. બસ બસ. ચાલ જીવ તૈયાર થા—તે પાપીણીને તેના પાપની પુરી સજા કરવી અને પછીથી ચલતી પકડ—આ સમામાં કોઇ કોઇનું થયું નથી. તો તારૂં કોણ થશે.મુરખ મન—નાહક ફાંફાં મારી મારૂંતારૂં શાને કરે છે. ચાલ તૈયાર થા એમ બોલતો બોલતો ઉભો થયો. અને હાથમાં એક મોટી છરી લઇ નીચે જવા દાદર તરફ ગયો. વળી વિચાર થતાં સ્ત્રી હત્યાથી ડર્યો. અને બોલ્યો " તે દુષ્ટાને તેના પાપનો બદલો ઇશ્વર આપશે. હું સજા હુપરથી મારો હાથ ઉઠાવુંછું અને શ્રી સરજનહારનેજ તે-

નો ન્યાય અને ન્યાય પછી જે સજા થાય તે ફરમાવાનું સોંપું છું. સ્ત્રી હત્યા કરી હું કયારે છુટું છટ—તેનું પાપ તેને ફસાવશે. તેની મેળેજ–પાપનો ઘડો તેની મેળેજ ફુટશે. ગાગથી આ દુનીયામાં જન્મ્યા પછી કાંઇ પણ સાર્થક થયું નથી અને નાહક સ્ત્રી હત્યાના પાપનો બોજો વળી કયાં સહન કરૂં. હું મારો સઘળો આધાર હવે ઇશ્વરપરજ રાખુ છું. તેને મારવો હશે તો મારશે અને જીવાડવો હશે તો જીવાડશે.'' એમ વિચાર કરે છે એવામાં જવાનો સમય થયો. ચાકર તેડવા આવ્યો તેની સાથે નીચે ગયો. ન્હાઇ ધોઇ જમવા બેઠો. મુંગે મોઢે–નીચું જોઇ જમી ઉપર ગયો–અને પોતાના પલંગમાં જઇ પડયો અને વિચારમાંને વિચારમાં નિદ્રા દેવીને આધીન થયો.

પ્રકરણ ૧૫ મું.

પ્રાતઃકાળ થયો. મંદમંદ પવનની મંદમંદ લ્હેરો શરીરની સાથે અથડાઇ સુખ ઉપજાવે છે. કુકડાઓ કુક કરી લોકોને પ્રાતઃસમય થયો એવી સુચના કરી રહ્યા છે. પનિહારીઓ માથે તાંબા પીતળનાં બેડાં લઇ સમાનવયની સાહેલીઓની સાથે વાતો કરતી કરતી જળ ભરવાને જતી અથવા જળ ભરીને આવતી નજરે પડે છે. કોઇ કોઇ સ્થળે ઘંટીના ઘોરનાદ થઇ રહ્યા છે. કોઇ કોઇ ઠેકાણે લોકો પ્રભાતીઆંના પદના મોટેથી રાગડા તાણી રહ્યા છે. એદી–આળસુ–અરીણીઆ લોકો ઝોકાં ખાતા ખાતા નિંદ્રામાંથી જાગૃત થતા જાય છે અને કોઇ તો ઉંઘણસીની માફક ઘોર્યા

કરે છે એવો અત્યારે રાજનગરનો દેખાવ થઇ રહ્યો છે. તે વખતે એક ઘરની અંદર આજે કાંઈ નવીન ગડમથલ થઇ રહી નજરે પડે છે. એક આશરે વીશેક વરસની ઉમરનો તરૂણ નિંદ્રામાંથી જાગૃત થયો—પોતાના પલંગમાંથી ઉઠી. બારી પાસે નાંખેલી ખુરશીપર આવીને બેઠો--દાતણ પાણી મંગાવ્યાં. નોકર તે લઇઉપર આવ્યો તેને કાંઈ સુચના કરી નીચે મોકલ્યો. દાતણ કાઢી મોં સાફ કરી શૌચક્રિયા આદિ કરી ન્હાઇ ધોઈ પુજાપાઠ કરી પરવાર્યો. તે વખતે સૂર્ય દેવતા પૂર્વ તરફથી પોતાના રથમાં બેશી પૃથ્વીની મુસાફરીએ જતા માલુમ પડતા હતા તેમના તેજથી હવે અંધકારનો પટ નાશ પામ્યો હતો તરતજ તે તરૂણ કપડાં પહેરી નીચે થતી ગડગથલ પર કાંઇ પણ ધ્યાન નહિ આપતાં બહાર ચાલ્યો ગયો.

" હાસ જે દિવસની હું ઘણીજ આતુરતાથી રાહ જોતી હતી તે આજે આવી પહોંચ્યો. હવે મારે કાંઇ પણ સુખની ખામી રહેશે નહિ. આજે મારા સઘળા દુશ્મનોને યોગ્ય સજા થશે અને મારી દાઝ બોલાશે. વળી રડ્યા પળિયું પણ કાટલું કરી આજે નીકળી પડીશું. અને પરદેશમાં સારા રૂડા રંગીલા છેલ—યારની સાથે મોજ મજા કરીશું—વીગેરે વિચાર કરતી કરતી એક તરૂણ સ્ત્રી તેજ ઘરમાં ઘણીજ ઝપડથી પોતાનું કામ કરતી માલુમ પડે છે એટલામાં એક આશરે —અઢાર ઓગણી વરસની વયના તરૂણે આવી દ્વાર ઉઘાડયાં અને અંદર દાખલ થયો. તેને આવેલો જોઇ તે સ્ત્રી પોતે જે કામ કરતી હતી તે બંધ કરી તેની પાસે ગઇ અને બોલી- કેમ રંકપ્રસાદ! શી ખબર

છે. કેમ તમે સઘળી તૈયારી કરી કની ?

રંક—અરે—હા–હા–હવે તો ફક્ત તમારીજ વારેવાર. મેં તો મારી સઘળી તૈયારીઓ ગઇ કાલની કહી મુકી છે!

ઓ—ઓહો–ત્યારે તમેતો બહુ વહેલા પરવાર્યા છો ? કાં કેમ !

રંક—હા–પણ કહોવારૂ કમળા–તમે સઘળુ નક્કી કરી ક્યારે આવશો. ?

ઓ—રંકપ્રસાદભાઇ જુઓ જાણેરસોઇ કરવી બાકી છે. આશરે દશ બાર વાગે હું પરવારીશ. તમે તમારી મેળે મેં તમને જ્યાં કહ્યું છે ત્યાં કહેલે વખતે ગાડી તૈયાર રાખી ઉભા રહેજો હું આવું કે પછી તરતજ આપણાથી પલાયન કરાય. કેમ સમજ્યાકની ?

રંક—હા, એ તો બધુએ હું બરાબર સમજ્યો–તેમાં મને કાંઇપણ કહેવું પડે તેમ નથી પણ જો જો ચુકતાં–એતો બેટો પાર-કેમ સમજ્યાં કે !

કમળા—અરે, હા–હા–રંકપ્રસાદ–તેની તમારે કાંઇપણ ફીકર રાખવી નહિ. આ કમળાને વળી કહેવું હતું શું. પણ રાગભાઇ આપણને ક્યાં મળશે ?

રંક—તે આપણને ત્યાં મળશે–ફક્ત અહીંથી તો આપણે એજ.

કમળા—બહુસારૂં.

રંક—લો ત્યારે હું જાઉછું. તમે તમારે આવજો.

કમળા—હા જાઓ. પણ ઉભા રહેજો. કદાપી મને મોડું વહેલું થાય તો પણ તમે બીજે કયાંઇ જતા ના રહેશો. સમજ્યા કે ?

રંક--તેની કાંઇ ફીકર નહિ-તમારા આવ્યા વિના ક્યાંય પણ જવાનો નથી અને ત્યાંથી ગમે તેવું કામ હશે હું ક્યાંઇ પણ જરા પણ ખસીશ નહિ પછી કાંઇ!

કમળા—ઠીક-

રંકપ્રસાદ ગયો અને કમળા પોતાના કામે વળગી. આજે કુસુમચંદ્ર પણ રોજ કરતાં વહેલો ઉઠી-નાઇ ધોઇ પાઠપુજા આદિ નિત્ય કર્મ કરી તૈયાર થઈ બેઠો હતો એટલામાં પોતાને ત્યાંથી ગડમથલ પર કાંઇ પણ લક્ષ આપ્યા વિના બહાર નીકળી પડેલો તરૂણ તેને ત્યાં આવ્યો-તેના આવતાં વારંજ કુસુમચંદ્ર બોલી ઉઠ્યો—આવો જયશંકર! ઠીક વખત સર જ આવી પહોંચ્યા છો.

જયશંકર—ભાઇ કુસુમચંદ્ર—મારાથી જરા વિલંબ થયો માટે ક્ષમા. મને એમજ લાગ્યું હતું કે મને વિલંબ થયો છે માટે તમે બહાર નીકળી ગયા હશો. પણ સારા નશીબે તમે મળી ગયા.

કુસુમ—હા ભાઈ. જો જરા વધારે વિલંબ થયો હોતતો પછી મારોને તમારો ભાગ્યેજ ભેટો થાત-પણ ઇશ્વર જે કરે છે તે સારાને જ માટે. ચાલો ઠીક થયું કે તમે આવી ગયા.

જયશંકર—તેની જોડે પડેલી ખુરશીપર બેઠો ત્યાર પછી થોડી વાતચીત કરી વચ્ચમાં બોલી ઉઠયો. કુસુમભાઇ હવે આ મારાથી સહન થઇ શકતું નથી. ગઇકાલ રાત્રીએજ મારો પિત્તો ઉછળીને ગયો હતો પણ તમારાં વાક્ય યાદ આવવાથી જ મેં તેને સમયસૂચકતા વાપરી દાબી દીધો.

કુસુમ—ચાલો બહુ સારૂં કર્યું; નહિ તો વળી તે જ-ણી જાત.

જયશંકર—પણ હવે કાંઈ ઉપાય બતાવોતો સારૂ.

કુસુમ—ઉપાય કાંઈ જ નહિ. એ તો જોયા કરો કે હવે શું થાય છે. તેનું પાપ તેનેજ ખાશે-તમે તમારે કાંઈ ગભરાશો નહિ. પણ મેં તમને જે સુચના કરી છે તે મુ-જબ વર્તજો-કેમ ભુલી તો નથી ગયાને !

જય—ના, ના-તે તે વળી ભુલી જવાય.

કુસુમ—બહુ સારૂં ત્યારે.

એટલામાં વસંતગૌરી ચ્હા લઇને આવી. બંને જ-ણા ચ્હા પીને બહાર ગયા-જયશંકર પણ તેની સાથે જ્યાં જવું હતું ત્યાં જઈ આવ્યો અને લગભગ આશરે-અગી-આરેક વાગતાંને સુમારે જુદા પડ્યા.

જયશંકર કુસુમથી જુદો પડી ઘેર ગયો ને અગાઉ થોડી જ વારે કમળાગૌરી પોતાના કામમાંથી પરવારી ર-સોઇમાં બેઠી હતી. હજુ તેને થોડી ઘણી ચીજો ઓરડા-માંથી કાઢવાની બાકી હતી. તે જમી રહ્યા પછી થશે. એમ વિચારી જેમ બને તેમ તાકીદે રસોઈ કરવાના કા-મમાં લાગી હતી. રસોઇની હજુ ઘણી વાર હતી તેથી જયશંકર ઉપર જઇને પોતાના પલંગમાં આડો થયો અને વિચારમાં ને વિચારમાં ઉંઘી ગયો. આશરે-એ વાગતાંને સુ-મારે રસોઈ તૈયાર થઇ અને કમળાગૌરીએ જ્યારે તેને જઇને જગાડ્યો ત્યારે જ તે ઉંઘમાંથી ઉઠ્યો. મોંડુ ધોઇ-સાફ કરીને જમવા ગયો. કમળાગૌરી એ તેને માટે અગાઉથી પીરસી રાખેલુ ભાણું તેના

મેં અગાળ મુક્યું—જયશંકરે કુસુમે આપેલી સુચના મુજબ તેને કોઈ ચીજ લેવા ઉપર મોકલી અને સમય સુચકતા વાપરી તેની અંદર ચાલાકીથી ફેર બદલો કરી નાંખ્યો. કમળાગૌરી નીચે આવી અને પંખો લઇ પતિની પાસે બેઠી—જયશંકર જમી રહ્યો અને ઉપર ગયો—કમળાગૌરી પણ તેની પાછળ પાછળ ઉપર ગઇ. જયશંકરે તેને જમી લેવા કહ્યું-પણ તેણીએ-કીધું કે થોડીવાર રહી ને જમીશ-ત્યાર પછી તેણીએ ઓરડાની કુંચીઓ માગી. તેને જયશંકરે હાવકા મોંએ જવાબ દીધો કે- 'અરે એતો હું મારા એક દોસ્તદારને ઘેર ભુલી ગયો. ચાલો કાલે લઇ આવીશું. અત્યારેતો હું કાંઈ લેવા જતો નથી." કમળાએ વિચાર્યું કે હશે ખેર વળી ઝાઝો લોભ કરવા જઇશું તો પોગળ પકડાઇ જશે માટે થોડું તે સારૂ એમ ધારી ચુપ રહી અને નીચે જઇ કામે બાઝી. આજે સવારની ઉઠી ત્યારથી જરાપણ તે નવરી બેઠીજ નથી છેક સાંજરે સાડા ૭ પોણુઆઠ વાગે નવરી થઇ ત્યારે જમવા બેઠી.

જ્યારે કમળાગૌરી જમવા બેઠી તે અગાઉ થોડીજ વારે જયશંકર કપડાં પહેરી કુસુમને ઘેર ગયો-ત્યાં કુસુમ તથા મનુ તેની રાહ જોઇનેજ બેઠા હતા. કુસુમ-કમળાગૌરીને નીકળવાનો વખત બરાબર જાણતો હતો તેથી તે તો ગફલતમાં રહે તેમ નહોતો. જયશંકર આવ્યો તે વખતે મનુ તથા કુસુમ બેઠા બેઠા વાતો કરતા હતા. જયશંકર પણ આવી તેમની સાથે વાતમાં ભળ્યો. તેણે વાતમાં વાત કાઢી પોતાની સ્ત્રીની આવી માઠી વર્તણુંક વિશે દીલગીરી જાહેર કરી. તેને કુસુમે શાંત પાડી કહ્યું—" જયશંકર, જેમ એક ડુબજો આં-

ધજો અને લુલો—વળી—કાન કટ્ટો અને બાંડો—વળી જે-
ના શરીરપર હજારો માખીઓ ગણુગણ્યાં કરતી હોય તે-
વો, ભુખમરાથી પીડાતો, ઘરડો અને વળી જેના ગળામાં
ઠીંકરાનો કાંઠલો નાંખેલો છે એવો કુતરો પણ કરડવાને
દોડે છે તેમ જેને વ્યભિચાર–જાર કર્મ કરવાની બુરી આ-
દત પડેલી છે કેમ છૂટે? એ તો કુતરાની પુંછડી ભોંયમાં
દાટો તો એ વાંકીને વાંકી. માટે તમે તમારા મનમાં વૃથા
કલ્પાંત કરી દીલગીર થશો નહિ. એ કાંઇ આપણા હાથ-
માં નથી. ઇશ્વર જે કરે છે તે સારાને જ માટે કરતો હ-
શે એમ વિચારી સંતોષથી રહેશો તો સુખી થશો"

જયશંકર—બહુ સારૂ કુસુમભાઇ. હું તો મારા ભાવિ
ઉપર તથા તમારા વચન ઉપર શ્રદ્ધા રાખી બેઠો છું. હવે
મારૂં ગમે તે થાઓ તેની મને કાંઇ ફીકર નથી.

કુસુમ—ભાઇ કાંઈ ફીકર કરશો નહિ. ઇશ્વર સૌ સા-
રાં વાનાં કરશે.

ઉપર પ્રમાણે કુસુમ, જયશંકરને દીલાસો આપી તેનું
મન શાન્ત કરે છે અને મનુભાઇ તેમની જોડે બેઠા બેઠા
કાંઈ પણ પ્રશ્ન કર્યા શીવાય સાંભળ્યા કરે છે એવામાં ઘ-
ડીઆળમાં આઠ થયા. ઘડીઆળના ટકોરાથી કુસુમ ઝબ-
ક્યો—અને બોલ્યો—ચાલો—વિલંબ ન કરો. તે ચંડાલ ચોકડી
ક્યારની નીકળી ગઈ હશે. આપણે પણ હવે તાકીદે જવું
જોઇએ. ગાડીવાળો આપણી રાહ જોઇ ઉભો હશે. જય-
શંકર કુસુમની હિંમત તથા ચાલાકીથી આશ્ચર્ય પામ્યો.
સર્વે ઉભા થયા. અને ઘર બ્હાર નીકળ્યા. ઘેરથી નીકળી
કુસુમે જે ગાડીવાળાને કીધું હતું તે બિચારો ગાડી તૈયાર

લઈ તેમની જ રાહ જોઈ ઉભો હતો ત્યાં ગયો. અને ગાડીમાં ચઢી બેઠા કે તરતજ ગાડી ચાલી.

જયશંકરના ગયા પછી થોડીવારે જમી પરવારી પોતાને લેવાનો સામાન લઇ કમળાગૌરી ચાકરને ઉંધું ચતું સમજાવી ઘર બ્હાર અંધારૂં થતાં નીકળી પડી અને જ્યાં રંકપસાદ તેની વાટ જોઇ ઉભો હતો ત્યાં ગઇ. અને આજુ બાજુ નજર કરી ગાડીમાં ચઢી બેઠી.

ગાડીવાનને રંકપ્રસાદે અગાઉથીજ કહી મુકયું હતું તેથી કમળાગૌરી જેવી ગાડીમાં ચઢી બેઠી કે તરતજ તેણે ગાડી દોડાવી મૂકી—ઘોડો ચારે પગે દોડયો અને પુરપાટ ગામ બહાર નીકળી ગયો. રાજનગરથી આશરે બે ત્રણ ગાઉ દૂર એક હરમાન છે ત્યાં આગળ ભેગા થવાનો તેમનો ઇરાદો હતો. તે હનમાન જતાં રસ્તો ઘણોજ વિકટ હતો રસ્તામાં—લુચ્ચા લફંગા જુગારીઓ વીગેરેનો પણ ઘણો ભો હતો. તેથી રંકપ્રસાદે આગળથીજ વિચાર કરીને ઘોડો સારો શોધી રાખ્યો હતો અને પૈસા પણ તેને પાણીને મૂલે આપવા કર્યા હતા.

રાજનગરમાંથી નીકળી ગાડી આશરે અડધા પોણા ગાઉ દુર ગઇ તેટલામાં છેક અંધારૂં થઇ ગયું. ચારે તરફ ભયંકર પ્રાણીઓની ચીસો સંભળાવા લાગી. જેમ જેમ ગાડી પૂર જોસમાં દોડતી તેમ તેમ કમળા તથા રંકપ્રસાદના મનમાં હવામાં મ્હેલ બંધાતા. એવામાં તેમની ગાડી રોકનાર મળ્યા. બીચ ગાડીમાંથી એક બે જણ હાથમાં જાડી ડાંગ સહિત બહાર ધસી આવ્યા અને રસ્તો રોકી ઉભા રહ્યા. ગાડીવાળાએ ઘણાએ કાલાવાલા કર્યા પણ વ્યર્થ એ ઝગડો વધી પડયો અને ગાડીમાંથી નીચે ઉતારવા માંડ્યા

એવામાં રંકપ્રસાદ પોતાનો રોફ બતાવવા અગાડી નીચે ઉતર્યા અને રોફમાંને રોફમાં એક જણને પોતાની સોટી લગાવી લીધી તકરાર જરા વધવા માંડી અને બીજો જે ઘોડાની લગામ ઝાલીને ઉભો હતો તે લગામ છોડી દઇને પેલા બે જણની જ્યાં તકરાર થતી હતી ત્યાં ગયો. આવો સરસ લાગ જોઇને કમળાએ ગાડીવાળાને ઇસારત કરી. ઇસારત થતાંની સાથે ગાડીવાળા એ ઘોડાને ચાબુક લગાવી. ચાબુક લાગતાં જ ઘોડો ચારે પગે નાઠો–તેની પાછળ તે બંને જણને તકરાર કરતા મૂકી દોડયો પણ ઘોડાના આગળ માણુસનું શું ગજું ! ગાડી ઘણે દૂર નીકળી ગઇ. અને બાઇસાહેબ ચીલા મોંએ પછા ફર્યા. હવે રંકપ્રસાદની પુરી કમબખ્તી આવી એક તો ગાડી ગઇ અને તેની સાથે સઘળી આશાઓ નષ્ટ થઇ તથા પોતે અહિંઆં આ લુંટારાઓમાં ફસાઇ પડેલો છે તેથી નાહિંમત થઇ ગયો. એવામાં પેલાએ પાછળથી આવી એક સજડ લાકડીનો ઘા કર્યો તે ઘા કપાળપર લાગતાં જ રંકપ્રસાદ તમરખાઇ નીચે પડયા. અને પેલા લુંટારાઓ તેમનું ઘડીઆળ—ખીસામાંથી પૈસાનું પાકીટ અને માથે મૂકેલી કસબી ટોપી લઇ રસ્તે પડયા.

કુસુમચંદ્ર, મનુભાઈ તથા જયશંકર વાળી ગાડી શહેરની હદ વટાવી લગભગ જે જગાએ પેલા બે લુંટારાએ રકપ્રસાદનો સરસામાન લેઇ લઇ તેને બેભાન અવસ્થામાં મૂકી પસાર થઇ ગયા તેની નજીકમાં આવી પહોંચી. અત્યારે સઘળું શાન્ત હતું અને પવનની લ્હેરોથી પાંદડાંના ખડખડાટ સીવાય કાંઇ પણ ધ્વનિ કાને શ્રવણ પડ-

તો નહોતો. કુસુમ તથા જયશંકર વીગેરેની વચ્ચે થતી વાતચીત પણ હવે તદન બંધજ પડી હતી. અને કુસુમચંદ્ર ઘડીકમાં ગુસ્સાનાં ચીન્હ કરતો તો ઘડીકમાં શાંતી પકડતો મનને વિવિધ પ્રકારે દીલાસો આપતો એકલો વિચાર કરતો બેઠો હતો. જયશંકર પણ પોતાના વિચારમાં અત્યારે છેક ચકચૂર બની રહ્યો હતો અને મનુભાઇ પણ પોતાના તરંગમાં હતા તેથી કુસુમ શું કહે છે તથા શાનો વિચાર કરે છે તે તેઓ કોઇપણ જાણી શક્યા નહિ. એવામાં કુસુમની નજરે—ગાડીના અજવાળાની સંદેશમાં કાંઇ પડયું—અને તે બોલ્યો, મનુ—જયશંકર ! જુઓ પણે દૂર જાણે કોઇ માણસની લાશ પડી હોય તેવું મેં હમણાંજ નજરે દીઠું. માટે ગાડી ઉભી રખાવો. આપણે તેનો તપાસ કરીએ કે તે શું છે ?

મનુ—કુસુમભાઇ તું તો જન્મારાનો વહેમી રહ્યો. ચાલ ભાઈ ચાલ જંગલમાં તો એવાં અનેક તરેહનાં કૌતકો નજરે પડશે માટે દરેક જગાએ આમને આમ થોભીશુ ત્યારે પછી આપણે ક્યારે પહોંચવાના હતા વળી !

કુસુમ—ભાઇ મનુ. તું મને વહેમી કહે કે ગમે તેમ પણ આપણે તેનો તપાસ તો કરવો જ જોઇએ. કેમ જયશંકર હું ખઈ કહું છું કે ખોટું.

જયશંકર—હા મનુભાઈ. કુસુમભાઇનો તર્ક ખરો છે. આમે વાર બેગી વાર. જોવામાં કાંઇ વધારે વખત જવાનો નથી અને વળી તેથી પણ વિશેષ કુસુમભાઇનો વહેમ પણ દૂર થશે. આપણને એમાં કાંઇ બાર પડવાનો નથી. માટે ગાડી થોભાવો અને તેમના વહેમનું નિરાકરણ તેમને કરવા દો.

મનુ—ભાઇ જેવી તમારી ઇચ્છા–જયશંકર તમે પણ ચાલતી વેલમાં ચઢી બેઠા. હોય–ભાઇ–હોય. ગોવીંદ, ગાડી ઉભી રાખ.

હુકમ થતાં ગાડી તરતજ ઉભી રહી. કુસુમ નીચે ઉતર્યો અને એક હાથમાં ગાડીનું ફાનસ લઇ તે તરફ ગયો અને જ્યાં રંકપ્રસાદની લાસ પડી રહી હતી તેની નજીકજ આવતાં તેણે મોટેથી બુમ પાડી–" ભાઇ મનુ, જયશંકર અહિં આવો. આવો અને જુઓ આશું છે." મનુ તથા જયશંકર કુસુમની હાકથી ચમક્યા. અને કાંઈ વિપરિત બન્યું છે એમ તરતજ કલ્પી ગયા. તરતજ તેઓ તેની નજીક આવી પહોંચ્યા અને પુછવા લાગ્યા. કુસુમ જે આવખતે તદન ગભરાઇ ગયો હતો. તે કાંઇપણ પ્રત્યુત્તર આપી શક્યો નહિ, પણ ફકત આંગળી કરી છેટેથી બેભાન અવસ્થામાં પડેલા રંકપ્રસાદને બતાવ્યો. મનુએ ત્યાં જઇ તપાશ કરી. તપાસ કરી જોતાં બેભાન અવસ્થામાં પડેલો રંકપ્રસાદ તેની નજરે પડયો. રંકપ્રસાદ નજરે પડતાંજ તેનો પિત્તો ખસ્યો અને ગુસ્સામાં ગાજી ઉઠયો–ચાલો ચાલો કુસુમભાઈ તેમાં કાંઇ જોવા જેવું નથી એ પાપીને એના પાપેજ સપડાવ્યો છે.

કુસુમ—ભાઇ મને તો તેની દયા આવે છે.

મનુ—ભાઈ દયાતો ડાકયેણને ખાય તેવી છે–તે પાપીનાં મૂળ ઉંડાં છે માટે ચાલો નાહક વાર નહિ કરતા. તે દુષ્ટનું મોંપણ હું વધારે વખત હવે જોવા ઇચ્છિતો નથી. એતો ઇશ્વરેજ તેને તેના કૃત્યનો યોગ્ય બદલો આપ્યો.

કુસુમ—ભાઇ મનુ શાંત થા. આમ નાહક ગુસ્સો શાને

કરે છે. આ વખતે તો તેનાપર રહેમ નજર રાખવી જોઇએ.

મનુ—ભાઇ કુસુમ તું આશું બોલે છે. શું તેનાપર રહેમ નજર ! નાના–તેમ નહિજ બને. વિશ્વાસઘાતી–લફંગા પુરૂષપર રહેમ નજર–કેવી નવાઇની વાત.

કુસુમ—ભાઈ આપણે તેના અવગુણ તરફ અત્યારે નજર કરવાનો વખત નથી. ગુણને બદલે ગુણ કરનારા આ ચોખુટ ધરતીમાં ઘણા હશે પણ અવગુણપર ગુણકરનારા તો કોઇ વીરલોજ હશે. માટે તારે તેમ કરવું હોયતો કર–પણ મારી તો સલાહ નથી.

મનુ—વારૂ ભાઇ ત્યારે હવે તમારી ધ્યાનમાં આવે તેમ કરો હું તો મારે આ દૂર ઉભો.

કુસુમ—બહુ સારૂ ભાઇ (જયશંકરને) જયશંકર જુઓ. આની દશા. ખરેખર તેને તેના પાપેજ સપડાવ્યો હશે. પણ મને તો તેની બહુજ દયા આવે છે. એમ બોલતો બોલતો તેની નજીક ગયો અને તપાસ કરતાં માલુમ પડયું કે તે હજુ જીવે છે પણ મારથી બેશુદ્ધ છે એટલું જાણી શકયો. તરતજ ત્યાંથી પાછો ફર્યો અને ગાડી પાસે ગયો અને તેમાંથી લોટો લઇ પાસેના એક ખાબોચીઆમાંથી પાણી લાવી તેને શુદ્ધિમાં આણવા પ્રયત્ન કરવા લાગ્યો—આશરે અડધા કલાક સુધી પાણી છાંટ છાંટ કરવાથી તેને જરા ભાન આવ્યું. અને પોતાની આંખ ઉઘાડી શકયો. એમને એમ પોતાનો પ્રયોગ જારી રાખવામાં અંતે કુસુમ ફતેહ પામ્યો–રંકપ્રસાદને હવે બરાબર ભાન આવ્યું પણ તે બોલી શકયો નહિ. કુસુમે તેને જયશંકરની મદદથી ગાડીમાં લીધો. અને ગાડી ચાલી. બરાબર ભાન આવ્યું. અને બોલવાની પ-

ણુ શકતી કાંઇ આવી. પણુ શરમથી તેનાથી કાંઇ બોલી શકાયું નહિ. એક તરફ કુસુમ-મનુ અને બીજી તરફ જયશંકરને જોઇ તે છેક જ શરમાઇ ગયો. કાંઇ બોલી શકયો નહિ. અને નીચું ઘાલી રડી પડયો. કુસુમે—તેને તેમ કરતો અટકાવી દીલાશો દીધો અને કહ્યું—રંકપ્રસાદ ગભરાશો નહિ. અમે તમને કાંઈ પણ ઇજા કરનાર નથી.

રંક—ભાઇ કુસુમચંદ્ર મને આપની ખાત્રી છે. આપ મરતાને પણ મેર કહો તેવા નથી. શત્રુ ને પણ કદી તમે રગડશો નહિ. એવી મારી ખાત્રી છે.

આપના કરેલા ઉપકારે હું આપના ખરીદેલા ગુલામ જેવો છું. મને મારી થએલી ભુલ પુરેપુરી સમજાઇ છે. મેં પાપીએ કાંઇ પણ વિચાર કર્યો જ નહિ તો છેવટે પસ્તાવું પડયું એમ બોલી વધારેને વધારે રડવા લાગ્યો.

કુસુમ—ભાઈ રડો નહિ. શાંત થાઓ. તમે કાંઇ પણ અમારૂં બગાડયું નથી. તમને તમારા કર્માનુસારે ખરાબ માણસની દોસ્તી મળી. અને તમને સારૂં નરસું કોઇ કહેનાર નહોતું તેથી જ તમે આવી અધમ અવસ્થાને પ્રાપ્ત થયા છો. પણ ગભરાશો નહિ. હવે ચેતીને ચાલશો તો સુખી થશો.

રંકપ્રસાદ—કુસુમભાઈ આપનાં વાકયો આ સમયે મને ઘણાંજ સુખરૂપ છે. હું આપનો ઘણોજ આભારી છું. હું તેનો યોગ્ય બદલો વાળવાને તદન અશકતછું પણ શ્રી સરજનહાર તેનો બદલો તમને આપે એવી મારી તેના પ્રત્યે નમ્ર અરજ છે.

કુસુમ—ભાઇ મેં મારી ફરજ બજાવી છે. તેમાં કાંઇ પણ વિશેષ મેં કર્યું નથી.

રંક—ભાઇ તમારી અકલને ધન્યવાદ ઘટે છે. સમજુ પુરૂષો કોઇ દિવસ પણ સામા માણસની ભૂલ કાઢશેજ નહિ.

કુસુમ—જેવું તમારૂં ધારવું. મારાથી કાંઇ કરી શકાય તેમ નથી.

કુસુમની સાથે વાતચીત કરી. મનુ સાથે વાત કરી. તેની માફી માગી તેના તરફ પોતે બતાવેલી બેવફાદારી યાદ કરી. અને પોતાને હજારો ગાળો દીધી. જયશંકરની પણ માફ માગી—અને તેનો ઉપકાર માન્યો તથા તેના પ્રત્યે પોતે કરેલો અન્યાય, પોતે સ્વમુખે દર્શાવ્યો અને તેનો પશ્ચાપત કરી માફી માગી. હવે કુસુમે તેને પોતાની ટોળીમાં સ્વીકાર્યો અને બીજી આડી અવળી વાતોમાં લીન થયા. ગાડી ચાલી અને તેના વેગની સાથે, ચારે જણની વાર્તાનો વેગ પણ વધ્યો.

હવે રંકપ્રસાદને ત્યાં આગળ લડતો મૂકી એકલી કમળાગૌરીને લઇને ગાડી ચાલી તે હનમાનની નજીક આવી પહોંચી. રામભાઉ ત્યાં ક્યારનોએ આવી તેની રાહ જોઇ બેઠો હતો તે ગાડીના વેગથી જાગ્યો. અને ઉભો થઇ તે તરફ ગયો. કમળાગૌરી તેને જોઇ ખુશી થતી થતી ગાડીમાંથી ઉતરી. ઉતરતાંની સાથે તેની નજીક જઈ ~~તેને બાઝી~~ પડી. ત્યાર પછી બંને જણ વાતો કરતાં કરતાં જે જગ્યા બેસવાને માટે રામભાઉએ પસંદ કરી હતી તે તરફ ગયાં. ગાડીવાળો પણ ગાડીમાંથી કમળાનો સામન લઇ તેમની પાછળ પાછળ ગયો. અને ત્યાં તેમણે કહ્યું ત્યાં સામાન મૂક્યો. ત્યારબાદ તેને તેના ભાડાના પૈસા આપી વિદાય કર્યો.

ગાડીવાનના ગયાપછી બંને જણાં હાસ્યવિનોદથી વા-

તો કરવા લાગ્યાં. ખાધું પીધું મોજ મજા ઉડાવી. છેવટે. કમળાગૌરીએ કુસુમ તથા વસંતની તથા મનુની વાત કાઢી. કે તરતજ રામભાઉ એક ઘેટાના ટોળા ઉપર સીંહ જેમ એકા એક છાપો મારી કુદી પડે તેમ કુદી પડયો—પોતાની પાસે સંતાડી રાખેલી કટાર કાઢી અને કમળાને નીચે દબાવી તેની છાતીપર ચઢી બેઠો અને બોલ્યોઃ—ચંડાલણી શું તું મારા હાથે એવો અધમ અનર્થ કરાવા ઇચ્છે છે. નાના કદી તેમ બનશેજ નહિ. તેવું નીચ કૃત્ય મારા હાથે થતાં પહેલાં તને તો તારા પાપનો બદલો આપવા દે.

કમળાં-રામભાઉ, મારા વ્હાલા રામભાઉ, આશું ! શું આજે તમારૂં ચિત્ત ઠેકાણે નથી ! તમારા આ વિચાર શા ! તમારો આ ભયંકર દેખાવ શું ! તમે શું કહો છો તેની મને કાંઇ સમજણ પડતી નથી. અરે તમે શું કરો છે. આતો સ્વપ્ન કે જાગૃત—અરે તમે જે રામભાઉ મને અતિપ્રીય હતા તથા મને જે ઘણાજ વ્હાતા—મારી હાએ હા. અને નાએ ના તેજ તમે બીજા—આજે તમે તદન બદલાઇ કેમ ગયા છો. વ્હાલા તમારી રંક દાસી તરફ સ્નેહ ભરી આંખે જુઓ—અને આ નાહક મશ્કરી જવા દો. અને હશી ખુશી થઇ મારી સાથે વાત કરો—નાહક આમ શું કરો છો !

રામ—ચુપ રહે--ચંડાળણી ! પાપણી હવે તારા પ્રપંચી ભાષણથી આ રામભાઉ કદાપિ પણ છેતરાવાનો નથી. વ્યભીચારીણી તને તારા કૃત્યનો બરાબર યોગ્ય બદલો આપવોજ જોઇએ અને હું આપીશ. અરે કુસુમચંદ્ર જેવો અરીસ પુરૂષ અરે જેના ઉપર મારા સઘળા સુખ દુઃખની આશા-જેણે હજારો સંકટો ભોગવી લોકોના દુંકારા સાંખી

મારે માટે મહેનત લઇ મને મારા ઉપર આવી પડેલા કલંક વાદળમાંથી બચાવી, હજારો ઉપકાર કરેલા તેના તરફ મને ધિક્કાર ભરેલી લાગણી ઉશ્કેરી—મને નિમકહરામી કરાવનાર કુલટા તનેતો નહિજ છોડું. વળી તેની પવિત્રપત્ની અને મને ભગિની સમાન અતિપ્રિય વસંત બહેન તેના ઉપર બદદાનત કરાવનાર ચંડાલણી શું તું આ સજાને યોગ્ય નથી? હા—હા છેજ અને આ રામભાઉ તેનો યોગ્ય રીતે બદલો આપશે.

કમળા—રામભાઉ, મેં તમારી સાથે પ્રીતિબાંધી તેનો યોગ્ય આ બદલો કે? મહાદેવ, આ તારો શો કોપ! ગોવિંદરામ, વણીક તથા પ્રિય મનુએ જેવી તમારી દશા કરી છે તેથી પણ બલ્કે વિશેષ ખરાબ દશા આ વખતે મારી છે. અરે કોઇ આવો આવો અને આ વખતે મને બચાવો. રામભાઉ તમે મને દગોજ દેશો એવો સ્વપ્ને પણ મને ખ્યાલ નહોતો. જો આવું કરવું હતું તો મને પ્રથમથીજ કહેવું હતું. મારૂં લાગ્યું હુ ભોગવી લેત. અહા રામભાઉ, જેટલા સ્નેહથી મેં તમને રાખ્યા છે તેના જેવાજ અથવા તો તેથી અડધા પણ સ્નેહથી વણીકને રાખ્યો હોતતો તે પોતાની કરોડ રૂપીઆની દોલત ખરાબ થાય તોપણ હીસાબમાં ગણત નહિ અને મનુ પોતાની સેંકડો વિંટીઓનો પણ ભોગ આપ્યા વિના રહે નહિ.

રામ—બસકર બશ કર તારૂં ઝાઝુ ટાયલું જવા દે. શું તું મને તેમના જેવો કાચા કાનનો ધારે છે? ના—ના-તે હું નહિ—બીજાનેજ સમજજે. આ રામભાઉ તારા જેવી કુલટા સ્ત્રીના ફંદામાં ફસાઇ પોતાના ઉપકાર કરનારા ઉપરજ અપકાર કરશે? ઉપકારને બદલે ઉપકાર કરવો તો ઘેર રહ્યો

પણ ઉપકારને બદલેજ અપકાર કે ! ના. ના. તેવું કદાપી બનશે નહિ. વળી જે સ્ત્રીએ પોતાના પતિને દગો દીધો, વળી ગોવીંદરામ, વણીક તથા મંનું જેવાને પણ દગો દીધો અને મારી પાસે આવી તે તું મને દગો નહિ દે તેની શું ખાતરી? તારા જેવી—વ્યભીચારીણી–દુષ્ટ નિમકહરામ–દગાખોર-વિશ્વાશઘાતી સ્ત્રીને તો તેના કૃત્ય પ્રમાણે સજા થવીજ જોઇએ. અને હું તે કરીશજ. લે પાપીણી તારા પાપનું ફળ એટલામાં પાછળથી આવી કોઇએ રામભાઉનો હાથ પકડયો અને તે ચમકયો. તરતજ તેણે પાછું વાળી જોયું તો કુસુમને જોયો. તરતજ તે કમળાની છાતીપરથી ઉઠી ગયો અને કટાર ફેંકી દઈ દુર ઉભો.

રંકપ્રસાદને લઇ ગાડી ચાલી તે સુસવાટાબેર હનમાનની નજીક આવી પહોંચી. ગાડી આવેલી તેનું ભાન રામભાઉને તથા કમળાને બીલકુલ હતું નહિ કેમકે તે વખતે તેઓ ખાવાપીવાની મોજમાં હતાં. વળી અહિ કોઈ આવશે તેની પણ તેમને ફીકર હતી નહિ તેથી નિરાંતે બેઠાં હતાં. તે અરસામાં ગાડીને દુર રાખી તેઓ એક નજીકની ગીચ ઝાડીને ઓઠે સંતાઈ બેઠાં જ્યારે છેવટ સુધી વાત ચાલી ત્યારે કુસુમથી જોઇ રહેવાયું નહિ તેથી એકાએક બહાર નીકળી આવ્યો અને રામભાઉએ જેવો કટાર મારવાને હાથ ઉંચો કીધો કે તરતજ તેણે તે પકડી લીધો હતો.

રામભાઉ દૂર જઇ ઉભો અને કુસુમની સાથે વાતો કરવા લાગ્યો તે અરસામાં ઝાડીમાંથી એક પછી એક મનુભાઇ, જમશંકર, રંકપ્રસાદ વગેરે નીકળી આવ્યા. કમળા તેમને જોઇ ઘણીજ શરમાઇ પોતાના નીચ કૃત્યથી પસ્તાવા

લાગી; વળી પોતાનું પોગળ છેક ઉઘાડું પડી ગયું તેથી ગભરાઈ અને પાસે પડેલી પોતાની પોટકીમાંથી એક શીશી કાઢી અને બધાંના દેખતાં ગટગટાવી ગઇ. કુસુમે તે કાઢતાં જોઈ હતી તેથી તેને અટકાવા જતો હતો પણ જયશંકરે તેને અટકાવ્યો અને બોલ્યો—"તે દુષ્ટાને તેની ધ્યાનમાં આવે તેમ કરવા દો." કુસુમને પકડેલો તેથી તે નિરૂપાય હતો. જોતજોતામાં કમળા તે શીશી ગટગટાવી ગઇ. તે શીશી તેણે ઘેરથીજ જાણી જોઇને સાથે રાખી હતી કે કોઈ વખતે તેનો ઉપયોગ કરાય. શીશીમાંથી જે હતું તે પીધા પછી શીશી દૂર ફેંકી દીધી તે મનુભાઇએ ઉપાડી લીધી. ત્યાર પછી તે બોલી—" રામભાઉ-હવે-મને મોતનો જરા પણ ડર નથી-મને મંદભાગીનીને મારા પાપે સપડાવી" તેવામાં રંકપ્રસાદ તેની નજરે પડ્યો. તેના તરફ બોલી-" રંકપ્રસાદ-રંકપ્રસાદ-પાપી તને શું કહું અને ના કહું. મેં તારા ઉપર આધાર રાખ્યો તેથીજ મારી આ દશા થઇ. જો તારી સલાહે ન ચાલી હોત અને મનુની સાથેજ પ્રીતી નિભાવી સંતોષથી બેશી રહી હોતતો મારી આવી અવદશા થાતજ નહિ. પાપી! સઘળાનું કારણ તુંજ છે. જા મુવા પાજી, દુર મર. દોસ્તીના હકમાં તેં તેને વિશ્વાસઘાત કરી તેની છાતીમાં દુઃખ ઉત્પન કર્યું. મારી ત્થા તેની પ્રીતી પણ તેંજ તોડાવી. તું જો વચ્ચમાં ન હોત તો મારે અને તેને કદાપી પણ ઝગડો થાતજ નહિ. તેમજ મને આવી અધમ બુદ્ધિ સુઝતજ નહિ. જા પાપી—દૂરમર. હવેતો મરતી વખતે તારૂ પાપી અને હરામી લુણુ ચોર મોં જોવા ઇછતી નથી."

અને પછી પોતાના પતિ તરફ નજર કરી લીધી પ્રાણનાથ–પ્રાણનાથ—આ રંકદાસીને ક્ષમા કરો. તમે મને સુખ આપવામાં કાંઇ પણ ખામી રાખી નથી. પણ મેં રાંડે તે ઉપર પાણી ફેરવ્યું. તમારા ભોળા મનને મેં ભમાવી ભૂત કર્યું. મેં તમરા ઉપર વિશ્વાસઘાત કર્યો. પણ તે સઘળું મારી બુદ્ધિથી નહિ. આ પાપી રંકપ્રસાદને લીધેજ મેં મારૂં અમૂલ્ય પતિવ્રત તજ્યું અને પતિધર્મથી પતિત થઇ. હાય—હવે—મને કાંઇ સૂઝતું નથી નાથ–નાથ–મને માફ કરો. હું અતિ અપરાધી છું.—મેં મારૂં નામ ડુબાવ્યું છે. કુળને લજાવ્યું. મને ઘણા ઘણા ધિક્કાર છે. પ્રાણનાથ મારા પ્રાણપ્યાર હવે ક્ષમા માગું છું." જયશંકર ત્યાંથી તુરત દુર ગયો ત્યારે મનુ તથા કુસુમ તરફ મોં કરી બોલી–મનુભાઇ મનુભાઇ. મને ક્ષમા કરો. મે આપને અતિશય ઉપદ્રવ કર્યો છે. મેં તમારૂં લુણખાઇ હરામ કર્યું છે પણ તે બધાનું કારણ તે રંકપ્રસાદજ. કુસુમભાઇ તમે પણ મને માફ કરજો–જો મારાથી જાણે અજાણે કાંઇ અપરાધ થયો હોયતો ક્ષમા કરજો. હાય હવે મને પૂણું પસ્તાવો થાય છે. મારૂં મન ઘણુંજ ગભરાય છે. જે સ્ત્રીઓ પોતાનું અમુલ્ય પતિવ્રત પણ તજી વ્યભીચારને વ્હાલો ગણશે તેની મારા જેવી બલ્કે તેથી પણ બુરી દશા થશે.

વ્યભિચાર-વ્યભિચાર–તેંજ મને ખરાબ કરી તારા જેવું અનાચારનું મુળ બીજું એકે નથી. જે કોઇ તેનું સંગી થશે તેની પાયમાલીજ સમજવી, વ્યભિચારના સંગી થવાથી કેટલા કેટલા ગેર ફાયદા થાય છે. એક તો પૈસાના પૈસાની ખુવારી—આબરૂની ખુવારી—તેનો કોઇ વિશ્વાસ કરતું નથી. પોતાના ઘરમાં કોઇ સારો આબરૂદાર પેસવાદે નહિ—તેની સોબત કોઇ કરે નહિ. આવા અનેક અવગુણો વ્યભીચારની સાથે રહેલા છે. જે સુખી થવાની આશા રા-

બે તેણે તો તેનું નામજ નહિ દેવું જોઇએ અને હમેશાં તેનાથી દૂરને દૂરજ રહેવું નહિતો અંતે મારા કરતાં પણ બુરી દશાને પ્રાપ્ત થશે." હા હવે મારાથી બોલાતું નથી. સર્વેને મારા છેલ્લા પ્રણામ છે. મને સઘળા ક્ષમા કરજો—એમ બોલતી બોલતી બેશુદ્ધ થઈ ભોંયપર પડી.

શીશી માંહેથી જે પીધું તે વિષનું પાણી હતું તે તેની નસે નસે વ્યાપી ગયું—તે બેશુદ્ધ થઈ નીચે પૃથ્વીપર પડી—તેના હાથપગ તરફડવા લાગ્યા—શરીર તદન પીળું પડી ગયુ આંખો ઉંચી ચઢી અને તેનો અમર આત્મા પલવારમાં તેનાં કરેલાં કૃત્યુનો જવાબ દેવા શ્રી સરજનહારની હજુરમાં દાખલ થયો.

કુસુમ—મનુ—જયશંકર—રંકપ્રસાદ—રામભાઉ વગેરે તેના શબ આગળ એકઠા થયા. કુસુમની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં અને બોલ્યો—" જ્યારે રામભાઉ પાસેથી બચાવી ત્યારે પોતાના કર્મે મુઇ—લાચાર " હવે તેનું શું કરવું તેના વિચારમાં સઘળા પડયા.

પ્રિય વાંચનાર તેમને હવે વિચાર કરતા રહેવા દઇ કમનશીબ કમળાના શબપર બે આંસુના છાંટા નાખી આપણે આપણી આ નાનકડી વાર્તાનો છેડો આણીએ.

સમાપ્ત.